# પ્રધાનની પ્રતિજ્ઞા.

રૂ. ૯. ૪૧.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

કવિશ્રી ભાસના **प्रतिज्ञायौगन्धरायण** નાટક ઉપરથી

રચી પ્રસિદ્ધ કરનાર

## કેશવલાલ હર્ષદરાય ધ્રુવ,

**અમદાવાદ.**

**लोके हारि हि वत्सराजचरितम् ।**

**रत्ना. प्रिय. प्रस्तावना ।**

આવૃત્તિ ૨, પ્રત ૧૦૦૦. સંવત ૧૯૭૯, સન ૧૯૨૩.

મૂલ્ય પોણો રૂપિયો.



મુદ્રક: **પ્રાણજીવન વિશ્વનાથ પાઠક.**

મુદ્રણસ્થાન: **આદિત્યમુદ્રણાલય, અમદાવાદ.**

शमयित्वास्य विषमयो-

भूतस्य भवस्य सत्तयैव विषम्।

सिञ्चन्त्यै सुखसुधये-

हिमवत्येव गौरि ते प्रीत्या ॥१॥



त्वमसि शरीरं सुन्दरि

संसारे प्रियतमे यशोविद्ये।

तस्मात् तवैव विद्या

यशःशरीरं मदीयं यत् ॥२॥

---

गृहभङ्गात् समुद्रमथनाच्च संभूतं दुःखं हालाहलं च त-देवात्र विषम्। भवः संसारः शिवश्च। गौरी गौरवपुः पार्वती च। यशोविद्याभिधानेन संबोध्या पत्नी यशश्च विद्या चोद्देश्यभूते। प्रियतमे इति विशेषणं संबोध्योद्देश्ययोः समानम्। विद्याः जानीयाः। विद्याशब्दश्चोत्तरपदभूतेन यशःशब्देन समस्तो ज्ञानार्थः।

Life's cup turned bitter, poisoned, nay,
  Thy nectared sweetness has made sweet.
So with a loving heart I lay
  This grateful present at thy feet.

My second self, on earth as dear
  To me as *learning* and *good name*,
My very self! Do thou for e'er
  Live in my body of fair fame.

# મિતાક્ષરી.

( આવૃત્તિ ૧ )

**પ્રધાનની પ્રતિજ્ઞાનો** આ બીજો જન્મ છે[૧]. પૂર્વે ગદ્યભાગ મૂળ પ્રમાણે માપ વિનાના ગદ્યમાં અને પદ્યભાગ સમરૂપ પદ્યમાં રચ્યો હતો. હવણાં માપ વિનાના ગદ્યને માપમાં ગોઠવ્યું છે. મૂળ ગદ્યની પેઠે અનુવાદની માપવાળી વાણી પાઠ્ય જ રહે, એ હેતુથી મેં [૨]વનવેલીનો ઉપયોગ કર્યો છે. ચતુરક્ષર સંધિના એ અક્ષરબંધ સિવાય ચતુર્લવ સંધિનો કાલબંધ[૩] પણ ત્રીજા અંકમાં યોજ્યો છે. એ અક્ષર-બંધ અને કાલબંધ બંને સંવાદના કારણથી પદ્યરચનાની કોટિમાં આવે છે. પરંતુ તેમની એકે એક પંક્તિ કાવ્ય છે એમ હું કહેવા માગતો નથી. ચતુર્લવ જોડકણું તો નામ પ્રમાણે જોડકણું જ છે. એનો બંધ નવો નથી. વનવેલી પણ કવિતનો પરિચય ધરાવનારને છેક નવીન નહિ જણાય. તેમ છતાં, તેનો સંવાદ હૃદયમાં કદાચિત ન ઊતરે, તો ગદ્ય તરીકે વાંચતાં વાંધો નહિ આવે. કેમકે વાક્યરચનાએ અને પદ્યરચનાએ ઉભયથા વનવેલી પાઠ્ય જ છે.

[૪]રૂપબંધ અને [૫]માત્રાબંધના છંદોમાં પૂર્વે મેં લઘુનો ગુરુ અને ગુરુનો લઘુ કરવાની છૂટ લીધી હતી. આ આવૃત્તિમાં તેનો મોટે ભાગે ત્યાગ કર્યો છે[૬]. અસલ રચનાની કાયમની નિશાની તરીકે માત્ર **જૂજ** છંદ મૂળ સ્વરૂપમાં રહેવા દીધા છે.

૧ **વીસમી સદી**માં આ નાટકનો અનુવાદ પ્રથમ છપાયો હતો. ૨ વનવેલીના સ્વરૂપ બાબત **સત્યવાદ અને પક્ષવાદ**ને આરંભે આપેલો ટૂંકો નિબંધ જોઈ જવા વાંચનારને વીનતી છે. ૩ અક્ષરનું સ્વતઃસિદ્ધ માપ ન લેખવી તે જેટલા વખતમાં બોલાય તેના ધોરણે તેનું માપ ગણી કરેલી પદ્ય-રચના, તે કાલબંધ. એના માપના એકમને મેં લવ નામ આપ્યું છે એ એકમનું કાલમાન એક માત્રા જેટલું છે. ૪ લઘુ ગુરુના આધારે જે છંદ રચાય તે; જેવા કે વૈશ્વદેવી, માલિની, શાર્દૂલવિક્રીડિત. ૫ માત્રાના આધારે જે છંદ રચાય તે; જેમ કે આર્યા. ૬ જુઓ **મધ્યમ નાટકના** 'બે બોલ'

વર્તમાન આવૃત્તિ તૈયાર કરતાં સંસ્કૃત મૂળ પણ ધ્યાનપૂર્વક જોઈ ગયો છૂં. **बृहत्कथासंग्रह**[૭] અને **वीणावासवदत्त**ની સહાયતાથી વસ્તુ તેમ જ વાચના નિર્ધારવા જેટલૂં બની શક્યૂં તેટલૂં કર્યૂં છે. સંગૃહીત વસ્તુ કલ્પનામિશ્રિત નહિ, પણ કેવળ ઐતિહાસિક છે. તે ઉપોદ્ઘાતમાં સ્પષ્ટ કરી બતાવ્યૂં છે. વળી આલંકારિક ભામહના વાક્પ્રહારનૂં લક્ષ્ય **प्रतिज्ञायौगंधरायण** નથી, પણ અસંભવ અને અત્યુક્તિની પાંખથી ઊડનારી અદ્‌ભુત લોકકથા છે, એ વિશે પણ સંક્ષિપ્ત વિવેચન કર્યૂં છે. પ્રસંગવશાત્ **वीणावासवदत्त**નો નિર્માણકાળ પણ વિચાર્યો છે. નાટકની વાચના અને વત્સરાજનો ઇતિહાસ—ઉભય પ્રદેશ આજ પર્યંત અક્ષુણ્ણ રહેલા છે, તેમાં આ પહેલવહેલો પગદંડો છે. માર્ગ બહુ જ કંટકવાળો અને [૮]દિગ્‌ભ્રમ ઊપજાવનારો છે. કાંટા દૂર કરવા અને દિશા આંકવા ઉપોદ્ઘાત અને ટિપ્પણીમાં પ્રયત્ન કર્યો છે. અનુવાદક ભોમિયો હોવાનો દાવો કરતો નથી. તેમ છતાં જે કંઇ કહેવામાં આવ્યૂં છે તેના ખરાખોટાપણાની જવાબદારી તે પોતાને માથેથી કાઢી નાંખવા પણ માગતો નથી. જે વાવે તે જ લણે અને જેવૂં વાવે તેવૂં લણે, એમાં શો સંશય ?

( આવૃત્તિ ૨ )

ભાસને સિદ્ધ થયેલી સરસ્વતીનૂં આ પુનર્દર્શન બહુકૃત આરધનાનૂં ફળ છે. એ દિવ્ય કુમારિકા પ્રત્યે કુમારવર્ગનો ભક્તિભાવ બન્યો રહો અને તેઓ એની તુષ્ટિપુષ્ટિ મેળવી કૃતાર્થ થાઓ ! પ્રસંગ સર પર્ણકુટી સમારી વનવેલીનાં ડાળાંપાંખડાં મેં સુવ્યવસ્થિત કર્યાં છે.

૭ પૈશાચી **बृहत्कथा**ના બુધસ્વામીએ રચેલા આ સંક્ષેપને સાધારણ રીતે **बृहत्कथाश्लोकसंग्रह** કહે છે. ૮ જુઓ **मन्त्राङ्क**ની બે અર્થ ઊપજાવવા મથતી **व्याख्या**.

# ઉપોદ્‌ઘાત.

## ઐતિહાસિક નાટકોનું જોડકું.

સંસ્કૃત નાટકકારોમાં ભાસ કવિ ઊંચું સ્થાન ધરાવે છે; અને **प्रतिज्ञा-यौगन्धरायण** તેનાં પ્રસિદ્ધ ઉત્તમ નાટકોમાંનું એક છે. એ અને સુપ્રસિદ્ધ **स्वप्नवासवदत्त** એના નાટકચક્રના યોગતારક છે. એ બે મળી **महावीरचरित** અને **उत्तररामचरित** જેવું એક જોડકું બને છે. એમાં ઇસિવી સન પૂર્વે પાંચમા સૈકાના મધ્ય ભારતનો ઇતિહાસ સમાયો છે. વત્સદેશનો ઐલવંશી ઉદયન તેનું સૂચિત મહત્ત્વનું પાત્ર છે. એની જીવનકથા કવિતાના વિવિધ રંગે રંગાયલી છે. વાસવદત્તાનું હરણ અને પદ્માવતીનું પાણિગ્રહણ ઐતિહાસિક છતાં કાવ્યકથા જેવાં ચમત્કારક છે. મૂલભૂત વસ્તુ પાછળથી રચાયલી અદ્‌ભુત વાર્તાઓ કરતાં વધારે હૃદયંગમ છે. પહેલો પ્રસ્તાવ **प्रतिज्ञायौगन्धरायण** નો વિષય છે. એમાં આધિકારિક વસ્તુના વિશિષ્ટ નિરૂપણ ઉપરાંત અનેક પૌર્વકાલિક પ્રસંગની આડીઅવળી ઉપરટપકે નોંધ છે. ઇતિહાસ ક્રમબદ્ધ જાણવા જેવો છે.

### સંક્ષિપ્ત વૃત્તાંત.

ત્રિવેણીસંગમથી ઉપલાણમાં આશરે અઢાર કોસ ઉપર યમુના નદીના ઉત્તર કાંઠે હાલ કોસમ કરીને ગામ છે. એના પાડોશમાં એક વિશાળ પુરાણું ખંડેર છે. તેની આસપાસ માટીનો જંગી કોટ છે. તેની દીવાલ આજુબાજુની જમીનથી વીસ પચીસ હાથ ઊંચી છે. કોટની ઉત્તર બાજુ ત્રણ હજાર, દક્ષિણ ચાર હજાર, પૂર્વ પાંચ હજાર અને પશ્ચિમ ત્રણ સાડાત્રણ હજાર હાથ લાંબી છે. ખંડેરનો નૈર્ઋત્ય ખૂણો નદીના ધસારાથી ધોવાઈ ગયો જણાય છે. બચેલા કોટમાં વચ્ચે વચ્ચે કોઠા છે. તે કોટની દીવાલથી બહુ તરતા છે. ઉત્તર તરફ તેમની ઊંચાઇ ચોતરીસ અને નૈર્ઋત્ય તથા વાયવ્ય દિશા તરફ ચાળીસ હાથથી પણ વધારે જોવામાં આવે છે. કોટના ખંડેરનો ઘેરાવો લગ-

ભાગ સવાળે કોસ છે. એની આસપાસ સૂકા ભાગમાં અસલ ખાઇ હશે; અત્યારે તો તે પૂરાઈ ગઈ છે. એ ખંડેરમાં એક મોટો શિલાસ્તંભ જોનારની દૃષ્ટિ ખેંચે છે. તેના ઉપર મહાન અકબરના સમયનો લેખ છે. એમાં એ ઉજ્જડ પડેલા શહેરનૂં નામ કોતરેલૂં મળી આવે છે. પાસેનૂં કોસમ ગામ પણ પોકારી કહે છે કે બ્રાહ્મણનાં પુરાણમાં જૈન તથા બૌદ્ધની ધર્મકથામાં અને અદ્દ્‌ભુત લોકવાર્તામાં જાણીતી કૌશાંબી નગરી તે અહીં હતી[૯].

આ પુરાતન નગર ઐલ વંશના કુશાંબ રાજાએ વાસ્યૂ[૧૦] હતૂં. ગંગાની ભારે રેલમાં હસ્તિનાપુર તણાઈ ગયૂં, ત્યારે અર્જુનથી આઠમા પુરુષ ચક્રે કુશાંબના શહેરને પાટનગર ઠરાવ્યૂં, ત્યારથી માંડીને, ચક્રવર્તી નંદે રાજસત્તાક, ગણસત્તાક, અને સંઘસત્તાક વિવિધ અન્ય રાજ્યોનો અંત આણ્યો ત્યાં સુધી, કૌશાંબી જ ઐલવંશી રાજાઓની રાજધાની હતી. વત્સદેશનૂં મુખ્ય શહેર હોવાથી તેનૂં બીજૂં નામ વત્સપત્તન પણ જાણવામાં છે. એ નગર શ્રાવસ્તિ, ઉજ્જયિની, રાજગૃહ, તક્ષશિલા વગેરે માલવ સંવત પહેલાંના પાંચમા છઠ્ઠા શતકનાં પ્રસિદ્ધ નગરો સાથે વ્યવહારના ધોરી માર્ગોએ જોડાયલૂં હતૂં. ગંગાની સહચરી

૯ ચીનાઇ યાત્રાળુ યવનચંગે કૌશાંબીનો ઘેરાવો ત્રીસ લી એટલે પાંચ માઇલ લખ્યો છે. યમુનાના ધસારાથી ખવાઈ ગયેલો અર્ધ માઇલ પૂર ભાગ ગણતરીમાં લેતાં ખંડેરનો હાલનો વિસ્તાર એ માપ સાથે મળતો આવે છે. ખંડેરની હકીકત Cunningham's Ancient Geography of India માંથી લીધી છે. ૧૦ કુશાંબને પુરાણોમાં પુરૂરવાથી દસમો પુરુષ કહ્યો છે. વાનપ્રસ્થ અવસ્થામાં એ, હાલ કોશાંબીનૂં ખંડેર છે, ત્યાં આશ્રમ બાંધીને રહ્યો હતો; જુઓ અશ્વઘોષકૃત **सौन्दरनन्द ।१।५८। ककन्दस्य मकन्द**(sic. **मृकण्ड**)**स्य कुशाम्बस्येव चाश्रमे । पुर्यो यथा हजायन्त तथैवं कपिलस्य तत् ॥**. એ સ્થળ આબાદ થઈ શહેરરૂપે વિસ્તાર પામ્યૂં, તે જ કૌશાંબી.

યમુનાને કાંઠે વસેલું હોવાથી કાશી વૈશાલી મગધ અને વંગ દેશ સાથે એને નૌસાખ્ય સંબંધ હતો. મનુષ્ય અને વાહનને નદી ઓળંગવી સરળ પડે, તેટલા માટે યમુના ઉપર વહાણનો પૂલ પણ હતો[૧૧].

વત્સદેશમાં અનેક ઐલવંશી રાજાઓ થઈ ગયા છે. પણ તેમાં વત્સરાજ ઉપનામથી પ્રસિદ્ધ તો એક જ છે, ઉદયન. પુરાણમાં એને અર્જુનથી પચીસમો પુરુષ કહ્યો છે. તે મુકુટધારી થયો, ત્યારે તેને તાજો જ મૂછનો દોરો ફૂટયો હતો. તેની કાંતિ જન્મથી કંદર્પના પિતા થવાને યોગ્ય હતી, તેનો યૌવને ઓર વિકાસ કર્યો હતો. અસ્ત્ર-શસ્ત્રના ઉપયોગથી એનો બાંધો સુદૃઢ અને સુઘટિત બન્યો હતો. તેનું હૃદય વ્હાલસોયું અને રસજ્ઞતાથી ભરપૂર હતું. તેણે ગાંધર્વવિદ્યામાં એવી તો અપૂર્વ કુશળતા મેળવી હતી, કે એની વીણાના નાદથી તે ગમે તેવા ઉન્મત્ત હાથીને વશ કરતો હતો. એ રાજા વર્ણાશ્રમનું રક્ષણ કરી પ્રીતિથી પ્રજાનું પાલન કરતો હતો. ગુણથી રીઝી પ્રજા પણ રાજાને સંપૂર્ણ ચ્હાતી હતી.

પ્રજાની અનન્ય ભક્તિથી નિશ્ચિંત થયેલા રાજાનું નવા વિજય તરફ ચિત્ત વળ્યું. યૌવન એ પરાક્રમની ફૂલવાડી છે. એ ભૂમિમાં સાહસના અંકુર પાંગરે છે, પાલવે છે અને પોષણ પામી ફાલે ફૂલે છે. નવજવાન ઉદયને વત્સરાજની દક્ષિણે આવેલો ચેદિદેશ ચડાઇ કરી જીતી લીધો[૧૨].

અંતર્વેદિના ઊગતા તારાનો ચમકારો અવંતિના પ્રદ્યોતની આંખમાં ખટકયો. તે એના જમાનાનો મહા સાહસિક રાજા હતો. એની વિજયશાળી સેનાનું અક્ષૌહિણીએ લેખું થતું હતું, જેને લીધે

---

૧૧ જુઓ बृ.क.सं. ।૮।૨૨૨।૨૯. ૧૨ बृ.क.सं. ।૬।૫।માં चेदिवत्सनું સંયુક્ત રાજ્ય કહ્યું છે, તે આધારે નોંધ કરી છે.

તે મહાસેન ઉપનામથી ઓળખાતો હતો. એણે સિંધુ સૌવીર મત્સ્ય પાંચાલ શૂરસેન વગેરે દેશ પર સવારી લેઈ જઈ તે તે દેશપતિને નમાવ્યા હતા. ચેદિદેશના જીતનાર ઉપર પ્રતાપ બેસાડવા એની સેનાનો સમુદ્ર ઊલટ્યો. સામા આવી વત્સરાજે તેને અસ્ત્રશસ્ત્રથી વધાવી લીધો. રણસંગ્રામમાં ભેટાભેટ થતાં નીલમેઘ ઉપરથી ઉદયને નલાગિરિ ઉપર બિરાજેલા પ્રદ્યોતના રત્નજડિત ટોપ ઉપર ભાલાનો એવો તો સચોટ વજ્રપ્રહાર કર્યો, કે અવંતિરાજને અંધારાં આવી ગયાં. ઐલવંશી રાજાએ બેશુદ્ધ થતા પુરુષ પર ઘા કરવાનું યોગ્ય ન ધાર્યું. યુદ્ધમાં મૂર્છા પામેલા રાજાને લેઈ અવંતિની અક્ષૌહિણી વત્સદેશમાં પગ પણ મૂક્યા વિના સરહદથી જ પાછી વળી.

વત્સરાજના વિજયથી મહાસેનના અમાત્ય ભરત રોહકના મનમાં ભારે ગ્લાનિ પ્રગટી. રણમાં થયેલા પરાભવની અપકીર્તિ ધોઈ નાંખવાને તેણે ન જીતાયલા પ્રતિપક્ષીને છળથી વશ કરવાનું વિચાર્યું. એક વાર એકાંતમાં તેણે લાગ જોઈ મહાસેનને વિજ્ઞાપના કરી, કે પૃથ્વીનાથ! આજ્ઞા આપો, તો વત્સરાજને હું હાલહાલ બાંધી લાવું. સ્મિતહાસ્ય કરી પ્રસન્ન મુખથી રાજાએ તેને પૂછ્યું:—અમાત્યજી! તમે શો ઘાટ ઘડવા ધારો છો? પ્રધાને વિનયથી ઉત્તર આપ્યો:—આપણા નાગવનનો પાળેલો કદાવર હાથી છે, તેને આ [13]ગ્રીષ્મમાં છેવાડી મલ્લિક અને સાલની કુંજમાં છૂટો મૂકીશું. એટલે એ ભવ્ય હાથીની ભાળથી લોભાઈ વત્સરાજ તેને વીણાથી વશ કરવા આવશે. તેને ઝાડીમાં સંતાડી રાખેલા આપણા સુભટો ઘેરી લેશે અને હાથપગ બાંધી ઉજ્જયિની લેઈ આવશે. અવંતિરાજે ભરત રોહકની યોજના ધ્યાનથી સાંભળી અને સ્વીકારી; કેમકે તેના મનમાં

---

૧૩ કૌટિલીય **अर्थशास्त्र**માં હાથી પકડવાની મોસમ ગ્રીષ્મ કહી છે; જુઓ **कौ.अ.शा. ।पृ.३६। ग्रीष्मे ग्रहणकालः ।.** આથી મેં ગ્રીષ્મનો નિર્દેશ કર્યો છે.

પણ એ જ વિચાર કેટલોક વખત થયાં ઘોળાયા કરતો હતો. તેને વાસવદત્તા નામે એક કુંવરી હતી, તે પરણવા જોગ થઈ હતી. અનેક દેશના રાજાએ તેનૂં માગૂં કરતા હતા. પણ રાણી અંગારવતીનૂં મન વત્સરાજમાં ચોટચૂં હતૂં. તે ઘણી વાર રાજાને કહી ચૂકી હતી, કે કોઇ પણ પ્રકારે કુંવરીને વત્સરાજ વર મળે તો ઠીક. તેની વાત મહાસેને કાને ધરી ન હતી. પરંતુ જ્યારથી તેણે વત્સરાજનૂં પરાક્રમ નજરે જોયૂં ને જાતે અનુભવ્યૂં, ત્યારથી તેના મનમાં પણ વત્સરાજને જ કુંવરી દેવાનો ગ્રહ બંધાયો. પરંતુ પોતે તો નવો રાજા થયેલો હતો અને ઉદયન તો જગજૂના ઐલ કુળમાં જન્મ્યો હતો. કુલીનતા અને કીર્તિમાં એની સમોવડીનો એક પણ રાજવંશ હતો નહિ. અતિ પ્રાચીન ઐક્ષ્વાકુ વંશ સિદ્ધાર્થે અને રાહુલે યતિધર્મ સ્વીકાર્યાથી ઉચ્છિન્ન થયો હતો. ભારત યુદ્ધના સમયના બાર્હદ્રથ વંશનો તો દોઢસો વરસ ઉપર કાશીના શિશુનાગે અંત આણ્યો હતો. મહા કુળવાન ક્ષત્રિય આજકાલના [14]બ્રાહ્મણ રાજાની કુંવરી ન પણ સ્વીકારે. વળી તે તે દેશથી આવેલાં માગાંનો ઉઘાડો અનાદર કરવામાં વૈર ઉભૂં થવાનૂં જોખમ પણ હતૂં. એ મૂઝવણમાં ઉદયનને છળથી ઉજ્જયિની આણવાની વાત નીતિનિપુણ મહાસેનને ગમી. વત્સરાજ અને વાસવદત્તા સમાગમમાં આવશે એટલે આપોઆપ પ્રેમની ગ્રંથિએ ગંઠાશે, એવા આશયથી રાજાએ સેનાપતિ શાલંકાયનને અમાત્યની યોજના અનુસાર વત્સરાજને જીવતા પકડી લાવવાનો હુકમ કર્યો.

હાથીને વશ કરનારને ઉત્તમ હાથીથી લોભવીને પકડવાની યોજના ફતેહમંદ નીવડી. કોઇ પ્રચંડ નીલગજે રાજ્યના દક્ષિણ સીમાડા ઉપર દેખા દીધા છે, એવી ભાળ મળતાં વાંત વત્સરાજ એને પકડવાને નીકળી પડચો. અમાત્ય યૌગંધરાયણે તપાસ કરવા સારૂ હેરુઓ મો-

૧૪ જુઓ **बृ.क.मं.** ।૨।૨૯।. વળી પ્રદ્યોતના પિતાનૂં નામ શૌનક પણ બ્રાહ્મણ વર્ણનૂં દ્યોતક છે.

કર્યા હતા, તે વળી આવતા સુધી પણ તે થોભ્યો નહિ. અવંતિરાજયના નાગવનમાં પ્રવેશ કરતાં એક વનચરે આવી વધામણી ખાધી, કે પાસેની મલ્લિક અને સાલની કુંજમાં નીલગજ સુખે ઊભો છે. તે ભરત રોહકનો છૂપો જાસુસ હતો. તેની પાછળ વત્સરાજ વીસ જ સુભટ સાથે રાખી બતાવવામાં આવેલી ગીચ ઝાડીમાં ગયો. અહીં અવંતિના સુભટોની તુકડી સહિત શાલંકાયન તેની વાટ જોતો જ છૂપાઈને બેઠો હતો, તેણે વત્સરાજની ન્હાનકડી ટોળીને ઘેરી લીધી. અવંતિના સુભટો સંખ્યામાં બહુ વધારે હતા. તેની સાથે ઝપાઝપીમાં વત્સરાજના ઓગણીસ સુભટ કપાઈ મુઆ; અને રાજા પણ અનેક પ્રહારથી બેશુદ્ધ થઈ ધરણી ઢળ્યો. એ મૂર્છિત અવસ્થામાં તેને ઊપાડી શાલંકાયન ઉજ્જયિની લેઈ ગયો. એ વખતે એક વત્સસુભટ જે જીવતો રહ્યો હતો, તે સ્વામી સાથે ઉજ્જયિની જવાનું કરતો હતો. તેને સેનાપતિએ અટકાવ્યો, અને સમાચાર પ્હોચાડવાને મિષે કૌશાંબી વળાવી દીધો. કેમકે મહાસેનની ફરમાશ હતી કે વત્સરાજને એકલો જ આણવો.

પકડાયલો રાજવંશી કેદી મહાસેનની આજ્ઞા અનુસાર કુમારની સવારીના રસાલાથી ઠાઠ ભેર દરબારગઢમાં આણવામાં આવ્યો. એને સખત ઘા લાગ્યા હતા, તે જાણી મહાસેનને બહુ ખેદ થયો. તેની સારવારનો યોગ્ય બંદોબસ્ત કરી રાજાએ, તેનું માન જળવાય એવી રાજવંશી ગોઠવણથી, તેને કારાગ્રહમાં રાખવા હુકમ કર્યો. ભરતખંડની એ ઉદાર નીતિના જ ધોરણે પુરુષપુરના કેદ પકડાયલા રાજાએ પોતાની રાજા તરીકે સરાહગત કરવાની વિજયી સિકંદર પાસે માગણી કરી હતી.

શાલંકાયને ખસતો કરેલો વત્સસુભટ ભગ્ન હૃદયે કૌશાંબી જઈ પ્હોચ્યો, તે વખતે અમાત્ય યૌગંધરાયણને મહાસેનના પ્રપંચની બાતમી મળી ચૂકી હતી; અને તે રાજાજીને વેળા સર ચેતાવવા હલકારો

દોડાવતો જ હતો. એ પળે વત્સરાજ દુશ્મનના હાથમાં પડ્યાની ખબર થઈ, એટલે તેની તૈયારી નકામી નીવડી. મળેલા માઠા સમાચાર લાચારીથી રાજમાતાને મોકલાવી અમાત્યે નાગવનથી આવનાર સુભટને પૂછ્યું, કે રાજાજીએ તમને છૂટા પડતાં કંઇ કહ્યું હતું? તેણે જવાબ દીધોઃ–યૌગંધરાયણને મળવું, એટલી જ મને શ્રીમુખની આજ્ઞા હતી. એ જ ક્ષણે દીકરાને છોડાવી લાવવા રાજમાતા વૈદેહીજીનો પણ સંદેશો આવ્યો. પોતાના ઉપર ભારે ભરૂસાને લીધે ઊપજેલા અભિમાનના આવેશથી અને રાજભક્તિથી ફૂલેલા હૃદયે પ્રધાને પ્રતિજ્ઞા લીધી, કે રાજાજીને છોડાવું તો જ હું યૌગંધરાયણ.

પછી રાજકારભાર રાજમાતાના હાથમાં રાખી ઇષ્ટ સિદ્ધિને અર્થે અમાત્ય યૌગંધરાયણ કૌશાંબી છોડી નીકળ્યો. સેનાપતિ રુમણ્વાન, નર્મસચિવ વસંતક અને બીજા વિશ્વાસુ રાજપુરુષો પણ તેણે સાથે લીધા. વેષ બદલી સહુ જુદે જુદે મારગે ઉજ્જયિની ગયા. રાજાને છોડાવવાની ગોઠવણ કરવા, કોઇને વ્હેમ ન આવે એવા ગાંડાના વેષમાં યૌગંધરાયણ શહેરમા રહ્યો. ઉજ્જયિનીથી કૌશાંબી સુધીના માર્ગના બંદોબસ્ત સારૂ રુમણ્વાન નવસ્ત્રા જૈન યતિના વેષમાં બહાર રહ્યો. સંદેશા લાવવા લેઈ જવા દંડધારી બ્રહ્મચારીના વેષમાં વસંતક ફરતો રહ્યો.

યૌગંધરાયણે જોયૂં કે બેડીઓ છૂટ્યા વગર અને હાથી પલાણ્યા વગર વત્સરાજ ભાગી શકે નહિ. આથી તેણે ગજશાળાનાં માણસને ફોડ્યાં અને મહાસેનની સવારીના હાથી નલાગિરિને ઔષધોપચારથી ગાંડો બનાવવાનો પ્રયોગ સાધ્યો. તેણે વિચાર્યૂ કે નલાગિરિ ગાંડો થઈ બંધન તોડી નાસશે, તો વત્સરાજ સિવાય કોઇ તેને વશ કરનાર નથી, તેથી મહાસેન પોતે જ તેમનો બંધનમુક્ત કરી હાથી વશ કરવાનું કહેશે. તે વખતે ઘોષવતી માગી લેઈ ગાંધર્વવિદ્યાના બળે મસ્ત નલાગિરિને શાંત પાડી વત્સરાજ સવાર થઈ સુખે નાસી શકશે. એક કાંકરે બે પક્ષી પાડવા જેવી રાજાના છૂટકારાની અને હસ્તિરત્નના

અપહરણની આ તદબીર રચી તેણે વસંતક માર્ફત વત્સરાજને ખબર કરી. અમાત્યની યોજના રાજાને પૂરેપૂરી પસંદ પડી. પ્રયાણનો દિવસ નક્કી કરવામાં આવ્યો અને રુમણ્વાન રાજાની પૂંઠ પૂરવા સજ્જ થઈ રહ્યો. બધી તૈયારી કરી રાખી યૌગંધરાયણ નિર્ધારેલા દિવસની વાટ જોતો હતો, એટલામાં એક નહિ ધારેલો બનાવ બન્યો; તેને લીધે બાજી પલટાઈ ગઈ.

ગ્રીષ્મની સખત ગરમીથી ત્રાસી દરોગાની રજાથી વત્સરાજ કારાગૃહના દ્વાર આગળ એક સવારે ખુલ્લી હવામાં ઊભો હતો. તેનું મન અત્યારે કૈશાંબીમાં રમતું હતું. પોતે જાણે ઉજ્જયિનીથી નાસી છૂટી રાજધાનીએ જઈ પ્હોંચ્યો છે અને સુયામુન મહેલ પાસે ઘાટ ઉપર ઊભો છે. મ્હો આગળ થઈને જમુનાજી સામળા ઊંડા વહેણથી વહી રહ્યાં છે. સામે કિનારેથી વેણુવનમાંથી આવતા વાયુની વાંસળીના આછા મીઠા સુર સંભળાય છે. તે જાગૃતિનું ઇંદ્રજાળ એ મુગ્ધ બની અનુભવી રહ્યો હતો, એટલામા પડદા વગરની એક પાલખી કુમારીપુર બણીથી આવી. તેમાં રાજકુમારી વાસવદત્તા બેઠી હતી. તે દિવસે આઠમ હોવાથી કુંવરી અવંતિસુંદરીનાં દર્શને જતી હતી. પાલખીવાળા કાંધ બદલવા કારાગૃહના દ્વાર આગળ થોભ્યા; એટલે ઉદયન સ્વપ્નમાંથી ઝબકીને જાગ્યો. તેની દૃષ્ટિ રાજકુમારી ઉપર પડી અને ત્યાં જ ઠરી રહી. પાલખી ચાલી ગઈ, પણ વાસવદત્તાની મૂર્તિ તો તેના હૃદયમંદિરમાં હમેશને માટે સ્થાપિત થઈ. તે ઘડીથી સુયામુન વીસરી જવાયો અને કારાગૃહ થયું ક્રીડાગૃહ.

વત્સરાજને શુદ્ધિમાં આણવા વસંતકે ઘણું એ કર્યું, પણ વાસવદત્તા ઉપરનો એનો મોહ તે ટાળી શકયો નહિ. હારીને તેણે બધી હકીકત યૌગંધરાયણને નિવેદન કરી. અણધાર્યા વિઘ્નથી નાહિમ્મત ના થતાં સાહસિક અમાત્યે સાથે સાથે વાસવદત્તાનું હરણ કરવાની પણ પ્રતિજ્ઞા લીધી. એને ખબર ન હતી, કે મહાસેન પણ એ જ

અર્થની સિદ્ધિ માટે મંડી રહ્યો હતો. રેવાજીના સામસામા તટે પરિક્રમણ કરનારા યાત્રાળુનું ધ્યેય એક હતું.

બીજે દહાડે પ્રથમથી કરી રાખેલા બેત મુજબ નલાગિરિ સ્તંભ અને સાંકળો તોડી નાઠો. તેણે કંઇક નીચાં ઘર કચરી નાંખ્યાં, કંઇક છાપરાં ઊડાડી દીધાં, કંઇક છજાં તોડી પાડયાં અને કંઇક નિષ્કુટો નષ્ટ કીધા. નાસભાગ કરતા પૌરોએ ખૂમરાણ કરી મૂકયું. સારા શહેરમાં હાહાકાર વર્તી રહ્યો. કોની માએ શેર સૂંઠ ખાધી હોય, કે મસ્તાન હાથીના સામો થાય? ઉત્પાત શમાવે એવો એક જ નર હતો, વત્સરાજ. તેને મહાસેને બંધનથી મુક્ત કરી નલાગિરિને વશ કરવા કહ્યું; અને ઘોષવતી વીણા જે કુમારી વાસવદત્તાને હવાલે કરી હતી. તે પણ મગાવીને આપી. એ વીણાના મોહક સ્વરે હાથીનો ઉન્માદ શમ્યો અને તે ડાહ્યોડમરો થઇ વત્સરાજનો દોર્યો દોરાઇ હાથીથાનમાં ગયો.

ઘોષવતીના બજવૈયાનાં સારા શહેરમાં વખાણ થઇ રહ્યાં. એની પ્રવીણતાની ખ્યાતિ સાંભળી વૈતાલિકી ઉત્તરાની રાજવંશી શિષ્યાએ એના પાસે વીણા શીખવાની માગણી કરી. મહાસેને વીનવ્યાથી મોહબદ્ધ વત્સરાજે વીણાચાર્ય થવાની હા પાડી. એટલે રાજાએ કુંવરી ઉદયનને સોંપી.

વાસવદત્તાએ વત્સરાજ પાસેથી વાદ્યકળા તો પૂર્ણપણે પ્રાપ્ત કરી, પણ સાટામાં તે હઇયું ખોઇ બેઠી. એમાં એનો કંઇ વાંક ન હતો. મહાસેન જાણતો જ હતો, કે એ બે એક બીજાને જોશે તેની સાથે જ પ્રેમના પાશમાં પડશે. તારે તાર મિલાવી સુરે સુર મિલાવી આંખે આંખ મિલાવી રસિક જોડું નિર્દોષ વિનોદમાં કાળ નિર્ગમન કરતું હતું. એ સહવાસમાં તેમના શ્વાસે શ્વાસ ઘેરાઇ જીવે જીવ મળી ગયા. એટલે ભાગી ન જતાં પોતાની ખાતર અવંતિમાં રહેનાર વત્સરાજ સાથે વાસવદત્તા અવંતિ છોડી કૌશાંબી જવા તત્પર થઇ.

યૌગંધરાયણે બંનેને નસાડવાની તજવીજ કરીજ રાખી હતી. કૌશાંબીના એક છૂપા જાસુસના હવાલામાં વાસવદત્તાની હાથણી ભદ્રવતી હતી, તેને મોટે પરોડિયે હાથણી સજ્જ રાખવાનું કહાવી મૂકયૂં હતું. જે નાકેથી નીકળવાનૂં હતૂં ત્યાંનો દરવાન કૌશાંબીનો રાજદૂત હતો, તેને પણ જાગૃત રહી દરવાજો ઉઘાડી આપવા કહેણ મોકલ્યૂં હતૂં. માર્ગના બંદોબસ્ત માટે સેનાપતિ રુમણ્વાનને પણ વખત સર સંદેશો કહાવ્યો હતો. એ ગોઠવણુને લીધે ઉજ્જયિનીમાં નગરવાસીઓ જાગ્યા તે પહેલાં તો હાથણીનાં મોટાં પગલે અને પ્રચંડ વેગે કેટલા એ કોસ વત્સરાજ ને વાસવદત્તાએ વટાવી દીધા. જોતજોતામાં અવંતિ પાછળ મૂકી તેમણે વિંધ્યાટવી પણ પસાર કરી. સરહદનાં વનો તો તેમણે ખેતરવા લેખવ્યાં. જોતજોતામાં વેણુના ઘાટે થઈ જમુનાજી ઓળંગી રાજારાણી રાજધાનીમાં દાખલ થઈ ઊગર્યાં. ઝુર્યાં કરતી પ્રજાએ તેમને હર્ષનાદથી વધાવી લીધાં. જે દરવાજે ભદ્રવતી શહેરમાં પેઠી, તે ભદ્રવતીદ્વાર કહેવાયો[૧૫], અને વાસવદત્તાના હરણમાં પરિણામ પામનારા પ્રસંગના સંભારણામાં તે દિવસથી નાગવનયાત્રા એવા નામે મહોત્સવ પણ ચાલતો થયો[૧૬].

વાસવદત્તાના હરણથી મહાસેનને મનમાં ઘણો જ આનંદ થયો. એનો ગૂઢ સંકલ્પ અદ્દ્ભુત રીતે પાર પડ્યો, તેથી તેને પરમ નિર્વૃતિ થઈ. પરંતુ અમાત્ય ભરત રોહક રાજાની અંતર્વૃત્તિનો અજાણ્યો હતો. મહાસેનનો મહા મંત્ર મંત્રીના લક્ષમાં ન હતો. તેથી રાજકુમારીના હરણના સમાચાર પ્હોચતાં તે અત્યંત ફિકરાઈ ગયો અને નાસેડુની પૂંઠ પકડવા તત્પર થયો. તેને રોકવા યૌગંધરાયણ અને તેના સાથીઓ તૈયાર જ હતા. જે દરવાને વત્સરાજને દરવાજો ઉઘાડી આપ્યો હતો, તેણે જ તે બંધ કરી દીધો અને અવંતિની અક્ષૌહિણી આંતરી. એક મુહૂર્ત ભર ભારે જંગ મચ્યો.

૧૫ જુઓ **बृ. क. सं.** ।૬।૩૨૩। ૧૬ જુઓ **बृ. क. सं.** ।૭।૯૭।

ભરત રોહકના સૈનિકો નાકૂં હાથ કરવા મથતા હતા, તેમનો ધસારો ફરી ફરી પાછો વાળી યૌગંધરાયણે સુભટોને હંફાવ્યા. એવામાં એક હાથીના દંતુસળના પ્રહારથી તેના હાથનું ખાંડૂં પડી ગયું, એટલે તે પકડાયો.

રાજકુમારીનૂં હરણ થયાથી મહારાણી અંગારવતીને અને મહામંત્રી ભરત રોહકને ઘણૂં માઠૂં લાગ્યૂં. અવંતિનો અમાત્ય હાથમાં આવેલા યૌગંધરાયણને કેદમાં નાંખવાનૂં કરતો હતો; અને રાણી મહેલના ટોચથી પડતૂં મેલી આપઘાત કરવા જતી હતી. પરંતુ રાજાએ બંનેને શાંત પાડ્યાં અને સમજાવ્યાં. જમાઇનાં કુળ શીળ અને પરાક્રમમાં કશી વાતે ખામી ન હતી. રાણીની નજર પ્રથમથી જ એનામાં ખૂંપી હતી. રાજકુમારી એને જ ઇચ્છાવર વરી હતી. વત્સરાજે પણ ગાંધર્વ-વિવાહથી કુંવરીનૂં પાણિગ્રહણ કર્યૂં હતૂં. એ વિવાહ ક્ષત્રિયોને વિહિત હતો. જે થયૂં હતૂં તે યથાયોગ્ય થયૂં હતૂં. એ આનંદના પ્રસ્તાવને વધાવી લેઈ રાજાએ જમાઇના વફાદાર બહાદુર પ્રધાનનો સારો સત્કાર કર્યો. એક ક્ષણ ઉપર જયાં કાગારોળ મચ્ચો હતો, તે રણવાસમાં બીજે ક્ષણે મંગળ ગીત ગાજી રહ્યાં; અને રામચંદ્રે સોનાનાં સીતાજીથી અશ્વમેધ કર્યો, તેમ મહાસેન અને અંગારવતીએ ચિત્રનાં વત્સરાજ અને વાસુકુમારીથી વિવાહમહોત્સવ અત્યંત આનંદ ભેર ઊજવ્યો.

## સમર્થન.

ઉપરની હકીકતમાં વત્સરાજ નીલગજના લોભથી ફસાયાનૂં અને પાછળથી નાસી છૂટ્યાનૂં વર્ણન છે. એ કવિકલ્પિત કહાણી નથી પણ ઐતિહાસિક બનાવ છે, તેની સાબીતી ઇસ્વી સન પૂર્વેના ચોથા સૈકાના અંતભાગમાં રચાયલૂં એક પ્રમાણભૂત પુસ્તક પૂરી પાડે છે. **कौटिलीय अर्थशास्त्र**ના **योगवामन** અધ્યાયમાં પહેલી બાબતનો ગૂઢ પણ પરખી શકાય એવો સ્પષ્ટ નિર્દેશ છે. એમાં લખ્યૂં છે કે પ્રતિપક્ષી હાથીનો લોભી હોય, તેને લક્ષણસંપન્ન સુશિક્ષિત હાથી નાગવનમાં છૂટો મૂકી લોભવવોઃ વન્ય ગજ સમજી એને પકડવાને

તે ગીચ ઝાડીમાં આવે, કે તેને બાંધી પોતાને નગર લેઈ જવો[૧૭]. અહીં નોંધેલી વિગત વત્સરાજના જીવનમાંથી લીધી છે. કર્તાએ નામ નથી આપ્યું, તથાપિ તેની આંગળી તો આબાદ વત્સરાજ તરફ જ વળી છે. હાથીના લોભી વિશે લખતાં તેની દૃષ્ટિ આગળ તો ઉદયન જ છે. વત્સરાજનો ઇતિહાસ તેને સારી રીતે જાણીતો હતો. દુઃખમાં હિમ્મત હારી પ્રાણત્યાગ ન કર્યો તો ફરી એણે સુખ જોયું, એવું અન્યત્ર એ જ આપત્તિને અનુલક્ષીને ચાણક્ય નામ સાથે પણ લખે છે[૧૮].

પ્રસ્તુત નાટકમાં અને તેના જોડવામાં આવતાં પાત્રો સ્થળો અને બનાવનો નિર્દેશ આશરે ચોથા સૈકામાં નેપાળના બુધસ્વામીએ રચેલા **बृहत्कथासंग्रह**માં પણ મળી આવે છે. એનો જે થોડોક ભાગ[૧૯] મારા જોવામાં આવ્યો છે, તેમાં એક સ્થળે ભદ્રવતી ઉપર બેસીને વત્સરાજ અને વાસવદત્તા ઉજ્જયિની નાસી આવ્યાની નોંધ છે[૨૦]. યૌગંધરાયણ રુમણ્વાન અને વસંતકનાં નામ તો સોમદેવના **कथासरित्सागर**માં અને ક્ષેમેન્દ્રના **बृहत्कथामञ्जरी**માં છે તેમ પ્રસ્તુત **संग्रह**માં પણ છે. જે ધ્યાન ખેંચે છે તે તો પદ્માવતીના ભાઈ દર્શકનું નામ છે. એ મગધના શૈશુનાગનો ઉલ્લેખ **सागर**માં અને **मञ्जरी**માં છે નહિ; જૈનકથામાં પણ છે નહિ; માત્ર **संग्रह**માં જ છે. તેવી જ રીતે **स्वप्नवासवदत्त**માં કહેલા સુયામુન મહેલનું નામ પણ **संग्रह**માં જ મળી આવે છે.

---

૧૭ જુઓ **कौ. अ. शा. । १३ ।२। हस्तिकामं × नागवनपालहस्तिना लक्षण्येन प्रलोभयेयुः । प्रतिपन्नं गहनम्** × × × × **बद्ध्वा × अपहरेवुः ।**  ૧૮ જુઓ **कौ.अ.शा.।९।७। दृष्टा हि ‘ जीवतः पुनरावृत्तिः ’ । यथा सुयात्रोदयनाभ्याम् ।** ૧૯ મદ્રાસ યુનિવર્સિટિના પ્રૉ. કૃષ્ણસ્વામી આયંગારે પહેલાં અગિયાર સર્ગ મને વાંચવા મોકલ્યા હતા, તેટલો જ ભાગ હું જોવા પામ્યો છું. ૨૦ જુઓ **बृ.क.सं.।६।३४।**

**प्रतिज्ञायौगन्धरायण**ના પહેલા બે અંકના વૃત્તાંતની અદ્ભુત પુષ્ટિ એક અપ્રસિદ્ધ નાટકથી પણ થાય છે. દુર્ભાગ્યે તે ખંડિત અવસ્થામાં પ્રાપ્ત થયું છે. એના ત્રણ જ અંક હાથ લાગ્યા છે. એ નાટક આખું એ જડી આવ્યું હોત, તો ઘણી ઘણી વાતનું સચોટ સમર્થન એનાથી થાત. પ્રસ્તુત નાટકનું નામ **वीणावासवदत्त**[૨૧] છે. એ નામ સાંભળતાં ભાસનું **स्वप्नवासवदत्त** યાદ આવે છે. પણ જ્યારે એ નાટક વાંચિયે છિયે, ત્યારે તેનું વસ્તુ **प्रतिज्ञायौगन्धरायण**નું સ્મરણ કરાવે છે. એમાં વત્સરાજને ફસાવવાની યુક્તિ રચનાર અમાત્ય ભરત રોહક જ છે. પ્રલોભન ટ્રોયનાં બનાવટી ઘોડાની યાદી આપનારા બનાવટી હાથીથી નહિ, પણ કુદરતી કેળવેલા હાથીથી કર્યું છે. વત્સરાજને પકડવા જનાર શાલંકાયન છે. તે ચમેલી અને સાદડના વનમાં ખસલીનાં ઝોથાંમાં સુભટ સહિત સંતાઈ રહે છે[૨૨]. વત્સરાજ સુંદરપાટલ[૨૩] ઉપર સવાર થઈ વીસ સુભટ સાથે ચક્રવર્તિપદ અપાવનાર નીલગજને પકડવા આવે છે[૨૪]. તેના ઉપર અવંતિના સુભટો ગૂઢ આશ્રયસ્થાનમાંથી ધસી આવી તૂટી પડે છે. ધીંગાણામાં ઓગ-

૨૧ એ નાટકની હાથપ્રત મદ્રાસમાં Government Oriental Manuscripts Libraryમાં છે. તેની નકલ કરાવી મંગાવી તે ઉપરથી મેં ઉપલી હકીકત આપી છે. ૨૨ **वीणावासवदत्त**નો કર્તા નાગવનમાં **साल** સાથે **अतिमुक्तलता**નો નિર્દેશ કરે છે. તે ઉપરથી સમજાય છે કે તેની પાસેની **प्रतिज्ञायौगन्धरायण**ની હાથપ્રતમાં **मल्लिक**ને બદલે **मल्लिका** અપપાઠ હશે, જેનો તેણે **अतिमुक्तलता** અર્થ કર્યો જણાય છે. એ જ અપપાઠને લીધે અનુવાદની વીસમી ટિપ્પણીમાં નોંધેલો ભ્રષ્ટ પાઠ ઉત્પન્ન થયો છે. ૨૩ સુંદરપાટલને બદલે અનુવાદમાં મેં ટૂંકું સુપાટલ નામ આપ્યું છે. ૨૪ પ્રલોભનના હાથીના સંબંધમાં **वीणावासवदत्त**નો કર્તા પણ ભાસના જ **नीलकुवलयतनुः चक्रवर्तिनः हस्ती** વગેરે શબ્દો વાપરે છે.

ણીસ વત્સસુભટ ખપી જાય છે; તથા વત્સરાજ અનેક ઘા લાગ્યાને લીધે બેશુદ્ધ થઈ ધરણી ઢળે છે. એ લાચાર સ્થિતિમાં અવંતિનાં માણસો તેને કેદ કરી લે છે. એકલો હંસક જીવતો કૌશાંબી જવા પામે છે. તેના મ્હોડેથી રાજા કેદ પકડાયાની ખબર થતાં યૌગંધરાયણ રુમણ્વાન અને વસંતક સ્વામીને છોડાવવા વેષ બદલી ઉજ્જયિની જાય છે. અહીં ત્રીજો અંક પૂરો થઈ ચોથાનો આરંભ થાય છે. એટલેથી હાથપ્રત અધૂરી છે. આ સ્થળે એ બાબતની નોંધ લેવા જેવી છે. તે એ છે કે **प्रतिज्ञायौगन्धरायण** અને **स्वप्नवासवदत्त**માં કહેલા દર્શક અને આરુણિનો આ નાટકમાં પણ ઉલ્લેખ છે. ભાસે આરુણિ ક્યાંનો હતો તે ચોખ્ખાળીને કહ્યું નથી, તેથી અજ્ઞાત નાટકકારે પણ તે કિયઃ દેશનો રાજા હતો તે જણાવ્યું નથી. **वीणावासवदत्त**માં મગધના દર્શકને **स्वप्नवासवदत्त**ના આધારે વત્સરાજના પક્ષનો વર્ણવ્યો છે.

આ નાટકમાં કર્તાનું નામ કોઇ સ્થળે છે નહિ. એનું આદિ-મંગલ શંકર ભગવાનનું છે. તેથી નાટકકાર શૈવ હોવો સંભવે છે. એનો સમય નિર્ધારવાનાં સાધન છે નહિ. નાટકનો ઉત્તર અવધિ કંઇક ખાતરીથી બાંધી શકાય છે. **वीणावासवदत्त**ના પહેલા અંકમાં મહાસેને અશ્મકદેશના રાજા સંજય સાથે વાસવદત્તાની સગાઇ કરી રાખ્યાનું અને અશ્મકેશ્વરે શુલ્ક એટલે વધંત ચડાવ્યાનું કહ્યું છે[૨૫]. **मालतीमाधव**ના બીજા અંકમાં પ્રસ્તુત વાગ્દાનનો ઉલ્લેખ છે[૨૬]. એ પ્રકરણનો કર્તા શ્રીકંઠ ભવભૂતિ આઠમા શતકના પહેલા ચરણમાં થયો હતો[૨૭]. આથી હું **वीणावासवदत्त**ને આઠમા શતક પહેલાં

---

૨૫ જુઓ **वी.वा.।१।** નાં **तामश्मकेश्वरसुतस्य सुनिश्चितः × दातुम् ।**, અને **संजयाय दास्यामीति शुल्कं प्रतिगृह्य तस्मै न दत्तवानिति मन्यस्माकमयशः।** એ અવતરણ. ૨૬ જુઓ **मा.मा. ।२।प.१६९। वासवदत्ता संजयाय राज्ञे पित्रा दत्तमात्मानमुदयनाय प्रायच्छत् ।** ૨૭ જુઓ **मा.मा. ।२।पं.१६९।** ઉપરનો

મૂક્યું છે. એ નાટકના બીજા અંકના પંદરમા શ્લોકમાં **पौरोगहस्तिपकनापितलुब्धमुख्यान् योऽहन्** એવું મહાસેનના સંબંધમાં જે કથન છે તે જો **बृ.क.सं।१।२६-४७** ઉપરથી કહ્યું હોય, તો તે ચોથા સૈકા પછી રચાયું ઠરે.

## નાટકની પ્રસિદ્ધિ.

વાસવદત્તાના હરણની વિગત **प्रतिज्ञायौगन्धरायण**માં અને **त्रिषष्टिशलाकापुरुषचरित**માં એકબીજાથી બહુ જુદી પડે છે. તેમ છતાં ભાસના નાટકના ત્રીજા અંકનો નવમો શ્લોક સ્હેજ ફેરફારથી હેમાચાર્યની કૃતિમાં ઊતારેલો છે[૨૮]. તે બતાવી આપે છે કે પ્રસ્તુત નાટક છેક બારમા શતક સુધી આ ભાગમાં સારી રીતે જાણીતું હતું. એ અરસામાં વન્દ્યઘટીય સર્વાનંદે **अमरकोशटीकासर्वस्व** રચ્યું હતું, તેમાં કામશૃંગારના દૃષ્ટાંત તરીકે વાસવદત્તાના હરણની અને અર્થશૃંગારના દૃષ્ટાંત તરીકે પદ્માવતીના પાણિગ્રહણની નોંધ લીધી છે[૨૯]. તેથી **प्रतिज्ञायौगन्धरायण** અને **स्वप्नवासवदत्त** બંનેની અન્યત્ર પ્રસિદ્ધિની પણ સાબીતી મળે છે. એ ત્રણ સૈકાં આગળ વધતાં **प्रतिज्ञायौगन्धरायण**ના ત્રીજા અંકની **व्याख्या**[૩૦] લખાય છે. કર્તાએ ટીકાને અંતે પોતાનું નામ આપ્યું નથી. પરંતુ તેમાં '**गतिर्नाडीव्रणे पथि । उपाये**' એ વચન ટાંક્યું

---

ડૉ. ભાંડારકરનો ઈંગ્રેજી ઉપોદ્ઘાત. ૨૮ જુઓ **त्रि.श.पु.च.। १०।११।२३९।**. **कुमारपालप्रतिबोध**માં પણ એના એ પાઠાંતરથી કર્તાનું નામ આપ્યા વગર પ્રસ્તુત શ્લોક ઊતારેલો છે. ૨૯ જુઓ નીચેનો ઊતારો:– × **स्वदेशमात्मसात् कर्तुमुद्यतस्य पद्मावतीपरिणयोऽर्थशृङ्गारः । × तस्यैव वासवदत्तापरिणयः कामशृङ्गारः।**. ૩૦ આ **व्याख्या** શાસ્ત્રીજીએ **प्रतिज्ञायौगन्धरायण**ની પ્રથમ આવૃત્તિમાં પરિશિષ્ટરૂપે આપી હતી.

છે[31], તે કેશવસ્વામીના **नानार्थार्णवसंक्षेप । २ । २९-३१ ।** ના ઉતારો છે એમ તપાસ કરતાં માલૂમ પડે છે. કેશવસ્વામી ચોલદેશના રાજા કુલોત્તુંગના પુત્ર મહારાજા રાજરાજનો આશ્રિત હતો. આ કારણથી પ્રસ્તુત નાનાર્થકોશ **राजराजीय** નામે પણ ઓળખાય છે. ચોલદેશના કુલોત્તુંગસુત રાજરાજ બે થયા છે, એક બારમા સૈકામાં અને બીજો તેરમામાં. એ મર્યાદા ધ્યાનમાં રાખી **प्रतिज्ञायौगन्धरायण**ના ત્રીજા અંકની **व्याख्या**નો પૂર્વ અવધિ હું ચૌદમું શતક ટેવું છું. એ અંક ચોલ અને કેરલમાં **मन्त्राङ्क**ને નામે પ્રસિદ્ધ છે. ત્યાં મહોત્સવમાં ' ચાકિયાર 'ના નામે ઓળખાતા નટલોક અત્યારે પણ દેવમંદિરમાં આંગિક અભિનયથી તેનો પ્રયોગ કરે છે. કદાચ એ વર્ગને માટે જ **मन्त्राङ्क**ની **व्याख्या** લખાઈ હશે.

## મૂળકથાના અવાંતર ઐતિહાસિક અંશ.

**प्रतिज्ञायौगन्धरायण** અને **स्वप्नवासवदत्त** એ બે નાટકો **मुद्राराक्षस**ની પેઠે ઇતિહાસની છાયા લેઈ ઘડી કાઢેલાં નથી, પણ ઇતિહાસને આધારે રચાયલાં છે. તેથી એમાં કથાભાગ ઉપરાંત પણ કેટલીક બાબત તપાસવા અને લક્ષમાં લેવા જોગ છે.

ફક્ત પ્રાચિન કાળમાં તાપસ અને પરિવ્રાજક એવા ધર્મચર્યા પરત્વે બે વર્ગ હતા[32]. પહેલા તપોવનમાં રહી સાદું જીવન ગાળતા હતા, અથવા એકાંત લયનોમાં રહી દૃઢ સંયમ સેવતા હતા. બીજા એકલા અથવા શિષ્યોના ઝુંડ સાથે ફરતા રહેતા હતા. **स्वप्नवासवदत्त**માં યૌગંધરાયણ બ્રાહ્મણપરિવ્રાજકના વેષમાં છે. **मालवि-**

31 એ ઉપરાંત એમાં **प्राकृतप्रकाश**નાં બે સૂત્રો ઉદ્દાહૃત છે. વળી સિંહના નામથી કોઇ કોશમાંના બે વચન ટાંકેલાં છે. કદાચ તે દુર્ગ કે વા દુર્ગસિંહની **नाममाला**માંથી લીધાં હશે. 32 જુઓ Rhys Davids' Buddhist India, pp 140-141.

**कान्निमित्र**માં પંડિતકૌશિકી પાત્ર છે, તે બ્રાહ્મણપરિવ્રાજિકા છે. **अनर्घराघव**ના ચોથા અને પાંચમા અંક વચ્ચેના વિષ્કંભકમાં રાવણ અને લક્ષ્મણ વચ્ચેના સંભાષણની ચૂલિકા દ્વારા મુરારિ કવિ વૈશેષિક-વાદી પરિવ્રાજકનો પરિચય કરાવે છે, જે દિગ્વિજયાર્થે નીકળેલો છે.[૩૩] જૈન બૌદ્ધ આદિ ધર્મમાં પણ બ્રહ્મચર્ય પાળતો પરિવ્રાજકવર્ગ હતો. એ વર્ગ પાછળથી ઉચ્છિન્ન થયો.

એ સમયમાં જૈન અને બૌદ્ધ ધર્મ તાજા પ્રચારમાં આવ્યા હતા. દર્શકના પિતા અજાતશત્રુના રાજ્યકાળમાં ભગવાન મહાવીરના વિહારની સીમા એક તરફ કોશલ અને વિદેહ તથા બીજી તરફ વત્સદેશ અને મગધ હતી[૩૪]. ભગવાન બુદ્ધનું પણ એ જ ઉપદેશક્ષેત્ર હતું. બંને ધર્મસંસ્થાપકનાં પવિત્ર પગલાં તળ કૌશાંબીમાં થયાં હતાં. પરંતુ એ છેવાડા રાજ્યમાં નવા ધર્મોનું બળ હજુ જાગ્યું ન હતું[૩૫].

૩૩ પ્રસ્તુત સંભાષણમાં શ્લેષમુખે **वशेषिककन्दली**નો ઉલ્લેખ છે. તે પ્રશસ્તપાદના **वैशेषिकभाष्य** ઉપર ઈ. સ. ૯૮૮-૮૯માં શ્રીધરે રચેલી **वैशेषिकन्यायकन्दली** ટીકા સમજી હું મુરારિને ઇસવી દશમા શતક પછી મૂકું છું. પંડિત દુર્ગાપ્રસાદે નવમા શતક પૂર્વે એની સ્થિતિ માની છે, તે ભૂલ છે. **हरविजय** ।૩૮।૬૭માં મુરારિ કવિનું સૂચન નથી. **सदुक्तिकर्णामृत**માં મુરારિના શ્લોક ટાંક્યા છે તેથી તે ઇસવી બારમી શતક પૂર્વે થયો હશે.

૩૪ જુઓ **निशीथचूर्णि**ની નીચેની ગાથાઃ–**मगहा कोसम्बीया थूणाविसओ कुणालविसओ अ। एसा विहारभूमी उत्ता आयारियं खेत्तं॥**. અહીં **मगहा** તે મગધદેશ, **कोसम्बीया** તે વત્સદેશ, **थूणाविसओ** તે મિથિલા જેનું મુખ્ય શહેર હતું તે વિદેહદેશ ( જુઓ **स्थूणाकग्राम** ), અને **कुणालविसओ** તે શ્રાવસ્તિ જેની રાજધાની હતી તે કોશલદેશ હું સમજૂ છું.

૩૫ જુઓ **प्र. यौ.** ।૧।૭। **धर्मसंकरवर्जिता भूमिः** ।

અવંતિનો મુલક ઉપર કહેલા ઉપદેશક્ષેત્રની બહાર છે. એ દૂર દેશ પર્યંત નિર્ગ્રંથ યતિઓ વીર ભગવાનના નિર્વાણ પછી પગલાં લંબાવે છે, તેની પ્રતીતિ **प्रतिज्ञायौगन्धरायण**ના ત્રીજા અંકના નવસા યતિનો વેષ ધરનારા રુમણ્વાન પાત્રથી થાય છે.

એ સમયમાં રાજાઓ વૈવાહિક સંબંધ જોડવામાં પ્રતિલોમતાને અંતરાય ગણતા નહિ. મહાસેન વર્ગે બ્રાહ્મણ હતો, છતાં ક્ષત્રિય રાજાઓ વાસવદત્તાનાં માગાં કરે છે; અને પાંડવવંશનો મહા કુલીન વત્સરાજ તેને ગાંધર્વવિવાહથી પરણે છે; બ્રાહ્મણ પિતા એ પરણેતર કબૂલ પણ રાખે છે. આવા રાજદ્વારી વિવાહની તે સમયમાં છૂટ જણાય છે. ઇસવી સન પૂર્વે ચોથા સૈકાના અંતભાગમાં મૌર્યચક્રવર્તી ચંદ્રગુપ્ત સીરિયાના ગ્રીક શહાનશાહ સેલ્યુકસની કુંવરીને પરણ્યો હતો, તે વાત ઇતિહાસના વાંચનારની અજાણી નથી.

એ સમયમાં હાથી એ ચતુરંગ સેનાનું મુખ્ય અંગ ગણાતું હતું. સંગ્રામમાં અને સવારીમાં એમની ઉપયોગિતાને લીધે હાથીનો શિકાર નિષિદ્ધ હતો. એ જમાનાની વિદ્યાકળામાં હસ્તિશિક્ષા અગત્યનું સ્થાન ભોગવતી હતી. લક્ષણસંપન્ન હાથી રાજાને ચક્રવર્તિપદ અપાવનારો મનાતો હતો. ગામને ગોચર અને રાજ્યને નાગવન આવશ્યક ગણાતાં હતાં. ગજશાળામાં હાથીઓની બહુ સંભાળ લેવાતી હતી. તેમને માટે ન્હવરાવનાર, અંગચંપી કરનાર, જમાડનાર અને વીણા વગાડી ઊંઘાડનાર સેવક પણ નીમવામાં આવતા હતા. આયુર્વેદને પડખે ઊભા થયેલા હસ્ત્યાયુર્વેદમાં કુશળતા ધરાવનારા ચિકિત્સકો તેમની સુખાકારી જાળવતા હતા.

એ સમયમાં લોક ચમત્કારથી ભોળવાતા હતા. **कौटिलीय अर्थशास्त्र**માં લોકના ભોળપણનો લાભ લેઈ અનેક ચમત્કારક યુક્તિઓ યોજવાની કહી છે. **प्रतिज्ञायौगन्धरायण**માં પણ એવો એક ચમત્કારક દેખાવ વર્ણવેલો છે. એના પહેલા અંકના છેવટના ભાગમાં ઉન્મત્તના

તેમાં વ્યાસ ભગવાને દર્શન દીધાનું લખ્યું છે. લાવાણકમાં દરબારી મેલાણમાં આગ લાગે છે અને તેમાં વાસવદત્તા બળી મુઆનું તથા યૌગંધરાયણે ઝંપલાવી પ્રાણ તજ્યાનું નિરૂપણ છે. તે પણ એક ચમત્કારક દેખાવ જ છે, એવું પાછળથી આપણે જાણિયે છિએ[36].

### પ્રકૃતિની વિકૃતિ.

વાસવદત્તાના હરણની આ ઐતિહાસિક બીનાનું અદ્ભુતકથામાં કેવું પરિવર્તન થાય છે, તે તરફ સ્હેજ દૃષ્ટિ દોડાવિયે. પ્રલોભનનું સાધન જે કુદરતી હાથી, તે **सागर मञ्जरी** અને [37]**हर्षचरित**માં બનાવટી બને છે. જૈનકથામાં એને યંત્રબળે હાલતો ચાલતો પણ વર્ણવ્યો છે. વત્સરાજના ગ્રહણ અર્થે સંતાઈ રહેલા અવંતિના સુભટો પૂંઠની ઝાડીમાંથી નહિ, પણ પેલા કૃત્રિમ હાથીના પેટમાંથી ડબોડબ નીકળી આવે છે. બૌદ્ધકથામાં તે સાઠ અને **भामहालंकार**માં સો કહ્યા છે. કૃષ્ણ ભગવાનની લીલા માટે કવિએ અને ચિત્રકારે યોજેલા નારીકુંજર જેવો કોઈ નરકુંજર કથાકારોએ કલ્પી કાઢ્યો નહિ, એટલી ઊણપ રહી! ઉભય ધર્મની કથાઓમાં, **भामहालंकार**માં અને **वीणा-वासवदत्ता**માં એ પ્રલોભનના હાથીને કૌશાંબીની હદમાં યમુનાના કચ્છમાં જ મૂકેલો કહ્યો છે. પેટમાં ભરાયલા સુભટો ઉપરાંત સમીપમાં અવંતિનું સૈન્ય પણ સંતાઈ રહેલું જૈનકથામાં વર્ણવ્યું છે.

કલ્પનાના ગોળા કેવા ઊડે છે! વત્સરાજનું નામ ઉદયન હતું; તેથી ઉદયગિરિ ઉપર તેનો જન્મ થયાની કથા **संग्रह, सागर** અને **मञ्जरी**માં ઉપજાવી કાઢેલી દૃષ્ટિગોચર થાય છે. જે વીણા વડે વત્સરાજ ભૂગત નાગ એટલે હાથીને વશ કરતો હતો, તેની પ્રાપ્તિનો સંબંધ એમણે પાતાળગત મણિધર નાગ સાથે જોડી દીધો છે.

---

૩૬ જુઓ **स्व वा**।

૩૭ જુઓ **ह. च.। नागवनविहारशीलं च मायामातङ्गाङ्गान्निर्गता महासेनसैनिका वत्सपतिं न्ययंसिषुः।**

કથાકારોએ બીજા ગોટાળા પણ વાળ્યા છે. વત્સરાજના પિતાનું નામ શતાનીક અને પિતામહનું સહસ્રાનીક છે[૩૮]. **सागर** અને **मञ्जरी**એ પિતામહને પિતા અને પિતાને પિતામહ કર્યો છે. પુરાણમાં ઉદયનનો પુત્ર વીર વહીનર કે વિહીનર છે. તેનો કથાગ્રંથ નરવાહનને નામે વ્યવહાર કરે છે અને તેને વિદ્યાધરચક્રવર્તી બનાવે છે. પ્રદ્યોત મહાસેન અવંતિનો રાજા હતો. **सागर** અને **मञ्जरी** એ એક વ્યક્તિની બે વ્યક્તિ બનાવે છે. તે મહાસેનને અવંતિનો અને પ્રદ્યોતને મગધનો રાજા કહે છે. એ રીતે દર્શક ઊડી જાય છે. પણ તે ઊડાવી શકાય એમ નથી. એનું અસ્તિત્વ બૌદ્ધકથાના **नागदसक** નામથી સિદ્ધ થાય છે. એ અજાતશત્રુ કિંવા કુણિકનો પુત્ર થાય. એનું સમર્થન મથુરાથી બાર માઇલ ઉપર સોનૌત ગામમાંથી મળેલા પૂતળાના પ્રાકૃત લેખથી થાય છે[૩૯]. બૌદ્ધ ધર્મપુસ્તકોમાં નામ ઊલટ-પાલટ છે અને જૈન ધર્મપુસ્તકોમાં ખૂટે છે, તેનું કારણ કદાચ એમ હશે કે તેમને મળેલી શૈશુનાગોની વંશાવળી અવ્યવસ્થિત અને ખંડિત હશે.

---

૩૮ જુઓ Pargiter's Dynasties of the Kali Age. ૩૯ જુઓ Journal of the Bihar and Orissa Research Society, 1919, Parkham Statue. પૌરાતનિક કાશીનાથ જાયસ્વાલ લેખ આ રીતે વાંચે છે:—( ૧ ) **सिनि डरसि कारिता** (२) + + + (**ल**)**आचा कुनिकाञ** । (३) + + + (**न**) + **कता** ।. હું **सिनि** નહિ, **सिरि** હશે એમ ધારું છું. **श्रीदर्श(केन) कारिता (प्रतिमा) राज्ञः कुणिकस्य** । + + + (**न**) **कृता** ।, એવી છાયા લેઈ હું તેનો અર્થ નીચે પ્રમાણે કરું છું: 'રાજા કુણિકના (પુત્ર) શ્રીદર્શકે ( આ પ્રતિમા ) કરાવી; + + + એ કરી.'

ચીનાઈ પ્રવાસી યવનચંગ વત્સરાજને બૌદ્ધ વર્ણવે છે. એના સમયના સ્થાણ્વીશ્વરના પરમમાહેશ્વર હર્ષને પણ એણે બૌદ્ધ કયાં નથી કહ્યો? પંડિત હેમાચાર્ય વત્સરાજને ભગવાન મહાવીરને હાથે જૈની દીક્ષા અપાવે છે. ભાસ તેને સનાતન વૈદિક ધર્મ પાળનાર અને પળાવનાર કહે છે. અવંતિના મહાસેનને જૈનકથામાં વ્યભિચારી જુલમગાર અને નિર્દય ચિતર્યો છે. પુરાણના કર્તા એને **નયવર્મિત** અને **નરોત્તમ** વિશેષણ લગાડે છે[૪૦].

### ભામહે ભાખેલો ન્યાયવિરોધ.

કલ્પનાના ઘોડા દોડાવનારા અદ્ભુતકથાકાર કવિના આ વાણીના જુગાર પ્રત્યે શારદાદેશનો આલંકારિક ભામહ સખત અણગમો બતાવે છે. તે કહે છે કે કવિ વત્સરાજને વિજિગીષુ વર્ણવે છે, તેને બાતમીરદાર તો છે નહિઃ એ કેવું? પોતાના રાજ્યની સીમમાં બનાવટી હાથી રાખવામાં આવે છે, ને અજબ છે કે તે જાણતો પણ નથી! એ હાથીના પેટમાં શાલંકાયન સમેત થોડા ને ઘણા સો સુભટો ભરાયા છે! વત્સમંત્રીઓ પણ કેવા મંદ બુદ્ધિના, કે તેઓ ઊઘાડી આંખે કંઇ દેખી શકયા નહિ! જો તેમણે સ્વાર્થથી આંખ મીંચી હોય, તો તેમનામાં વફાદારીની મોટી ખામી કહેવાય. સો ધનુષમાંથી સામટાં બાણ છૂટે ને એકે વત્સરાજને મર્મસ્થાનમાં ન વાગે, એ બને કેમ? અવંતિના કેટલાક સુભટ વત્સરાજના હાથે મરાય છે, તેમના ફરકેરાયલા સંબંધીઓ એનો જીવ લીધા વગર રહે ખરા કે? કવિનૂં કથન પ્રમાણશાસ્ત્રથી વિરુદ્ધ છે અને દુનિયાંના અનુભવથી પણ વિરુદ્ધ છે, તે લોક માન્ય રાખે છે તેને શું કહિયે? એ નીતિજાણ વિદ્વાનોને નમસ્કાર! ખરેખરો રાની હાથી અને ચામડે મઢેલો બનાવટી હાથી, એ બેનો તફાવત ન્હાનૂં બાળકે સમજે;

---

૪૦ જુઓ Pargiter's Dynasties of the Kali Age.

તે છતાં વત્સરાજ છેતરાયો એ કેવી અફસોસની વાત[૪૧] ।

મહામહોપાધ્યાય ત. ગણપતિશાસ્ત્રીનું એવું માનવું છે, કે 'ભામહની ફરિયાદ ભાસની વિરુદ્ધ છે. કેમકે **अणेण मम भादा हदो अणेण मम पिदा अणेण मम सुदो मम वअस्सो** એવું જે ભાસનું વચન છે, તેની સાથે **हतोऽनेन मम भ्राता मम पुत्रः पिता मम । मातुलो भागिनेयश्च** એ ભામહનું વચન બહુ મળતું આવે છે.'· એમાં શાસ્ત્રીજીની સમજનો ફેર છે. ઉપરના શબ્દો જ્યારે અવંતિના સૈનિકોનાં મુખમાંથી નીકળે છે, ત્યારે ભાસ વત્સરાજને બેશુદ્ધ થઈ ગયેલો વર્ણવે છે. ભામહે આપેલા વર્ણનમાં મૂર્ચ્છા સૂચવનારો એક પણ શબ્દ છે નહિ. **प्रतिज्ञायौगन्धरायण**માં ધીંગાણું પત્યા પછી પ્રસ્તુત પ્રસંગ મૂક્યો છે; **भामहालंकार** એ બનાવ ધીંગાણા દરમિયાન જ બનેલો લેખવે છે. બે વચનની સમાનતા આપાતતઃ જણાય છે, તે **घुणाक्षरन्याय**ની છે.

---

૪૧ જુઓ **भामहा० । ४। ३८–४५ । विजिगीषुमुपन्यस्य वत्सेशं वृद्धदर्शनम् । तस्यैव कृतिनः पश्चादभ्यधाच्चारशून्यताम् ॥ अन्तर्योधशताकीर्णं शालङ्कायननेतृकम् । तथाविधं गजं छन्नं नाज्ञासीत् स स्वभूगतम् ॥ यदि वोपेक्षितं तस्य सचिवैः स्वार्थसिद्धये । अहो नु मन्दिमा तेषां भक्तिर्वा नास्ति भर्तरि ॥ शरा दृढधनुर्मुक्ता मन्युमद्भिररातिभिः । मर्माणि परिहृत्यास्य पतिष्यन्तीति कानुमा ॥ हतोऽनेन मम भ्राता मम पुत्रः पिता मम । मातुलो भागिनेयश्च रुषा संरब्धचेतसः ॥ अस्यन्तो विविधान्याजावायुधान्यपराधिनम् । एकाकिनमरण्यान्यां न हन्युर्बहवः कथम् ॥ नमोऽस्तु तेभ्यो विद्वद्भ्यो येऽभिप्रायं कवेरिमम् । शास्त्रलोकावपास्यैव नयन्ति नयवेदिनः ॥ सचेतसो वनेभस्य चर्मणा निर्मितस्य च । विशेषं वेद बालोऽपि कष्टं किं नु कथं नु तत् ॥**

જરા ઝીણી નજરે તપાસીશું તો જોઈશું, કે ભામહનો હાથી ચામડે મડેલો એટલે બનાવટી છે; ભાસનો હાથી કુદરતી છે. ભામહનો કૃત્રિમ હાથી વત્સદેશની સીમમાં મૂકેલો છે; ભાસના નીલગજની વિહારભૂમિ અવંતિનું નાગવન છે. ભામહના સૈનિક હાથીના પેટમાં ભરાયા છે: ભાસના સુભટો ઝાડીમાં લપાયા છે. ભામહનો વત્સરાજ ધમસાણમાં એકલો છે; ભાસના વત્સરાજ સાથે વીસ વત્સસુભટ છે. આ મુદ્દાઓ, ફરિયાદ અદ્ભુતકથાકારના વિરુદ્ધ છે એમ, બતાવી આપે છે. ભામહનો કટાક્ષ **प्रतिज्ञायौगन्धरायण** ઉપર નથી, તે બીજી એક નોંધથી પણ જણાઈ આવે છે. વાસવદત્તાનું હરણ કરવાની પ્રતિજ્ઞા વત્સરાજ લે છે, એવું **भामहालंकार**માં છે. **प्रतिज्ञायौगन्धरायण**માં આપણે જોઈએ છિયે, કે એ પ્રતિજ્ઞા લેનાર અમાત્ય યૌગંધરાયણ છે[૪૨].

નાટકનાં મુખ્ય પાત્ર.

ભામહે કહેલા દોષના આરોપથી દૂર રહેતા નાટકનાં પાત્રો તરફ હવે વળિયે. કવિએ આદિમંગલમાં ચાર પાત્ર ગણાવેલાં છે. તેમાંનાં જે વત્સરાજ અને વાસવદત્તા, તે બે તો સૂચિત પાત્ર છે. નાયક અને નાયિકા હોવા છતાં તેઓ રંગભૂમિ ઉપર પગ જ મૂકતાં નથી. એ રીતે અલગ રહી તે બે પાત્રો, સંવિધાન ઉપર નજર રાખતાં, ગૌણ બને છે. તે પછી ધ્યાન ખેંચનારૂં પાત્ર યૌગંધરાયણ છે. નાટકનું નામ કવિએ **प्रतिज्ञायौगन्धरायण** રાખ્યું છે તે ઉપરથી કદાચ એમ ધરાય, કે યૌગંધરાયણનું પ્રાધાન્ય તેને અભિમત હશે. પણ એ ધારવું બરાબર નથી. નાટકનું પ્રસ્તુત નામ રાખવામાં આવ્યું છે, તે તો યૌગંધરાયણે લીધેલી પ્રતિજ્ઞા તેનો એક આકર્ષક બનાવ છે તે

૪૨ જુઓ **भामहा० ५। ३८-३९। आहरिष्याम्यमूमद्य महासेनसुतामितिाकृत्वा प्रतिज्ञां वत्सेन हृतेति मदनाश्रया॥** **भामहा०।४।४७-४८**માં આપેલી હકીકત પણ પ્રસ્તુત પ્રશ્ન ઉપર આડકતરાતો પ્રકાશ પાડે છે.

કારણથી હોય એમ હું સમજું છું. **स्वप्नवासवदत्त** સંજ્ઞા પણ એવા જ અન્ય નિમિત્તને લેઈને રાખેલી છે. **प्रतिमादशरथ, दरिद्रचारुदत्त** વગેરેનૂં પણ તેમ જ છે[૪૩]. યૌગંધરાયણ મહાસમર્થ અમાત્ય છે, તેની ના પડાય નહિ. એની નયહાક સર્વત્ર વાગી રહી હતી. એણે સ્વામીને છોડાવવા કૌશાંબી ઉજ્જયિનીમાં વસાવી હતી. ભરત રોહકને છક્કડ ખવરાવી વત્સરાજને એણે છોડાવ્યો અને વાસવદત્તાનૂં હરણ પણ કર્યૂં. પરંતુ પોતે મહાસેનનોજ દાવ રમતો હતો તે એ જાણી શક્યો નહિ, એટલી એની કચાશ. નાટકનાં પાત્રોમાં પ્રાધાન્ય તો મહાસેનનૂં જ છે. યૌગંધરાયણ વત્સરાજને છોડાવવા મથે છે, ત્યારે એ તેને લોહ કરતાં વધારે મજબૂત સાંકળે બાંધી લેવાનૂં કરે છે, જેમાંથી તે છૂટવા જ પામતો નથી. એકના ભેદ અને દંડનૂં ઝેર બીજો સામની સંજીવનીથી ટાળી નાંખે છે. એકનૂં તેજ બીજાના સર્વાતિશાયી તેજમાં સમાય છે. એકનો મંત્ર બીજાના મહામંત્રનો સહકારી બને છે. મહાસેનના મનનો પાર યૌગંધરાયણ છેવટ સુધી પામતો નથી. વ્યાસ ભગવાનના દર્શનના ચમત્કારથી તે મુગ્ધ બને છે. સોનાની ઝારીની ભેટથી તે મૂઝાય છે. તેની આંખનાં પડળ ઝંપાપાત કરતી અંગારવતી પ્રત્યેના મહાસેનના અમૃતાંજન જેવા સાંત્વનના બોલથી જ દૂર થાય છે.

પ્રેક્ષકો મહાસેનને નજરોનજર તો માત્ર બીજા અંકમાં જ જુએ છે. પરંતુ આંતર ચક્ષુથી જોનારને તે આખા નાટકમાં સૂક્ષ્મ રૂપે વ્યાપી રહેલો જણાય છે. વ્યાસ ભગવાનનો વેષ ધરનાર પ્રણિધિના મુખે કૌશાંબીના રાજમહેલની ભોજનશાળામાં ભૂદેવોને સંબોધનાર મહાસેન જ છે. નાગવનમાં શાલંકાયન મૂર્ચ્છામાંથી જાગે છે,

૪૩ આવી રીતે **स्वप्नवासवदत्त**ને ટૂંકાવીને **स्वप्ननाटक**, **दरिद्रचारुदत्त**ને **चारुदत्त**, **कृष्णबालचरित**ને **बालचरित**. **प्रतिमादशरथ**ને **प्रतिमा** તથા **रामाभिषेक**ને **अभिषेक** લખે છે.

ત્યારે મહાસેન જ જાણે તેના કાનમાં કહે છે કે 'ઊઠો, ઊઠો. તમે શું ભોંય પડી રહ્યા છો ? જુઓ વત્સરાજની શી દશા થાય છે તે'. સ્વામી સાથે કારાગૃહ સેવવા તૈયાર થયેલા હાંસુજીને કૌશાંબી વળાવી વત્સરાજને નચ્છેરો પાડનાર પણ એ સૂક્ષ્મરૂપધારી મહાસેન છે. ચોબારી ધર્મશાળામાં વસંતક કંઇક ગર્વથી તેના સાથીઓને કહે છે કે 'શત્રુઓ એક વાર મને તો ઓળખે, પછી તેમને', તે વખતે અવંતિનાથ જાણે બોલાવનાર સામું કતરાતી ચમકારા મારતી આંખે જુએ છે અને મૂછમાં હસે છે. નાટકના અંતભાગમાં મહાસેન અપ્રત્યક્ષ છતાં ઊલટો વધારે પ્રત્યક્ષ છે. એના સાંનિધ્ય વગર ચોથા અંકની ગૂંચ ઊકલવી અશક્ય છે. નાસેડુની પૂંઠ પકડવા ચડેલી અવંતિની સેનાને થંભાવીને યૌગંધરાયણ સુભટોનો ઘાણ વાળે છે, ત્યારે તેના હાથમાંથી ખાંડું કોણ પડાવે છે ? વિજયસુંદર હાથી નહિ, તેનો પ્રેરનાર મહાસેન. ન ઓળખાવા તેણે નલાગિરિ મૂકી વિજય-સુંદરની સવારી કરી હતી. કાર્ય સાધી પકડાયલા અમાત્યને રાજમહેલ-માં લાવવા આજ્ઞા આપી, તે જેવો આવ્યો હતો તેવો જ, એકાએક ચાલ્યો જાય છે. આજ્ઞા અનુસાર સૈનિક સાથે સખત જાપતાવાળા આયુધને કોઠો મોકલાવી ભરત રોહક પંડે જ કેદીના પ્હેરગીર બને છે. પ્રથમ પણ મંત્રી મહાસેનનો મંત્ર સમજ્યો ન હતો અને અત્યારે પણ સમજતો નથી. તે યૌગંધરાયણને કારાગ્રહમાં પૂરી દેવાની રાજાજ્ઞાની વાટ જુએ છે. પણ મહાસેન તો સોનાની ઝારી ભેટ મોકલી આતતાયીનો સત્કાર કરે છે. પ્હેરગીર અને કેદી મૂઝાય છે, કે આમ કેમ ? ત્યાં તો ચિત્રપટનો વિવાહમહોત્સવ મચે છે, અને મૂઝવણનો ખુલાસો થઈ જાય છે. વત્સ અને અવંતિના અમાત્યને મહાસેનનો ગૂઢ મંત્ર અત્યારે સમજાય છે.

મનુષ્યની પરીક્ષા મહાસેન ઠીક કરી જાણે છે. વત્સરાજના મંત્રીઓ તેને ઓળખે છે, તેના કરતાં ભાવી સસરો જમાઇને બહુ સારી રીતે

ઓળખે છે. વત્સમંત્રીઓ રાજાને વિલાસી સમજે છે. અવંતિનાથ તેને પહેલો નિડરવીર અને પછી વિલાસી પિછાણે છે. એની સાથે કુંવરીનો વિવાહ કરવા આતુર છતાં વિરહકાતર રાણીના વાત્સલ્યને તે માન આપે છે ને ઊતાવેળો થતો નથી. વત્સરાજને ઉજ્જયિનીમાં આણવાની યુક્તિ યોજનાર તરીકે ભરત રોહકની સેવા તે ભૂલતો નથી. પ્રતિપક્ષી અમાત્યના મંત્રશક્તિનો તે સ્વીકાર કરે છે અને એની સ્વામિભક્તિની કદર જાણે છે.

અમાત્ય ભરત રોહક બાહોશ અને કુશળ છે ખરો, પણ તે યૌગંધરાયણથી ઊતરે. એ ફાવે છે તે રાજાના પૂંઠજોરથી ફાવે છે. વત્સઅમાત્ય પોતાના બળે ઝૂઝે છે. એક સ્વભાવે કંઇક જલદ છે; બીજો ઠંડો છે. પકડાયલા વત્સરાજનો મહાસેન સત્કાર કરે છે, તેનો ઊંડો ભેદ ન પામી ભરત રોહક મનમાં દૂભાય છે. વાસવદત્તાના મોહમાં પડી વત્સરાજ ગોઠવેલી બાજી ચૂંથી નાખે છે; તેથી યૌગંધરાયણને ખેદ થાય છે, પણ તે મનની સ્વસ્થતા ખોતો નથી. એ સ્વામીના અનયને નયરૂપે સંસ્કારી લે છે.

પ્રધાનમાં પ્રધાન મહાસેનથી માંડીને ગૌણમાં ગૌણ ખેપિયા પર્યંત એકેએક પાત્રનું વ્યક્તિત્વ ભાસે સ્પષ્ટ કલમથી આલેખ્યું છે. સંસ્કૃત નાટકોમાં ગૌણ પાત્રો ઘણું કરીને નિર્જીવ યંત્રો જેવાં હોય છે. ઘસાઈ ગયેલા ચલણી પૈસા એકસરખા જણાય છે, તેવું જ વિવિધ નાટકોમાં તેમની બાબતમાં છે. સર્વત્ર કંચુકી પ્રતિહારી આદિ પાત્રો એક ઢાળમાં ઢાળેલાં પાત્રના જેવાં બહુધા જોવામાં આવે છે. પ્રતિજ્ઞાયૌગંધરાયણનાં ગૌણ પાત્રોને જીવ છે, વિશિષ્ટ લાગણીઓ છે, પરખાઈ આવે એવું સ્વરૂપ છે. અનેક નાટકોની પ્રતિહારીઓમાં ઓહદયવાળી વિજયા જુદી પડે છે; કંચુકીઓમાં યોગ્યાયોગ્યનો વિચાર કરતો બાદરાયણ નોખો વરતાય છે; ખેપિયાઓમાં ખોળિયું અન્નદાતાની ખેપ માટે લેખનારો સાલુ ‘ હું જાણું સૂં ’ કહેતાં જ ઓળખાય છે.

## રસ અને સંવિધાન.

ભાસે **प्रतिज्ञायौगन्धरायण**માં વીરને અને **स्वप्नवासवदत्त**માં શૃંગારને પ્રાધાન્ય આપ્યું છે પ્રાચીન નાટ્યપ્રસ્થાનમાં નાટકના રસ આઠ જ ગણાતા અને તેમાં શૃંગાર કે વીર જ પ્રધાન થઈ શકતો. પ્રસ્તુત નાટકમાં અજિત પ્રતિપક્ષીને છળથી વશ કરવાની ભરત રોહકની પ્રવૃત્તિમાં, એકલી વીણાથી નીલગજ પકડવાના વત્સરાજના સાહસમાં, પકડાયલા રાજાને ઉજ્જયિનીમાં લેઈ આવવા શાલંકાયનની ચપળતામાં, બંધને પડેલા સ્વામીને કુંવરી વરાવવા મહાસેનના ગૂઢ પ્રયાસમાં ઉત્સાહ સ્થિર થઈ વીર રસની જમાવટ કરે છે. એ રીતે ઉપચય પામતા રસમાં સાત્વતી અને આરભટી વૃત્તિ અદ્ભુત અને રૌદ્રની છાયા મેળવી આનંદમાં વધારો કરે છે. અદ્ભુતનો સ્થાયી ભાવ જે વિસ્મય, તેના અંકુરો સંઘાતક અને વસ્તૂત્થાપક અંગમાં પાલવે છે; અને રૌદ્રનો સ્થાયી ભાવ જે ક્રોધ, તેનૂં બીજ સંફેટમાં પાંગરે છે[૪૪].

શૃંગારપ્રધાન કથાગ્રંથિ છતાં શૃંગારી પાત્રો અલગ રાખી સંવિધાન શૃંગારના સ્પર્શથી મુક્ત રચવામાં કવિએ અસાધારણ કુશળતા અને સફળ સાવધાની વાપરી છે. **प्रतिज्ञायौगन्धरायण**માં કાર્યની એકતા **मुद्राराक्षस**ના જેવી જ છે. વિશેષ એ છે કે પછીના નાટકકાર જ્યારે પતાકા અને પ્રકરીની વેલીઓ ચડાવી આધિકારિક વસ્તુનો ભરાવ દર્શાવે છે, ત્યારે ભાસ વડવાઇઓએ વિસ્તાર પામતી વટકુંજનાં દર્શન કરાવે છે. પહેલામાં વિવિધતા સાથે એકતા છે. બીજામાં એકલી જ એકતા છે.

## આંગિક અભિનય.

પૂર્વે કહ્યા પ્રમાણે ચોલકેરલમાં જે નાટકોનો આંગિક અભિનયથી પ્રયોગ થાય છે, તેમાંના **कृष्णबालचरित, मन्त्राङ्क** તથા

---

૪૪ આગળ ‘ વૃત્તિઓ અને તેનાં અંગ ’ આપેલ છે, તે જુઓ.

**नागानन्द** ઉત્તરાપથનાં છે, અને **धनंजयविजय** તથા **चूडामणि** દક્ષિણાપથનાં છે. પહેલાં ત્રણ વિંધ્યાચળ ઓળંગી ગોદાવરી તથા કૃષ્ણા વટાવી સેતુ સુધી શી રીતે ને કયારે પ્હોચી ગયાં તથા આંગિક અભિનયનો વિષય બન્યાં, તે નિર્ધારવું મુશ્કેલ છે. પરંતુ વિદર્ભ સાથે સંબંધ ધરાવતું **मालविकाग्निमित्र** અથવા સર્વોત્તમ મનાતું **अभिज्ञानशाकुन्तल** આદર પામ્યું નહિ અને ભાસ તથા હર્ષની કૃતિ પોસાઈ, એ વિલક્ષણતા ધ્યાનમાં લેતાં એવી અટકળ થાય છે, કે અગ્નિમિત્ર શુંગને લીધે એના સાળા માધવસેનના દરબારમાં આદિશુંગના આશ્રિત કવિનાં નાટકો તથા શાબ્દિક પતંજલિનું **महाभाष्य** આદર પામ્યાં હોય અને અનંગહર્ષનું નાટક તેના પલ્લવ મિત્ર નરસિંહવર્માએ સત્કારી લીધું હોય. **महाभाष्य** દક્ષિણમાં જળવાઈ રહ્યું હતું, તો ઇસવી ત્રીજા સૈકાના પાછલા ભાગમાં ચંદ્રાચાર્ય આદિના હાથે તેની ઉત્તરમાં પુનઃપ્રવૃત્તિ થઈ; અને ભાસનાં નાટકો ત્યાં અત્યાર સુધી સચવાઈ રહ્યાં હતાં, તો આપણે તે વાંચવા પામિયે છિયે.

ઉત્તરમાં ઉચ્છિન્ન થયેલું **महाभाष्य** શારદાદેશના પંડિત દક્ષિણમાં લેવા ગયા, ત્યારે ત્યાં તે ગ્રંથસ્થ જ હતું[૪૫]. તે ઉપરથી સમજાય છે, કે સંસ્કૃતનો પ્રચાર ત્યાં ઘટી ગયો હતો. ત્રિલિંગની દ્રવિડ કુટુંબની ભાષાઓ કેવળ વિજાયતીય હતી, એટલે એ ભાષા બોલનારા પ્રેક્ષક ભાસનાં સંસ્કૃત નાટકનો ભાવ ગ્રહણ કરી શકતા નહિ હોય. તેમના માટે ચોથા સૈકામાં આંગિક અભિનય દ્વારા પ્રયોગ ત્યાં પ્રચારમાં આવ્યો હશે. તે પહેલાં નાટ્યના અંગ તરીકે આંગિક અભિનયથી પ્રયોગ માત્ર મુક્તકનો જ કરવામાં આવતો. મહાકવિ કાલિ-

---

૪૫ જુઓ **वाक्यपदीय**ના બીજા કાંડનો શ્લોક ૪૮૮:—**यः पतञ्जलिशिष्येभ्यो भ्रष्टो व्याकरणागमः । काले स दाक्षिणात्येषु ग्रन्थमात्रे व्यवस्थितः ॥** જુઓ વળી ‘ દુર્ગોની ચડાઈ ’ ના અનુસંધાનમાં આપેલી ‘ **वाग्व्यवदर्शन**ની સાલવારી. ’

દાસના **मालविकाग्निमित्र**માં શર્મિષ્ઠાના માત્રાબંધનો આવો પ્રયોગ ઉપરટપકે નોંધ્યો છે; અને એના **विक्रमोर्वशीय**ના આદિમંગલનો એવો પ્રયોગ **संगीतरत्नाकर**માં સવિસ્તર આપ્યો છે. મુક્તક વસ્તુનો પ્રથમ વાચિક અભિનય અને પછી આંગિક અભિનય કરવાનો સંપ્રદાય હતો. સળંગ કાવ્યબંધના કેવળ આંગિક અભિનયથી પ્રયોગના દૃષ્ટાંત તો છેક દક્ષિણનાં દેવમંદિરમાં ભજવાતાં ઉપર ગણાવેલાં પાંચ નાટકો જ છે.

## સંજ્ઞા.

આદર્શ હાથપ્રતોમાં પુષ્પિકા **प्रतिज्ञायौगंधरायणं समाप्तम्।** એવા શબ્દમાં છે તે કહી આપે છે, કે પ્રસ્તુત નાટકનું એ જ પ્રાચીન પૂરૂં નામ છે. તે વ્યવહારમાં ટૂંકાવ્યાથી **प्रतिज्ञा** સંજ્ઞા ઊભી થઈ હશે. વિશ્વનાથ આવી રીતે **साहित्यदर्पण**માં **वेणीसंहार**નો સંક્ષિપ્ત **वेणी** નામથી વ્યવહાર કરે છે. **प्रतिमादशरथ**નો ટૂંકડા **प्रतिमा** નામે નિર્દેશ, તે પણ આ પ્રકારનો છે. ટૂંકાવેલા નામના અંગે નવા પ્રસ્થાનના પરિચયવાળા પુરુષોએ ચાર અંક ઉપર જ નજર રાખી જૂના પ્રસ્થાનના નાટકને **रत्नावली** અને **प्रियदर्शना**ની **नाटिका** સંજ્ઞા આપી. પરંતુ કૈશિકી વૃત્તિનો કેવળ અભાવ છે, તેથી પ્રસ્તુત નાટકને એ સંજ્ઞા લાગુ પાડી શકાય નહિ. **अल्पं नाटकं नाटिका** એવું લક્ષણ સ્વીકારી શાસ્ત્રીજી નૂતન નામનો નિર્વાહ કરે છે. પણ કહેવૂ પડે છે, કે **नाटिका** સ્ત્રીલિંગનૂં વિશેષણ માગે છે. તેને બદલે અહીં તો નપુંસકલિંગનૂં **प्रतिज्ञायौगन्धरायणम्** છે. **नाटिका** પાઠને સમયવિરોધ પણ નડે છે. જૂના નાટ્યપ્રસ્થાનમાં રૂપક-ઉપરૂપકનો ભેદ ઊભો થયો ન હતો; અર્થાત્ નાટિકા, ત્રોટક, પ્રકરણ, વ્યાયોગ આદિ નવા નાટ્યપ્રસ્થાનના પારિભાષિક શબ્દો અજાણ્યા હતા. ભાસ અને કાલિદાસનાં સમયમાં પ્રયોગબંધનો નાટક સંજ્ઞાથી જ વ્યવહાર થતો હતો. એ કારણથી એમનાં નામ એકસરખી રીતે

નપુંસકલિંગે યોજેલાં જોવામાં આવે છે. **मध्यम** જેમ વ્યાયોગ નથી અને **विक्रमोर्वशीय** જેમ ત્રોટક નથી[૪૬], તેમ **प्रतिज्ञायौगन्धरायण** પણ નાટિકા નથી; ત્રણે નાટક જ છે.

નાટકમાં પાંચ અંકથી ઓછા ન જોઇયે એવી નવા પ્રસ્થાનની મર્યાદા સ્વીકારી શાસ્ત્રીજી 'ન્હાનું નાટક તે નાટિકા' એવું જે લક્ષણ આપે છે તે જો એમને સર્વાંશે ગ્રાહ્ય હોય, તો ત્રણ અંકના **पञ्चरात्र** કિંવા **गोग्रह**ને એઓ સમવકાર કહેવરાવવા મથે છે તે મિથ્યા છે; અને એક અંકના **मध्यम** તથા **दूतवाक्य**ની વ્યાયોગ તરીકે પૃથક્ ગણના કરાવવા શ્રમ લે છે તે પણ નિરર્થક છે. એ ત્રણે ન્હાનાં નાટક છે; અને **दूतघटोत्कच, ऊरुभङ्ग** તથા **कवचहरण** પણ ન્હાનાં એક એક અંકનાં નાટક છે. વાસ્તવિક રીતે **नाटिका** રૂઢ પારિભાષિક શબ્દ છે. તેમાંથી યોગબળે નવતર અર્થ ખેંચી કાઢવો, તે અશાસ્ત્રીય છે. આથી હું સર્વસામાન્ય પુરાણી **नाटक** સંજ્ઞાથી જ સંતોષ માનું છું.

૪૬ જુઓ 'પરાક્રમની પ્રસાદી' અને 'મધ્યમ' ના ઉપોદ્ઘાત

## परिशिष्ट

### પંચ સંધિ અને તેનાં મુખ્ય અંગ.

#### મુખઃ—વત્સરાજનું ફસાવું.

ઉપક્ષેપ—[ યૌગં૦ સ્વગત ] જાસુસ કે'તો હતો કે રાજાજીને છળાવાને... ...નીલગજ રાખેલો છે. ( પૃ. ૭ )

પરિકર—[ યૌગં૦ ] અરે હાંસુજી ! રાજાજી નાગવન પધાર્યા કે હજુ હવે ? [હાંસુજી] જી, એઓ તો ગઈ કાલના પધાર્યા. (પૃ.૧૧)

પરિન્યાસ—[ યૌગં૦ ] એણે એવી ભાળ આપી કે.........[હાંસુજી] ...મહારાજ નીલગજના વિજય માટે નીકળી પડ્યા. ( પૃ. ૧૬–૧૯ )

ઉદ્ભેદ—[ હાંસુજી ]...તે જ પળે ઝાડીમાંથી વાંસે એકાએક...... [ હાંસુજી ]...એક સરદાર ચડી આવ્યો. ( પૃ. ૨૧ )

સમાધાન—[ હાંસુજી ] તે તકે પ્રદ્યોતના અમાત્ય શાલંકાયનજી...... [ હાંસુજી ]......મહારાજજીને ઉજ્જયિની લેઈ ગયા. ( પૃ. ૨૮–૩૦ )

યુક્તિ—[ યૌગં૦ ] લેઈ ગયા ? હરિહરિ !.........પરવશ મરશે એ તર્જીને અર્ચને વા. ( પૃ. ૩૦–૩૧ )

#### પ્રતિમુખઃ—યૌગંધરાયણની પહેલી પ્રતિજ્ઞા.

પરિસર્પ—[ યૌગં૦ ] વારૂ, હાંસુજી, તમે ત્યારે મહારાજ જોડે કેમ ના ગયા ?............[ યૌગં૦ સ્વગત ].........શું સમજવું ? ( પૃ. ૩૫–૩૬ )

પ્રગમન—[ યૌગં૦ પ્રગટ ] વારૂ, મહારાજે કંઇ કહ્યું કે ?......... [ યૌગં૦ ]........પેખશે સ્વર્ગથી તે. ( પૃ. ૩૬–૩૮ )

વજ્ર—[ યૌગં૦ ] હરિહરિ!......—નિર્વીર્ય મંત્રિવર્ય છે! (પૃ.૩૯)

ઉપન્યાસ—[વિજયા] જી, માજીસાહેબ..............[ વિજયા ]...
......તમે છોડાવી લાવશો. [ પૃ. ૩૯–૪૦ ]

પુષ્પ—[ યૌગં૦ ] અહો, માજીસાહેબનાં રાજવંશી વચનમાં કેવું ધૈર્ય છે......[યૌગં૦]...તો હૂં નહિ યૌગંધરાયણ. (પૃ. ૪૦–૪૧)

ગર્ભ:—વત્સરાજ ઉજ્જયિનીમાં.

અમૃતાહરણ—[ મહા૦ ]...કેમ, બાદરાયણ, શૂં કહેવૂં છે?.........
...[ મહા૦ ]......કન્યાના ભાગ્યની વાત અન્ય તો; અન્યથા નથી. ( પૃ. ૫૦–૫૨ )

તોટક—[ બાદ૦ ] વત્સરાજ...........[મહા૦]......યૌગંધરાયણ-તણી ત્યમ હાક વાજે. ( પૃ. ૫૮–૬૧ )

માર્ગ—[ અંગા૦ અલગ ] શૂં, અમાત્ય વત્સરાજને લઈને આવ્યા!
......[ અંગા૦ અલગ ] એમના જ લોભમાં.........
વાસુનો વિવાહ આપણે કરાતો નથી. ( પૃ. ૬૩ )

આક્ષેપ—[મહા૦] જાઓ ત્યારે.........[મહા૦]......છો શૂરો સિંહ સૌ જુએ. ( પૃ. ૬૩–૬૪ )
[ મહા૦ ]...વારૂ, બાદરાયણ, એ વત્સરાજ, કહો, ક્યાં છે?
......[ બાદ૦ ] જેવી આજ્ઞા. ( પૃ. ૭૦–૭૨ )

અધિવલ—વેષધારી ત્રિપુટીનૂં ચોબારી ધર્મશાળામાં એકઠા થવૂં. ( પૃ. ૭૬–૯૨ )

વિમર્શ:—વત્સરાજનો મોહ; યૌગં૦ની બીજી પ્રતિજ્ઞા.

અપવાદ—[ રુમ૦ ] મિત્ર! શૂં વિચારો છો?.........[ વસં૦ ] મહારાજને લીધે જ; બીજા કોને? ( પૃ. ૯૯–૧૦૦ )

શક્તિ—[ વસં૦ ] એ લપટે લપટાઈ રાજાજી કે'તા હતા જે...હલકા વિચાર આણુશો નહિ. ( પૃ. ૧૦૩ )

વ્યવસાય—[ યૌગં૦ ] વસંતક ? તમે તો બટકબોલા..............
[ યૌગં૦ ] એ આવશે જશના કરીશૂં ત્યારે.(પૃ. ૧૦૫–૧૦૬)

પ્રરોચના—[ રુમ૦ ] કેવા કાઢી જઇયે છિયે તે તમે જોજો. ( પૃ. ૧૦૭ )

આદાન—[ યૌગં૦ ] હા, હા, બેઉને એ અમે લેઈ જઈશૂં........ લેઈ જો નવ જાઊં, તો ન હું યૌગંધરાયણ. (પૃ. ૧૦૭–૧૦૮)

**નિર્વહણ:**—વાસવદત્તાનું હરણ; ચિત્રનો વિવાહમહોત્સવ.

સંધાન—[ પડદા પાછળ ] વત્સરાજની જે ! વડી ગયાં વાસુબા ને મહારાજ, એ એ. ( પૃ. ૧૨૨ )

નિર્ણય—[ સિપાઇ ૩ પસાર થતાં ] પ્રધાનજી ! કહૂં એક સમાચાર ? ......[ યૌગં૦ ].........બેડચો જાયે જવે નહિ. ( પૃ. ૧૩૧–૧૩૨ )

પરિભાષણ—યૌગંધરાયણ અને ભરત રોહકની ટપાટપી. (પૃ. ૧૩૬–૧૪૪)

ભાષણ—[ બાદ૦ ] પ્રધાનજી ! મહાસેન શ્રીમુખથી કહે છે કે....... પૂજા ગ્રહણ કીજીએ. ( ૧૪૪–૧૪૫ )

આનંદ—[ બાદ૦ ].......લગનનો મહોત્સવ મચવા એ માંડચો. જુઓ.......નિરખે હરખે અશ્રુભીને નેને સુવાસિની. ( પૃ. ૧૪૬–૧૪૭ )

કાવ્યસંહાર—[ ભરત૦ ] યૌગંધરાયણજી ! મહાસેન શૂં ........
[ યૌગં૦ ].........ચાલો ત્યારે વિવાહમહોત્સવમાં. ( પૃ. ૧૪૭)

પ્રશસ્તિ—[ સૂત્ર૦ ] જય હો દેવનો !...........રાજાજી સિંહ શા શૂરા વર્તાવો આણ ભૂતળે ! ( પૃ. ૧૪૪ )

## વૃત્તિઓ અને તેનાં અંગ.

### સાત્વતી,

સંઘાતક—મહાસેનનો મંત્ર ( અંક ૨–૪ ).

યૌગંધરાયણની પ્રતિજ્ઞાઓ ( અંક ૧–૩ ).

સંલાપક—વત્સરાજના ગ્રહણ બાબત મહાસેન અને અંગારવતીના ફિકર ( અંક ૨ ).

પોતે પકડાયા પછી યૌગંધરાયણના ફિકર ( અંક ૪ ).

ઉત્થાપક—ગટિયાકૃત પ્રોત્સાહન ( અંક ૪ ).

પરિવર્તક—મહાસેનકૃત દ્વિધા રસાંતર, યૌગંધરાયણનો સોનાની ઝારીની ભેટથી સત્કાર અને વત્સરાજ તથા વાસવદત્તાનો ચિત્રપટથી વિવાહ ( અંક ૪ ).

### આરભટી.

અવપાત—નાગવનના અવરકંદમાં વત્સરાજનું પરાક્રમ ( અંક ૧ ).

સંક્ષિપ્તક—પ્રલોભન ( અંક ૧ ).

વસ્તૂત્થાપક—વ્યાસદર્શન ( અંક ૧ ).

સંફેટ—ત્રિપુટીની ટપાટપી ( અંક ૩ ).

યૌગંધરાયણ અને ભરત રોહકનો સંવાદ ( અંક ૪ ).

## રૂપિત પાત્ર.

**યૌગંધરાયણ** વત્સરાજ ઉદયનનો પ્રધાન, જે રાજાને છોડાવવાને ગાંડાનો વેષ ધારણ કરે છે.

**રુમણ્વાન** ઉદયનનો સેનાપતિ, જે રાજાને છોડાવવાને નગ્નશ્રમણ જતિનો વેષ ધારણ કરે છે.

**વસંતક** ઉદયનનો નર્મસચિવ, જે રાજાને છોડાવવાને બ્રહ્મચારીનો વેષ ધારણ કરે છે.

**હાંસુજી**[47] ઉદયનનો હજુરી.

**નમુંડો**[47] કૌશાંબીના રાજમહેલનો દ્વારપાળ.

**વિજયા** કૌશાંબીના રાજમહેલની પ્રતીહારી.

**સાલુ**[47] કૌશાંબીનો બેપિયો.

**ગટિયો**[47] ભદ્રવતી હાથણીની ચાકરી કરનારના વેષમાં કૌશાંબીનો છૂપો જાસુસ.

**પ્રદ્યોત મહાસેન** અવંતિદેશનો રાજા.

**અંગારવતી** મહાસેનની પટરાણી.

**ભરત રોહક** મહાસેનનો પ્રધાન.

**બાદરાયણ** ઉજ્જયિનીના રાજમહેલનો કંચુકી.

**રબોજી**[48] ઉજ્જયિનીની ગજશાળાનો અધિકારી.

ઉપરાંત કૌશાંબીનો બ્રાહ્મણ, ઉજ્જયિનીના સિપાહી વગેરે

---

૪૭ મૂળમાં અનુક્રમે **हंसक, निर्मुण्डक** ને **सालक** સંજ્ઞા છે.

૪૮ મૂળમાં અનુક્રમે **गात्रसेवक** અને **भट** એવાં અધિકારવાચક નામ છે.

# સૂચિત પાત્ર.

| | |
|---|---|
| **વત્સરાજ ઉદયન** | વત્સદેશનો રાજા. |
| **વૈદેહી** | વિદેહના ગણરાજ્યના રાજાની પુત્રી, ઉદયનની મા. |
| **વ્યાસ ભગવાન** | કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના સ્વરૂપે દર્શન દેનાર રાજપુરુષ, મહાસેનનો છૂપો જાસુસ. |
| **વાસવદત્તા** | મહાસેનની કુંવરી. |
| **શાલંકાયન** | મહાસેનનો સેનાપતિ. |
| **કાંચનમાલા** | મહાસેનના રણવાસની દાસી. |
| **જૈવંતિ** | વાસવદત્તાનું માગું કરવા આવેલો કાશિરાજનો પુરોહિત. |
| **શિવુભા**[૪૯] | ઉજ્જયિનીના કારાગૃહનો અધિકારી. |
| **ફૂલુભા**[૪૯] | ઉજ્જયિનીની ગજશાળાનો રાજસેવક. |
| **રૂપાંબાઇ**[૪૯] | ઉજ્જયિનીની કલાલણ. |
| **ઉત્તરા** | મહાસેનના રણવાસની વૈતાલિકી. |

વગેરે.

૪૯ **वीणावासवदत्त** મૂળમાં અનુક્રમે **शिवक**, **पुष्पदन्त** અને **किण्णिअआआ** સંજ્ઞા છે.

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૪ | द्मर्प्यते | द्मर्प्यते |
| ૮ | ૧ | વંશાલી | વૈશાલી |
| ૧૬ | ૧૮ | ભિજાવ્યો | ભિજવ્યો |
| ૧૭ | ૨૨ | अपहरेवुः | अपहरेयुः |
| ૨૨ | ૧૯ | બારમી | બારમા |
| ૨૭ | ૧૮ | सचिवः | सचिवैः |
| ૨૯ | ૨ | दशरय | दशरथ |
| ૩૨ | ૨૩ | આંગિરૂ | આંગિક |
| ૩૩ | ૧ | खूडामणि | चूडामणि |
| | ૨૫ | प्रन्थ | ग्रन्थ |
| ૩૯ | ૯ | વડી | વટી |
| ૪૦ | ૧૨ | ગટિયો૪૭ | ગટિયો૪૮ |
| ૯ | ૧૧ | પ્રતિત | પ્રતીત |
| ૧૦,૨૦ | ૧૯,૧૫ | લીધ્રો | લીધો |
| ૧૬ | ૨૧ | દીધ્રો | દીધો છે |
| ૨૨ | ૬ | પોર રાની | પોરસાની |
| ૪૭ | ૧૨ | દેવ | દૈવ |
| ૫૨ | ૧૮ | એડલા | એટલા |
| ૫૬ | ૧૩ | મરણાવવા | પરણાવવા |
| ૫૭ | ૧૨ | शोरसेनः | शौरसेनः |
| ૫૯ | ૧૭ | ભૂમમાં | ભૂળમાં |
| ૬૦ | ૨૨ | दढम् | दृढम् |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૫ | ૧૪ | ભણુ | પણુ |
| ૭૦ | ૧૩ | વ'સરાજ | વત્સરાજ |
| ૭૭ | ૩ | ઓહિયાં | ઓહિયાં |
| ૭૨ | ૬ | ગભરાના | ગભારાના |
| ૮૩ | ૧૩ | ૧૪૮ | ૧૪૯ |
| | ૧૫ | ૧૫૧ | ૧૫૦ |
| ૮૬ | ૭ | હુ | હું |
| ૮૮ | ૧૬ | उम्मत्ताअस्स | उम्मत्ताउस |
| ૧૦૮ | ૨૦ | भा सु | मा सु |
| ૧૦૯,૧૧૦ | ૨૧,૧૨ | कि | किं |
| ૧૧૦ | ૧૨ | किपि | किंपि |
| ૧૧૪ | ૧૮ | मप | मप |
| | ૨૦ | ૧૬ | ૧૬૬ |
| ૧૧૫ | ૨ | ધ્વન | ધ્વજ |
| ૧૨૧ | ૬ | ક્યાં | ક્યાંથી |
| ૧૨૪ | ૨૦ | બદબ | બદલ |
| ૧૩૩ | ૧૯ | ભૂલિ | ભૂલી |
| ૧૩૬ | ૧ | ડીક | ઠીક |

# કેશવલાલ હર્ષદરાય ધ્રુવે

## પ્રસિદ્ધ કરેલાં પુસ્તક.

| | | |
|---|---|---|
| મેળની મુદ્રિકા | ( આ. ૫ ) | રૂ. ૧—૪—૦ |
| પરાક્રમની પ્રસાદી | ( આ. ૫ ) | ૧—૦—૦ |
| સ્વપ્નની સુંદરી | ( આ. ૨ ) | નવી આવૃત્તિ છપાય છે. |
| વિંધ્યવનની કન્યકા | ( આ. ૩ ) | ૦—૧૫—૦ |
| મધ્યમ | ( આ. ૨ ) | { કાચી બાંધણી ૦—૮—૦<br>પૂંઠી બોર્ડ ૦-૧૦-૦ |
| પ્રધાનની પ્રતિજ્ઞા | ( આ. ૨ ) | ૦-૧૨-૦ |
| ગીતગોવિંદ | ( આ. ૪ ) | ૧—૮—૦ |
| અમરુશતક | ( આ. ૪ ) | ૧—૪—૦ |
| છાયાઘટકર્પર | | ૦—૧—૦ |
| સત્યવાદ અને પક્ષવાદ | | ૦—૩—૦ |
| બાણકૃત કાદંબરી, પૂર્વ ભાગ | | ૩—૦—૦ |
| **મુદ્રારાક્ષસમ્** | | નવી આવૃત્તિ બહાર પડનાર છે. |

હવે પછી પ્રસિદ્ધ થવાનું પુસ્તક

**બાણકૃત કાદંબરી, ઉત્તર ભાગ.**

મળવાનાં ઠેકાણાં:—મુંબઇ, સુરત, વડોદરા અને અમદાવાદના

પ્રસિદ્ધ બુકસેલર.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## પ્રસ્તાવના.

સ્થળ પાટલિપુત્રના રાજમહેલની નાટકશાળા.

નાંદી થઈ રહ્યા પછી સૂત્રધાર

પ્રવેશ કરે છે.

[સૂત્ર૦]

(અનુષ્ટુપ.)

શ્રીએ વાસદત્તાએ સુવિખ્યાત ષડાનન!
વત્સરાજ! મહાસેન! જય, યૌગંધરાયણ! [क] ૧

---

क કાર્તિકેયનું મંગળાચરણ છે. એઓએ તારકાસુરને હણી વાસવ એટલે ઇંદ્રને ત્રૈલોક્યની પ્રભુતા મેળવી આપી હતી, તેથી એઓ સુવિખ્યાત છે. એઓ યુગંધર એટલે મિથુનરૂપધારી અર્ધનારીશ્વર શંકર ભગવાનના પુત્ર (યૌગંધરાયણ) છે. જ્યેષ્ઠરાજ ગણપતિથી ન્હાના હોઈ, એઓ વત્સરાજ એટલે બાળારાજા નામ ધરાવે છે. તેત્રીસ કોટિ દેવની સેનાના ઉપરી હોવાથી એઓ મહાસેન સંજ્ઞાથી ઓળખાય છે. એમને છ મુખ છે, તેથી એઓ ષડાનન કહેવાય છે. વીરરસપ્રધાન નાટકમાં સેનાનીનું મંગળાચરણ યોગ્ય જ છે. પ્રસ્તુત પ્રયોગબંધમાં પ્રધાન મહાસેનને ત્યાંથી વત્સરાજ ઉદયનને છોડાવવાની અને રાજકુમારી વાસવદત્તાનું હરણ કરવાની પ્રતિજ્ઞા પ્રધાન અમાત્ય યૌગંધરાયણ પાર પાડે છે; તેનું ગૂઢ સૂચન અહીં વત્સરાજ, વાસવદત્તા, મહાસેન અને યૌગંધરાયણની મુદ્રા વડે કરવામાં આવ્યું છે.

(બે ડગલાં ભરી પડદા તરફ મુખથી)

(વનવેલી.)

આર્યા! અહીં આવો;

[ **નટી** પ્રવેશ કરી ]

આવી, આર્ય.

[ સૂત્ર૦ ]

અને કોઇ ચીજ

ગાઓ, જેથી જોનારા એકાગ્ર બની જાય. પછી કવિ ભાસનું **प्रतिज्ञायौगन्धरायण** કિંવા **પ્રધાનની પ્રતિજ્ઞા** ( ख ) એ નાટક ભજવવાનું આદરિયે, આર્યા! શા વિચારમાં છો[૧] ?

---

પડાનન પદથી, ચાર અંક અને બે વિષ્કંભક મળી નાટકનાં છ પ્રવચન છે, તેનો આક્ષેપ છે. મહાસેન મુદ્રાથી કવિ પોતાના સત્કર્તા સેનાપતિ પુષ્યમિત્રનું સ્મરણ કરાવે છે. મંગલશ્લોકમાં જ નાટકનાં મુખ્ય રૂપિત અને સૂચિત પાત્રનો પ્રસ્તાવ કરી કવિએ પ્રસ્તાવના નામનું સાર્થક્ય બતાવ્યું છે. રત્નાવલી અલંકાર.

ख ભાસના સમયમાં નાટક અને નાટકકારનાં નામ સૂત્રધારે સ્વમુખે જણાવવાનો રિવાજ હતો. એ મુજબ સૂત્રધારના તરફના **भासप्रणीतं प्रतिज्ञायौगन्धरायणं नाम** શબ્દો મૂળમાં ઉમેરવાના ક્રમે મેં અનુવાદ આપ્યો છે.

---

૧ મૂળમાં અહીં **ननु गीयते ।** વધારે છે. એ બોલોની જરૂર નથી; તેથી મેં તે તજી દીધા છે. છતાં રાખવા હોય, તો સુધારીને **न तु गीयते ।** એમ વાંચવું જોઈશે.

[ **નટી** ]

એ તો મને ગઈ રાતે માઠું સ્વપ્ન આવ્યું હતું, તેથી એમ કે'વા કરતી હતી કે કોઈકને, આર્ય, મારે મૈયર મોકલિયે ને કુશળ પૂછાવિયે[૨].

[ સૂત્ર૦ ]

હા, ભલે, એમ કરિયે.

( અનુષ્ટુપ. )

એવો મોકલિયે, જે કે જા કહેતાં જાય તત્ક્ષણ;
એપિયો[૩] પાડવે છે આ જેવો યૌગંધરાયણ. (**ग**) ૨

બંને જાય છે.

---

**ग** સૂત્રધાર અને નટીના નિર્ગમનની અને નાટકનાં પાત્રોના પ્રવેશની યોજના કેવી સાદી, સ્વાભાવિક અને મનોહર છે! નટીને અશુભના ભણકારા થવાનો પ્રસંગ યૌગંધરાયણને વત્સરાજને માટે થતી ચિંતાના પ્રસ્તાવનું પગથિયું છે. **वेणीसंहार**ના બીજા અંકમાં નારાયણે અશુભ સ્વપ્નના તર્કના અનેકધા વિસ્તાર કર્યો છે, તેનું બીજ અહીંથી લીધું જણાય છે. પ્રસ્તાવનાની રચનામાં કાલિદાસ તો સર્વાંશે ભાસના જ આદર્શ લે છે. પ્રસ્તુત શ્લોકમાં ઉપમા અલંકાર છે.

---

૨ મૂળમાં **इच्छामि अय्येगं...पुरुसं पेक्खिदुं ।** છે. એ રચના કઢંગી અને દૂષિત છે. તે કારણથી **इच्छामि अय्यो णं...पुरुसं पेक्खिदु ।** પાઠ મેં યોજ્યો છે.

૩ મૂળમાં શ્લોકના ઉત્તરાર્ધની પૂર્વે **नेपथ्ये । सालक सज्जस्त्वम्** એટલું વધારે છે. યૌગંધરાયણની એ નેપથ્યોક્તિ રંગોક્તિથી પુનરુક્ત બને છે; અને એ પુનરુક્તિનું સમાધાન થઈ શકતું નથી. સબબ નેપથ્યોક્તિ મેં તજી દીધી છે.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## અંક ૧.

સ્થળ કૌશાંબીનો રાજમહેલ.

અમાત્ય યૌગંધરાયણ અને ખેપિયો સાલુ પ્રવેશ કરે છે.

[ યૌગં૦ ]

(વનવેલી.)

તું જાય છે, સાલુ ?

[ સાલુ ]

હોવે, હું જાશ સૂં.

[ યૌગં૦ ]

બાઇ ! પંથ ઝાઝો છે, હો.

[ સાલુ ]

મર, પંથ
ઝાઝો હો ને. તીમેં ગમ થ્યૂં તે ? અંન-
દાતા પર મારો ભાવ ઝાઝેરો સે,
તાણે તો હું જાવા બાંદ ઝડ્યૂં સૂં.

[યૌગં૦ સ્વગત ]

ભાવથી[૪] જવા તૈયાર થયો છે, તો
જશે એમાં ફેર નહિ.

---

૪ મૂળમાં **बलवान् यस्य सहार्थः** । છે. આનો અર્થ થઈ શકતો નથી. તેથી મેં **बलवानस्य स्नेहार्थः** પાઠ કલ્પ્યો છે. પ્રત

(વૈશ્વદેવી.)

બીજે સત્કારે ને ગુણે, ભાવ રાખે,
તેને મુશ્કેલે સોંપવું કામ લેખે.
ભાડુતીઓથી કામ લેવાય જેહ,
થાવું ના થાવું દૈવને હાથ તેહ. (ઘ)૧

[ ખેપિયા પ્રત્યે ]

(વનવેલી.)

ભાઇ! મહારાજ કાલે વેણુવનના નીકળ્યા
ત્રણ[૫] વન વટાવીને નાગવન જવાના છે.
તેમને, જો, તારે ભળભાંખળું થતામાં જઈ
મળવાનું છે.

---

ઘ ગદ્યભાગ અને શ્લોક વિવેચનની દૃષ્ટિએ સંલગ્ન લેતાં અર્થાંતરન્યાસ અલંકાર છે.

---

કમાં **સૌહાર્દમ્** છે. તે વાસ્તવિક રીતે **स्नेहार्थः** ઉપરનું અર્થપ્રદર્શક ટિપ્પણ છે, જે લેખકની ભૂલથી મૂળને સ્થાને ગોઠવાઈ ગયું છે. ટિપ્પણી ૨૯ વાળી ઉક્તિમાં **स्नेहात्** ને બદલે પ્રત કમાં ભ્રષ્ટ **सेहात्** છે; તે અહીંના ભ્રષ્ટ પાઠ સાથે સરખાવવા જોગ છે. ઉપરાંત મૂળમાં શ્લોકના પહેલા ચરણમાં **स्निग्धेष्वासज्यं** છે; તેને બદલે બીજા ચરણમાં **यो वा** પાઠ ઉપર નજર રાખી મેં **स्निग्धे वासज्यं** પાઠ લીધો છે.

૫ મૂળમાં **त्रिषु गहनेषु.....प्रागेव** છે, તે બદલે સ્પષ્ટતા અને ચોક્કસાઇ સારૂ **यत्किं न नान्यतास्य.....प्रगे एव** પાઠ મેં યોજ્યો છે. પ્રત ક આરંભના ઈસ્સારના તરફેણમાં છે.

[ **સાહ્ન** ]

ભલે ને, ભલે ને, તમે ૬મને એ લખત આલો. આ ખોળિયું સે તે અંનદાતાની જ ખેપ કાજે હરજ્યું સે.

[ **યૌગં૦** ]

બહુ સારૂં. વિજયા !

[ **વિજયા** પ્રવેશ કરી ]

જી, હાજર છું.

[ **યૌગં૦** ]

રાજમાતા

વૈદેહીજી ૭પત્ર આપે તે, જા, લેઈ આવ. જોજે, જાણે તું ગઈ જ નથી.

---

૬ પ્રત ખમાં **तुहो खु मय्यो पंछजहिआयतक्केअ सरीरं ।** એવું ભ્રષ્ટ મૂળ છે. તે સુધારી લેઈ **लेहं खु अय्यो यच्छतु जहिं आयत्तीकअं सरीरं ।** પાઠ મેં યોજ્યો છે.

૭ મૂળમાં **विजये त्वर्यतां लेखः प्रतिसरा च ।** એમ છે. પરંતુ વસ્તુસ્થિતિ વિચારતાં લેખ જ માત્ર યૌગંધરાયણનો જણાય છે. એ લેખ રાજમાતાને જોવા મોકલ્યો હશે. તે પ્રતિહારીને મોકલીને પાછો મગાવે છે, તે વખતે લેખ સાથે રક્ષાબંધનનો દોરો મોકલવાનું રાજમાતાને સુઝે છે; જુઓ ટિપ્પણી ૯. મૂળ પાઠમાં લેખ કોની પાસેથી લાવવાનો છે તે કહ્યૂં નથી; અને ન મગાવેલ **प्रतिसरा**નો વધારો છે. મેં **त्वरितं राजमातुर्लेखमुपनय ।** એવો કલ્પિત પાઠ યોજ્યો છે. અક્ષરો બધા ખવાઈ જવાથી ભ્રષ્ટ પાઠ કોઈએ ઓઢવ્યો છે.

[ વિજયા ]

એક પલકારામાં જ આવી જાણો. [જાય છે.]

[ યૌગં૦ ]

વારૂ, સાલુ ! તું જવાને ખડો તો થયો છે, પણ ભાઇ ! તેં એ વાટ ભાળી છે કે ?

[ સાલુ ]

મીં એ હાંભળી સે; મર, નથે ભાળી.

[ યૌગં૦ ]

વાહ, તું તો બડો બહાદુર છે !

[ સ્વગત ] જાસૂસ કે'તો હતો કે રાજાજીને છળવાને ૮નાગવનમાં પ્રદ્યોતે મલ્લિકની ઝાડી માંહી નીલ ગજ રાખેલો છે. ભગવાન ભલું કરે અને એણે રાજાજી ન ભરમાય. પ્રદ્યોતને વત્સરાજનો શો ભારે ભય છે ! હું એનો ભેદ સારી રીતે સમજું છું. સૈન્યમાં સહુ સહુની ખીચડી જુદી ચડે છે, તેની નબળાઇ એને ખટકે છે. બાર ભૈયા અને તેર ચોકા છે.

૮ મૂળમાં **वनगजप्रच्छादितशरीरं** છે. તે પાઠ વસ્તુસ્થિતિ સાથે બંધ બેસતો નથી. પાળેલા હાથીઓ જ્યાં જેમ ગોઠવી રાખવા હોય ત્યાં તેમ રાખી શકાય, પણ જંગલી હાથી એ રીતે રાખવાનું બને નહિ. આથી ટિપ્પણી ૫, ૨૨, ને ૩૨ વાળી મૂળ ઉક્તિઓ ઉપર નજર રાખી **नागवने मल्लिकसालप्रच्छादितशरीरं** પાઠ કલ્પ્યો છે.

(વસંતતિલકા.)

અક્ષૌહિણી દળ છતાં નહિ એકતંત્ર,<br>
શૂરા પટાવત છતાં નહિ ભક્તિમંત્ર,<br>
તેણે રમે છળ નરેશ; ન જંગ માંડે.<br>
સેના, ત્રિયા, ઉભય રાગ વિના બગાડે. (*)૨

[ **વિજયા** પ્રવેશ કરી ]

(વનવેલી.)

લો આ પત્ર, પ્રધાનજી. માજીસાહેબે તે સાથે એમ કા'વ્યું છે, કે રક્ષાબંધનનો દોરો મોકલાવવાનો છે તે ૯રણવાસની સુવાસિનીના હાથથી વણાવીને હું મોકલું છું.

---

* અર્થાંતરન્યાસ અલંકાર.

---

૯ શત્રુનું કાવતરૂં ઊઘાડું પાડવાને અને સ્વામીને ચેતાવવાને લેખ લખવો પ્રધાનને શોભે છે, તેમ પુત્રની રક્ષા સારૂં મંગળ-દોરો મોકલવો માતાને શોભે છે. આ સમજથી **पडिसरा अ अवरोहजणप्पयुत्ता वीयदि त्ति** એવો પાઠ મેં અહીં યોજ્યો છે. મૂળમાં **पडिसरा सव्ववहूजणहत्था तुवारीअदि त्ति** છે. અસલ **अवरोह**નો પહેલો ને ત્રીજો અક્ષર તથા **प्पयुत्ता** બોલ આખો ખવાઈ ગયે ઉપલબ્ધ પાઠ નીપજ્યો જણાય છે.

[ યૌગં૦ ]

વિજયા ! જા,

વિનયથી વીનવ કે જરા વ્હેલો મોકલશો[૧૦]. (घ)

[વિજયા] હુકમ.

વિજયા જાય છે; ને નમુંડો એકાએક પ્રવેશ કરે છે.

[નમુંડો[૧૧]]

મહારાજ પાસેથી, ખાવિંદ, હાંસુભા આવ્યા છે.

[ યૌગં૦ ]

[૧૨]હાંસુજી આવ્યા છે ? ત્યારે, સાલુ, તું હવણાં રહે.

---

घ ખેપિયો મોકલવાની ત્વરાથી યૌગંધરાયણનો ઔત્સુક્ય નામે સંચારી ભાવ પ્રતિત થાય છે.

---

૧૦ મૂળમાં **सर्ववधूजनहस्तप्रयुक्ता वा एका वा प्रतिसरा दीयतामिति ।** છે. આમાં **प्रतिसरा** બોલના પૂર્વેનો ભાગ ગઈ ભ્રષ્ટ ઉકિતમાંથી વિકાર પામી ઊતરી આવ્યો છે; અને પ્રસ્તુત બે ઉક્તિઓનાં **दीअदि** અને **त्वर्यताम्** ક્રિયાપદની અદલાબદલી થઈ છે. પ્રક્ષિપ્ત અંશ તજી દેઈ અદલાબદલી થયેલાં પદોને પોતપોતાની ઉક્તિમાં ગોઠવી **प्रतिसरा त्वर्यतामिति ।** એનો શુદ્ધ પાઠ અહીં યોજી અનુવાદ કર્યો છે.

૧૧ મૂળમાં આના પૂર્વે **निर्मुण्डकः । सुहं अय्यस्स । यौगंधरायणः । कथं निर्मुण्डकः ।** એ બે ઉક્તિ વધારે આપેલી છે. તે ભજવનારે ઊમેરેલો ભાગ જણાય છે.

૧૨ મૂળમાં **कथं हंसक एकः प्राप्त इति । सालक विश्रम्यतामिदानीं मुहूर्तम् । त्वरितं वा यास्यसि सविभ्रमो**

[ સાલુ ]

હાઉ, મોટા. [ જાય છે. ]

[ યૌગં૦ ]

નમુંડા, તું હાંસુજીને તેડી લાવ.

[ નમુંડો ]

હુકમ પ્રધાનજીનો. [ જાય છે. ]

[ યૌગં૦ ]

જીવ જાય તો પણ જે મહારાજાનાથી અળગા ન થાય, તે હાંસુજી એકલા આવ્યા છે; તેથી મનમાં અનેક વ્હેમ ઊપજે છે

(આખ્યાનકી.)

માંદા સગા માટે વિદેશવાસી
શંકા કરે ઘેર જતાં પ્રવાસી;
તે રીત હાવાં મનમાં વિમાસું,
સુણીશ હું ઇષ્ટ અનિષ્ટ વા શું? (છ) ૩

એવે હાંસુજીને લઈ નમુંડો પ્રવેશ કરે છે.

---

છ ઉપમા અલંકાર સંચારી ચિંતાને દીપાવે છે.

---

वा। એ રીતે પાઠ છે. તે બદલે **कथम्। हंसकः प्राप्तः। सालक विश्रम्यतामिदानीम्।** એવો ટૂંકો પાઠ મેં લીધો છે. વધારાના નિરર્થક શબ્દો ભજવનાર તરફના છે.

[નમુંડો]

(વનવેલી.)

આવો, આમ ચાલ્યા આવો.

[હાંસુજી]

ક્યાં બેઠા છે પ્રધાનજી ?

[નમુંડો]

આ બિરાજે. પધારો, બા.

૧૩નમુંડો પાછો વળે છે. હાંસુજી પ્રધાન પાસે જાય છે.

[પૈગં૦]

અરે હાંસુજી! રાજાજી નાગવન પધાર્યાં, કે હજુ હવે ?

[હાંસુજી]

જી, એઓ તો ગઈ કાલના પધાર્યા.

[પૈગં૦]

અફસોસ ! બેપિયો દોડાવવો નકામો થયો. શત્રુ છળબળે ફાવ્યા. હજુ કંઇ આશા છે, કે આપઘાતની તૈયારી સમજવી ?

---

૧૩ મૂળમાં આ નાટ્યસૂચિને બદલે **हंसकः उपसृत्य । सुहं अय्यस्स ।** એ રીતની, ટિપ્પણી ૧૧માં આપેલા ક્ષેપક ભાગનાં જેવી ઔપચારિક ઉક્તિ છે; તે ભજવનારના તરફની લાગે છે. સ્વામીના સંકટની ખબર લાવનાર હજુરી ઉપચાર કરવા રહે નહિ. આથી પ્રસ્તુત ઉક્તિ તજી દેઈ **हंसक उपसरति ।** એવી નાટ્યસૂચિ યોજી છે.

[હાંસુજી]

બલા દૂર થાઓ. રાજાજી જીવે છે.

[યૌગં૦]

[14]એટલે કંઇક માઠું થયું હોવું જોઇયે. શું ત્યારે ભૂંડા દુશ્મનના હાથમાં એ ફસાયા છે?

[હાંસુજી]

અફસોસ એ જ હાલ છે. પ્રધાનજીએ અનુમાન બરાબર કર્યું.

[યૌગં૦]

એમ ત્યારે? દુશ્મનના હાથમાં રાજાજી પડ્યા. પ્રદ્યોતના ભાગ્યે જોર કર્યું અને એની સર્વ ચિંતા ટળી. ([15]હાથઘસી) થયું. આજથી અમે પ્રધાન કાચા કે'વાયા ને દુનિયાંમાં વગોવાયા. પણ ત્યારે,

---

૧૪ મૂળમાં **धरते तावदित्यनूर्जिता विपत्तिरभिहिता।** છે. હવે વિચારિયે, તો સ્વામી દુશ્મનના હાથમાં પડ્યા એ ન્હાનીસૂની વિપત્તિ નથી. અર્થાત્ તેને **अनूर्जिता** વિશેષણ લગાડાય નહિ. હું તો અસલ પાઠ **अनूचिता** લેઉં છું. એનો ત્રીજો અક્ષર ખવાઇ ગયે કોઇએ **अनूर्जिता** પાઠ ગોઠવ્યો લાગે છે. અસલ બોલ **अनूचिता** જ છે. તે મૂળમાં ભળી ગયેલું **अभिहिता** ટિપ્પણ કહી આપે છે.

૧૫ મૂળમાં ઉક્તિના બીજા વાક્યના આરંભે વિષાદસૂચક અવ્યય **हन्त भोः** છે. ત્યાં તે અસ્થાને હોવાથી ત્રીજા વાક્યના આરંભમાં મૂકી અર્થ લાચારીના 'થયું' પદથી બતાવ્યો છે.

હાંસુજી, અગમબુદ્ધિ રુમણ્વાન એ વખતે ક્યાં ગયા 'તા ને ચુનંદા [16]હયદળે ક્યાં ગયું' તું ?

(વસંતતિલકા.)

એ વીર વજ્રવપુ, [17]સિંહ સમાન શૂરા,
સંપી, સજાત, રગિયા નરનાથકેરા
ફૂટી ગયા ? અરિકરે વનમાં ફસ્યા ? કે
યુદ્ધે ખપી વિષમ સૌ સ્વરગે વસ્યા એ ? (ज) ૪

[હાંસુજી]

(વનવેલી.)

એઓ હોત, તો તો અનરથ ન જ નીપજત.

[યૌગં૦]

એમ કેમ ? ક્યાં ગયા 'તા ? કેમ સાથે ન હતા ?

[હાંસુજી]

તે હું આપને કહું, જી.

[યૌગં૦]

હાંસુજી! પરાણે શ્વાસ લો છો. રહો,
બેસો, ભાઇ, તમે જરા થાક ખાઓ.

---

ज વિષાદ, આવેગ અને શંકાની શબલતા છે.

---

૧૬ મૂળમાં અરૂદ **अभ्वारोहणीयं** છે, તે બદલે રૂઠ **अभ्वीयं** પાઠ કલ્પ્યો છે.

૧૭ મૂળમાં **णार्जितं** છે, તે બદલ **गुणोर्जितं** પાઠ યોજી 'સિંહ સમાન શૂરા' એવો તાત્પર્યાર્થ અનુવાદમાં આપ્યો છે.

[હાંસુજી]

જી, બેસું છું

(બેસી શ્વાસ શમતાં) સાંભળિયે, પ્રધાનજી.

મહારાજ વત્સરાજે પાછલી રાતે મુકામ ઉપાડ્યો; ને ટાઢે પ્હોર નીલમેઘની સવારી કરી વેણુને ઉતારે [18]જમુના નદી ઓળંગી, સૌ કટક ઉતરી રહ્યું ત્યાં લગી, પોતે વેણુવનમાં સહજ થોભ્યા. પછી રાજચિહ્ને ખાતે છત્ર એકલું જ રાખી, હાથીઓનાં ટોળાં કજ્જ ફેરનારી સેના સહવર્તમાન રાજાજીએ [19]વનમાંની મલ્લિકની કુંજનો મારગ લીધો.

---

૧૮ મૂળમાં **णइं णम्मदं तरिअ वेणुवणे कलत्तं आवासिअ** છે. આ પાઠ ભ્રષ્ટ ને અસંગત છે. કૌશાંબીથી અવંતિની સરહદના નાગવને જતાં માર્ગમાં નર્મદા નદી નહિ, પણ યમુના આવે; અને તે તરવી નહિ પણ ઉતરવી પડે. વળી કુંવારા વત્સરાજને વેણુવનમાં **कलत्र** મૂકી જવાનું પણ હોય નહિ. આથી **जमुणं उत्तरिअ वेणुवणे मुहुत्तं आवसिअ** પાઠ કલ્પવો પડ્યો છે. પ્રતનો **यणणम्म** પાઠ **जमुणं**નો અવગતિઓ પૂર્વજ છે. **उत्तरिअ**નો પહેલો એક અને **मुहुत्तं**ના પહેલા બે અક્ષર ભવાઈ ગયે નવા ભ્રષ્ટ પાઠ ઉદ્ભવ્યા લાગે છે.

૧૯ મૂળમાં **मग्गमदअणीए वीहीए णागवणं** છે. તે બદલ **लग्गमल्लिअवीहीअं णागवणं** પાઠ યોજ્યો છે. પહેલો ને છેલ્લો અક્ષર ભવાઈ ગયે પાઠ ભ્રષ્ટ થયો જણાય છે.

[ યૌગં૦ ]

પછી ?

[ હાંસુજી ]

તીરવા સૂરજ આકાશમાં ઊંચો આવ્યો,
એટલામાં આટલાક જોજન વટાવી દીધા.
હવે [૨૦]કુંજ પ્હોચવાને એક કોસ કાપવો જ
બાકી હતો. અહીં અમે રાની હાથીઓનું એક
ટોળું જોયું. તેમનાં શરીર [૨૧]જાણે તેલ ચોળ્યું.

---

૨૦ મૂળ **मद्अंधीरपव्वदं,** કલ્પિત **मल्लिअपव्वर्यि. वीथी** અને **पव्वयि** પર્યાય છે. પ્રસ્તુત અને તેના પૂર્વેની ઉક્તિમાં **मद्अन्ती** તથા વિકૃત **मद्अणी** શબ્દ જોવામાં આવે છે, તે **मल्लिकाना** પર્યાય **मद्यन्तीनां** પ્રતિરૂપ છે. અસલ **मल्लिअ** ( સં. **मल्लिक=गिरिमल्लिका**=કડાનું ઝાડ ), તેને સ્થાને ભૂલથી **मल्लिआ** ( સં. **मल्लिका**=નવમલ્લિકા, મોતિયો મોગરો ) વંચાઈ તે ઉપરનું **मद्यन्ती** ટિપ્પણ મૂળમાં દાખલ થઈ ભ્રષ્ટ પાઠ ઊપજ્યા લાગે છે.

૨૧ મૂળમાં **तडाअपड्कुविस्सतं अड्णिम्मिद्सिलाकम्मं विअ विसमदंसणं दिट्ठं णो णाअजूहं ।** એવો પાઠ છે. અહીં હાથીઓના શરીરે તળાવનો કાંપ વળગ્યો છે, તે ઉપર કવિએ ઉત્પ્રેક્ષા કરી છે. આ પ્રસંગમાં શાસ્ત્રીજી **शिला** શબ્દે શ્યામ સોમલ સમજે છે. પરંતુ રાતા સોમલ ( red arsenic ) ને જ **शिला** કે **मनःशिला** ( મનશિળ ) કહે છે. કાળો સોમલ તો થતો જ નથી. કદાચ **सिलाकम्मं** નહિ, પણ **सिणेहकम्मं** પાઠ અભિપ્રેત હોય. હાથીઓ કાળા હોય છે. તેમનાં શરીર તેલ ચોળ્યાથી કાળાંભમર બની બીહામણાં દેખાય છે. આથી, તળાવનો કાંપ વળગ્યે ઘેરો કાળો રંગ જે

હોય તેમ તળાવના કાંપે ખરડાઈ કાળાં-જમર દેખાતાં હતાં. તે ટોળું, જોવાની સાથે જેવા તેવાના તો હાજા ગગડી જ જાય, એવું બીહામણું હતું.

[યૌગં૦]

પછી ?

[હાંસુજી]

શિકારીની તુકડીઓ ધારી ધારી એને જોવા લાગી, તેણે કરી હાથી વ્હેમ ખાઈ ઝટ વ્યૂહબંધ ગોઠવાઈ ગયા. એ વેગાએ એક જણ પગપાળો રાજાજીની પાસે આવ્યો. એ હરામીએ ખરાબી કરી.

[યૌગં૦]

રહો,

હાંસુજી, હું કહું હવે. એણે એવી બાળ આપી કે અહીંથી [22]કોસ પર મલ્લિકની ઝાડી માંહી નવતર હાથી છે. એ સૂંઢથી ને પૂંછડાના

---

થાય છે, તેમાં સ્નેહનની ઉત્પ્રેક્ષા કવિએ કરી હોય. આવી સમજથી મેં **तडाअपङ्कक्खित्त अद्धा णिम्मिदसिणेहकम्मं विअ विसमवसणं दिट्ठं णाअजूहं** । પાઠ યોજ્યો છે; અને વધારો પડતો **णा** બોલ તજી દીધો.

૨૨ મૂળ **मल्लिकासाल,** કલ્પિત **मल्लिकसाल;** જુઓ ટિપ્પણી ૨૦. ચોથા અંકના બારમા શ્લોકમાં આજ પાઠ છે.

છેડા સુધી સાવ નીલ રંગનો છે, માત્ર નખ અને દંતુસળ માફ. કેમ બાપુ. એમ જ ને ?

[ હાંસુજી ]

અહોહો[23] ! તમે તો ત્યારે રજે રજ જાણો છો ! આ તો દેખતી જ આંખે ધૂળ પડ્યા જેવું થયું.

[ યૌગં૦ ]

દૈવ આડે દેખતી એ આંખે દેખ્યું ન દેખ્યું જ નીવડે છે. કહો, પછી ?

[ હાંસુજી ]

એ લુચ્ચાને રાજાજીએ સો સોનૈયા સરપાવ આપ્યો. પછી પોતે કહ્યું:— ખરૂં છે. એ ઠીક કે' છે. હસ્તિશાસ્ત્રમાં એ [24] નીલ કમળના રંગના ગજેંદ્ર વિશે વાંચેલું છે. એ[25] હાથીનો ધણી, કે' છે, ચક્રવર્તી થાય છે. માટે હું એ નીલ હસ્તી વીણાની સહાયતાથી

---

૨૩ મૂળ हं पाडिण्णा खु अण्णेण । आगमित्ति खु स-ज्जप्पण्णा अअं दोसो ।; કલ્પિત कहं, परिण्णादं । अण्णे आगमत्तए सज्जप्पण्णो अअं दोसो ।. શાસ્ત્રીજી પણ पडिण्णादंને સુધારી परिण्णादं પાઠ કલ્પે છે.

૨૪ મૂળમાં અહીં णाम વધારે છે.

૨૫ મૂળ चक्कवट्टी हत्थी, કલ્પિત चक्कवट्टिहत्थी. હાથીને ચક્રવર્તી કહેવો બ્હષ્ટ નથી. પરંતુ હાથીનો માલીક ચક્રવર્તી થાય એ કહેવું બ્હષ્ટ છે. માટે ફેરફાર કર્યો છે.

ઝાલી લાવું છું; ને તમે આ હાથીનું ટોળું નાસી જવા પામે નહિ એમ સાવધાન રહેજો.

[ ચોગાં૦ ]

અને રમણવાને આંખો મીંચી રાજાજીને જવા દીધા?

[ હાંસુજી ]

ના રે ના, જી. સેનાપતિએ તો મ્હેરબાની ભરી નિધા ખેંચી રાજાજીને વીનતી કરી કે મહારાજ નીલ ગજ તો શું, ઐરાવત આદિ દિશાગજો ગ્રહો, ના નહિ જ. આપશ્રીને સ્હેજ છે એ. પણ આ છે પરભૂમિ. ડગલે ડગલે અહીં જાપતાના વાંધા લીધે જોખમ છે. તેમાં વળી આપણા જે પાડોશી છે, તેમનામાં ખરો ક્ષાત્ર ધર્મ નથી: એટલે કે કર્તવ્ય અકર્તવ્યની લાજ નથી. માટે ફરી રાજાજીએ એકલાએ જવું ઠીક નથી. આપ સાથે [૨૬]અમે ચાલીશું; ને પાયદળ વાંસે રહેશે. તે હાથીના ટોળા માટે બસ છે.

[ ચોગાં૦ ]

શું, એ પ્રમાણે સર્વ જનના સમક્ષ

---

૨૬ 'સાથે'ના અર્થનો સમં બોલ મૂળમાં છે નહિ; તે સ્પષ્ટતા સારૂ ઉમેર્યો છે.

રુમણ્વાને મહારાજને કહ્યું? ત્યારે તો [૨૭]મારી ખાતરી થઈ, એઓની દૃઢ સ્વામિભક્તિ વિશે ફેરવતનો અવકાશ નથી.

[ હાંસુજી ]

એમને એ વારે રાજાજીએ સમ દઈ વારી રાખ્યા. ત્યાર પછી નીલમેઘ હાથીએથી ઊતરીને [૨૮]સુપાટલ ઘોડે અસવાર થઈ વીસ પાળા સુભટ જ સંગે લેઈ મહારાજ નીલ ગજના [૨૯]વિજય માટે નીકળી પડ્યા. એ ટાણે સૂર્ય ભગવાને આકાશમાં લગભગ અર્ધ પંથ કર્યો હતો.

[ યૌગં૦ ]

ક્રીડાના કુતૂહલમાં[૩૦] ભૂતકાળના વૃત્તાંત વત્સરાજ ભૂલી ગયા!

[ હાંસુજી ]

પછી એક નહિ ને બે કોસ વાટ કાપી, ત્યારે અમારાથી સો ધનુષ

---

૨૭ મૂળ **पथमप्य......मिच्छामि । ततस्ततः ।**, કલ્પિત **पथमस्या......मवगच्छामि ।**

૨૮ મૂળમાં અહીં **णाम** વધારે છે. ઘોડાનું નામ **सुन्दरपाटल** છે.

૨૯ મૂળમાં **।वे० याय** બોલ આવતી ઉક્તિના આરંભે છે. ને આ ઉક્તિનો ભાગ હોવાથી મેં આમાં લીધો છે.

૩૦ મૂળ **स्नेहात्**, કલ્પિત **क्रीडाक्रमेहा...**.

દૂર[31] નીલ ગજ જોયો. એના માથા ઉપર ને
આજુબાજુ મલ્લિકની ઘટા લાગી રહી હતી.
તેનો[32] અને હાથીના વપુનો વર્ણ મળી જઈ
એકશાન નીલરંગી ભોંય બની હતી. [33]તેમાં
ઊજળા અંતરિયાળ દંતુસળ ફૂટયા હતા.
એ નિશાને નીલ ગજ ઓળખાતો હતો.

[ **યૌગં૦** ]

એ તો,

હાંસુજી અમારો કાળ, નીલ ગજ નહિ[34].

[ **હાંસુજી** ]

તેને

---

૩૧ મૂળમાં **दिट्ठो सो दिव्ववारणपडिच्छन्दो** છે. એમાં કહેલી દિવ્ય ગજ સાથે નીલ ગજની સરખામણી ચારસેં હાથના અંતરે શકય નથી. આથી વધારાના અક્ષરો કાઢી નાંખી **दिट्ठो सो दिव्वो** એવો કલ્પિત પાઠ મેં લીધો છે. પ્રથમ **दिव्वो** ઉપર કોઈ-એકે લખેલું અર્થપ્રદર્શક **वारण** ટિપ્પણુ મૂળમાં ભળ્યું; અને પછી ગમે તેમ અર્થ બંધ બેસાડવા બીજાએ **पडिच्छन्दो** બોલ ઊમેર્યો. એ રીતે ઊકરડો વધ્યો.

૩૨ મૂળ **सवण्णणहणीलदाए** અને **पह्कभामिदेहिं**, કલ્પિત **सावण्णणहणीलदाए** અને **पुक्भासिदेहिं**.

૩૩ મૂળ **दन्तजुअलेहि**, કલ્પિત **दन्तमुसलेहि**. ત્રીજો અને ચોથો અક્ષર ખવાઈ પાઠ ભ્રષ્ટ થયો છે.

૩૪ મૂળમાં છેડે **ततस्ततः ।** વધારે છે.

જોઈ રાજાજીએ ³⁵ઘોડો રાખ્યો; ને ગાંધર્વવેદના સમગ્ર દેવતાને નમસ્કાર કરી પોતે વીણા હાથ ધરી છેડી. તે જ પળે ઝાડીમાંથી વાંસે ³⁶એકાએક મોટી કીકિયારી સંભળાઈ.

[ યૌગં૦ ]

કીકિયારી? એમ! કહો, પછી?

[ હાંસુજી ]

³⁷એ વિશે અમોએ ચોકસી કરવા માંડી. ત્યાં તો અમારા ઉપર હથિયારબંધ સુભટો સમેત એક સરદાર ચડી આવ્યો.

---

૩૫ મૂળ **ओदरिअ अस्सावो आअमिअ,** કલ્પિત **अस्सं आअमिअ.**

૩૬ મૂળ **पक्ककिदणिवओ विअ,** કલ્પિત **पक्कपदे पव्व.** અક્ષર ખવાઈ ગયે પાઠ વિકાર પામ્યો છે.

૩૭ મૂળમાં **तदो कण्ठीरवपरिण्णाणणिमित्तं परिवुत्ता अ वअं। महामत्तोत्तराउहीआहिट्ठिदो पच्चुग्गदो सो किदअहत्थी** એવો પાઠ છે. અહીં સામા ધસી આવતા કૃત્રિમ હાથીના પેટમાં સુભટો ભરાયલા કહ્યા છે. ત્યાંથી એ નીકળ્યા ક્યારે ને જૂથમાં ગોઠવાયા ક્યારે? એ સંબંધે આગળ તો એક શબ્દે નથી આવતો. **कण्ठीरव** બોલની પુનરુક્તિ પણ અસહ્ય છે. **परिवुत्ता**નો અર્થ પણ બરાબર લાગુ પડતો નથી. **अ** અવ્યય નકામો છે. આથી હું ક્ષેપક શબ્દોનો વગદો છાંટી નાંખી **तप्परिण्णाणणिमित्तं पवुत्ता वअं महामत्तोत्तराउ**[illegible] **पच्चुग्गदा** એવો એકવાક્યાત્મક પાઠ જુવાડું છું.

[ યોગં૦ ]

પછી પછી ?

[ હાંસુજી ]

એ બધાને જોઈ
આપણા સમસ્ત શુદ્ધક્ષત્રિય સુભટને તે
વારે [38]નામ દેઈ રાજાજીએ પોરસ ચઢાવ્યું:
પ્રદ્યોતનું કારસ્તાન છે આ. ચિંતા નહિ. તમે
સહુ મારી વાંસે રહો. હું જ જાળ તારોતાર
કરું છું ને વૈરીઓની વેતરણે વેતરું છું.
એમ બોલવાની સાથે મહારાજ દુશ્મનના
દળ મધ્યે ધસી ગયા.

[ યોગં૦ ]

[39]બરાબર છે ધસ્યા તે.

(અનુષ્ટુપ.)

ન રણે ઝંપલાવે, તો ઝૂઝનારો ભુજાબળે
કરે શું વીર ટેકીલો છોભીલો અરિના છળે[40] ? (ક્ષ)૫

---

ક્ષ અહીં અમર્ષ અને ઉગ્રતાએ પોષિત ગર્વ સંચારી છે. અલંકાર અપ્રસ્તુતપ્રશંસા.

---

૩૮ મૂળમાં **णामगोत्तग्गहणेण समस्सासिअ** છે. પરંતુ પ્રસંગ આસનાવાસના કરવાનો નથી, પણ પોરસ ચડાવવાનો છે. વળી **णाम** તે માત્ર **गोत्त**નો અર્થ બતાવનારું મૂળમાં ભળી ગયેલું ટિપ્પણ છે. આ સમજથી મેં **गोत्तग्गहणेण समुस्सासिअ** પાઠ લીધો છે.

૩૯ મૂળમાં અહીં **प्रविष्ट इति । अथ वा ननु स्थाने ।** છે. એમાં **अथ वा** બોલ વધારે છે, તે મેં તજી દીધો છે.

૪૦ મૂળમાં શ્લોક પછી વધારામાં **ततस्ततः** છે.

**[ હાંસુજી ]**

( વનવેલી. )

વત્સરાજ સુપાટલ અશ્વ ખેડી જોસભેર રણ મધ્યે ઘૂમી રહ્યા[૪૧]. આડા અને અવળા ઘા કરીને એઓએ ખાંડાજંગી જ મચાવી મૂકી. અશ્વ પણ મહારાજશ્રીનું મન વરતીને ફાળ પર ફાળ ભરતો જ ગયો. પણ રિપુ સંખ્યામાં અતિ ઘણા વધારે હતા. તેઓ સાથે લડી લડી આપણા સુભટ સહુ [૪૨]ખપી ગયા. એકલો હું ટક્કર ઝીલી રહીને રાજાજીનું-ના ના-એઓશ્રી [૪૩]પોતાનું રક્ષણ કરતા હતા. એ રીતે અસમ ને અતોલ શ્રમ ઊઠાવીને

---

૪૧ મૂળમાં **कीलाअमाणो** વિઅ છે. પરંતુ નામધાતુ **कीडायते** ઝાઝો વપરાયલો મળી આવતો નથી. એનો અર્થ મૂળ ધાતુ **कीडति**થી સારી રીતે સરે છે. આથી **कीलमाणो** પાઠ કલ્પ્યો છે.

૪૨ મૂળ **विसण्णणट्ठ[illegible]णो**, કલ્પિત **अवसण्णसव्व-परिजणो**. પહેલો અક્ષર ખવાઈ ગયે **विसण्ण** અને નવમો ખવાઈ ગયે **परिजणो** પાઠ ગોઠવાયા લાગે છે. **णट्ठ** તો **अवसण्ण** ઉપર કોઈકે આપેલું ટિપ્પણ છે. જે લહિયાએ મૂળમાં ભેળવી દીધું છે.

૪૩ મૂળ **भट्टिणा**, કલ્પિત **अत्तणा**.

લડતાં લડતાં દાંડો ખૂટી ગયો (ञ). રાજાજીના શરીરને હવે થાક દાખવવા લાગ્યો. એવે ઘા ઉપર ઘાને લીધે બેહાલ બનેલો ઘોડો ઢગલો થઈને પડ્યો પૃથિવિએ, અને એના રામ રમી ગયા. પછી લોહીવરણો સૂરજ ધરણીએ ઢળ્યો, તથા રાજાજી તમર ખાઈ પડ્યા અને એ ગોઝારી ઘડીએ બેશુદ્ધ થઈ ગયા.

[ યૌગં૦ ]

હેં! બેશુદ્ધ થઈ ગયા[૪૪]? અરે!

[ હાંસુજી ]

[૪૫]એમ સ્થિતિમાં એઓશ્રીને દુશ્મનોએ જેર કર્યાં. જે જગાએ રાજાજી પડયા 'તા, તહીં તરૂહેવાર બરછટ વેલાઓ ઊગેલા હતા, જે મેં ઓળખ્યા એ નહિ. તે ઊખેડી જાળાંનાં જાળાં જ એંચી કાઢી તેથી પામર પુરુષ પેઠ નરનાથને શરીરે બંધ તાણી બાંધ્યા.

ञ વીર રસનું ચટકું છે.

૪૪ મૂળમાં અહીં **ततस्ततः।** વધારે છે.

૪૫ મૂળમાં **तदो अहासत्तिसंणिहिद०** છે. એમાં **अहासत्ति** બોલ **आसत्ति**ના ભાવમાં **संणिहिद**થી ગતાર્થ છે અને **शक्ति**ના ભાવમાં અર્થપોષક ન હોવાથી નકામો છે. આથી મેં એ બોલ તજી દીધો છે.

[ યૌગં૦ ]

અરે! રાજાજીને જેર કર્યા?

(શાર્દૂલવિક્રીડિત.)

ફેકંતા શર જેહ તીરપથથી છેટે [46]ફસી આપ, ને
દેતા આદર આમને શ્રમ ફળ્યે સાંઈ લઈ આપ, ને
પૂજંતા દ્વિજ, તે ભુજે કટકની સાથે થવા બંધ શા?
શા એ આકૃતિ શુંડ શી, વિપુલ શા વેઢા, વડા સ્કંધ શા? (ટ) ૬

(વનવેલી.)

વારૂ, હાંસુજી, એઓને ક્યારે મૂર્છા વળી?

[ હાંસુજી ]

જાસ્તી
ગુજરી રહ્યા ત પછી.

[ યૌગંઽ ]

ત્યારે તો પ્રભુના પાડ.
શૌર્યે જેર નથી થયું. શરીર થયું છે. ઠીક.
પછીથી, કહો, શું થયું?

[ હાંસુજી ]

રાજાજીને મૂર્છા વળી[47].

ટ અહીં પર્યાય અલંકાર છે; તે વિષમનો ધ્વનિ ઊપજાવે છે.

૪૬ મૂળ चापार[illegible]ालिकरस्य, કલ્પિત चापार[illegible]लकरस्य.
૪૭ મૂળમાં અહીં प्राणि ને पेक्खिअ બોલ વધારે છે.

એટલે અનેક પાજી આજુબાજુએથી ધાયા. એક કહે, આણે મારો બાપ માર્યો. બીજો કહે, આણે મારા દીકરાને ઝટકાવી પૂરો કર્યો. ત્રીજો કહે, આણે મારા બાંધવને રેંસી નાંખ્યો. ચોથો કહે, આણે મારા મિત્રના એ પ્રાણ લીધા. એમ ધૂંઆપૂંઆ થઈ એ જે મ્હોએ ફૂંફવાડા મારતા હતા તે મ્હોએ રાજાજીનાં પરાક્રમે વર્ણવતા હતા (ઠ).

[ યૌગં૦ ]

પછી પછી?

[ હાંસુજી ]

૪૮ તે ઘડીએ એક પાપી મહા અનરથ કરવા તૈયાર થયો. એણે ૪૯અમર્યાદપણે રાજાજીને ઠસડીને

---

ઠ અસૂયાએ પોષિત ચાપલ સંચારી છે.

---

૪૮ મૂળમાં अण्णं च दाणिं अच्चाहिदं । पक्को ववसिदो अकय्यं कत्तुं । છે. એમાં अच्चाहिदं અને अकय्यं બોલ પર્યાય જેવા છે; અને अण्णं च दाणिं અવ્યયો નકામા એક ઉપર એક ખડકયા જેવા છે. આથી तदाणिं अच्चाहिदं पक्को ववसिदो कत्तुं । એવો સંક્ષિપ્ત પાઠ મેં યોજ્યો છે.

૪૯ મૂળમાં संखिविअनी પૂર્વે णिरवआरं પદ છે: તે મેં વાકયના આરંભે मो પછી મૂકયું છે.

દક્ષિણ દિશા ભણીનૂં માથૂં કર્યૂં. ત્યારપછી રમખાણમાં જે છૂટાં થઈ જઈ મ્હોં ને આંખ ઉપર લબડતાં હતાં તે જીથરાંને એણે ઠીક કર્યા; ને મિયાનમાંથી તલવાર કાઢી ચપસીને મૂઠ ઝાલી ઝટકાના ઝપાટાની ઝડપ વધારવાને ઘા કરવા આગમચ ૫૦દ્રોટ મૂકી (ड).

[ ચૌગં૦ ]

ભાઇ ! રહો મારો જીવ મૂઝાય છે. હૂં સહજ શ્વાસ લેઉં.

[ હાંસુજી થોડી વાર પછી ]

પણ બધે બેસુમાર લોહી વહી ભોંય તરબોળ બની લપસણૂં થયૂં હતૂં. તે ઉપર આવેશમાં દોડવામાં પગ ખસ્યો. એટલે એ વેગમાં ને વેગમા ધબાક લેઇ પડ્યો અને મુઓ.

[ ચૌગં૦ ]

હાયકારો પડ્યો અને મુઓ૫૧!
ઠીક ઠીક, એ જ ઘટે.

---

(ड) ક્રોધ સ્થાયી ભાવનૂં નિરૂપણ છે.

---

૫૦ મૂળ **आधावन्तो**, કલ્પિત **आधाविद्दो**.

૫૧ મૂળમાં અહીં મુદ્દાનો બોલ **हतः** ખૂટે છે. તે મેં પૂર્વની ઉક્તિને અનુસરી ઉમેર્યો છે.

(અનુષ્ટુપ.)

પરચક્ર નિવારે ને ધારે જે વર્ણધર્મ, તે
બલા ભૂપાળને પાળે અવની ઉગ્ર સંકટે. (ક) ૭

[ હાંસુજી ]

(વનવેલી.)

તે તંક પ્રદ્યોતના અમાત્ય શાલંકાયનજી 'કોઇએ, ખબરદાર, રાજાજીનો વાળ વાંકો કર્યો તો' એ રીતે કૂડા સાહસથી અરવને વારતા ત્યાં આવી પ્હોંચ્યા. જુદ્ધના આરંભમાં એ રાજાજીના બલાના પ્રહારે મુરછિત થઈ ગયા 'તા, તે આ પળે જ શુદ્ધિમાં આવ્યા હતા.

---

ક પૂર્વે એક વાર મહાસેને વત્સદેશ ઉપર મોટા સૈન્યથી ચડાઈ કરી હતી, ત્યારે વત્સરાજે તેને પાછો વાળી દેશનું રક્ષણ કર્યું હતું; એનો પહેલા ચરણમાં નિર્દેશ છે. તે સમયમાં નવા પ્રસરતા બૌદ્ધ અને જૈન સંપ્રદાયો વર્ણભેદ માનતા ન હતા. તે મતનો વત્સરાજ ન હતો, પણ જૂના બ્રાહ્મધર્મનો સંગી હતો; એ બીજા ચરણથી દર્શ્ છે. આ બે ચરણો વડે ત્રીજા ચરણના ભૂપાળ પદનું સાભિપ્રાયપણું દર્શાવ્યું છે. ભૂમિ મૈયા સારા રાજાને સંકટમાં બચાવી લે છે એવો ભાવ સંકેતિત હોવાથી અવની શબ્દ પણ હેતુગર્ભિત છે. અહીં કાવ્યલિંગ અને પરિકરાંકુરથી પોષિત અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે; તે હર્ષ સંચારી ભાવને શોભાવે છે. સાભિપ્રાયતા નામે પ્રૌઢિનું આ ઉદાહરણ છે

[ યૌગં૦ ]

પછી પછી ?

[ હાંસુજી ]

એમણે વિનય સાથે રાજાજીને જુહાર કર્યા ને [૫૨]તતક્ષણ બંધ કાપી નાંખ્યા.

[ યૌગં૦ ]

ઓહો, બંધ કાપી નાંખ્યા ! એમ ? શાલંકાયનને ધન્ય છે. રિપુ તે મિત્ર લેખાય એ પણ અહા દશાનો મહિમા ! મારા [૫૩]ભગ્ન હૃદયાને આથી લગારેક ધવા વળી. વારૂ, પછી, હાંસુજી, એ દાનો પુરુષે શું કર્યું ?

[ હાંસુજી ]

મહારાજનું એઓએ પેરે પેરે સાંતવન કર્યું, એમના જખમે મલમપટા લગાવરાવ્યા અને રાજાજીને સૂવાને અણાવી ખાટ; કારણ કે એઓશ્રીના સારા શરીરે અસંખ્ય ઝટકા લાગ્યા હતા ને ભારે જક્ષા પ્હોચી હતી, જેને લીધે એમનાથી ઘોડે બેઠું જાય એવું હતું નહિ. પછી ખાટ

---

૫૨ મૂળ **तत्कालवुज्झइ**, કલ્પિત **तत्काल**.

૫૩ મૂળ **व्यसनात**, કલ્પિત **व्यसनार्त**.

૫૪ખાંધે લેવરાવીને અમાત્ય મહારાજજીને ઉજ્જયિની લેઈ ગયા.

[ યૌગં૦ ]

લેઈ ગયા? હરિહરિ! બહુ જ અનિષ્ટ થયું. રિપુની મોટામાં મોટી એ જ કુડી કામના હતી, તે આજ પૂરી થઈ. અફસોસ!

(અનુષ્ટુપ.)

ભૂંડું અમ એ ભારે, રૂડું અરિનું. હહા,
સ્વામી છે સ્વાભિમાની, તે લીધે એ દોહ્યલું મહા! ૮

(વનવેલી.)

અહાહા! ભલા ભલાને તરણાના તોલે
લેખનારા રાજાજી છે; તેમનું શું થાશે?

(માલિની.)

નજરે ન કરતા, તે કેમ સામું જ જોશે?
હુકમ ચલવતા, તે વેણ શે હીન સ્હેશે?
અધિક અવર પ્રત્યે રોકશે રોષ કેવા?

---

૫૪ મૂળમાં **बन्धसआणं** (પાઠાંતર **बन्धणसआणं**) છે. પરંતુ બીજા અંકમાં **स्कन्धवाह्येन शयनीयेन** બોલ વાપર્યા છે. તેને આધારે **बन्धवज्झ सआणं** પાઠ યોજ્યો છે. શાસ્ત્રીજી **बन्धसआणं** પાઠ કલ્પે છે.

પરવશ [55]મરશે એ તર્જને અર્ચને વા.(ण)૯

એવે વિજયા મંગળદોરો લેઈને આવે છે.

[વિજયા] આ મંગળદોરો, પ્રધાનજી.

[યૌગં૦ વિચારમાં ને વિચારમાં ] થઈ ચૂક્યું !

( આખ્યાનકી. )

સમો ગયો ને મુજ યોજના હા
દુર્દૈવથી વ્યર્થ થઈ જ હાવાં !
ડંકો દઈ શત્રુ વર્જ્યે નકામાં
નીરાજના મંગળ અશ્વકેરાં. (त) ૧૦

[વિજયા]

(વનવેલી.)

પ્રધાનજી ! કહૂં છૂં, આ દોરો આણ્યો.

---

ण આ ઉક્તિમાં નિર્વેદ વિષાદ આવેગ વગેરે સંચારી ભાવ મળ્યા છે; તેને અસાસમુચ્ચય અલંકાર શોભાવે છે.

त દૃષ્ટાંત અલંકાર છે; તે વિષાદ સંચારીને દીપાવે છે. લડાઈમાં ઊતરતાં સવારીના ઘોડાની આરતી ઊતારતા, તેને નીરાજના કહેતા હતા. એ વિધિ મંગલકારી મનાતો હતો.

---

૫૫ મૂળ **प्रणिपतति**, કલ્પિત **स निपतति**. અહીં **प्रणिपतन** એટલે પગે પડવું નહિ, પણ **निपात** એટલે મરી જવું અભિપ્રેત છે. માટે ફેરફાર કર્યો છે.

[યૌગં૦]

શાખ.

[વિજયા]

માજીસાહેબને શું કહું, જી ?

[યૌગં૦ વિચારમાં]

આ[૫૬]–

[વિજયા]

શું વાઢું ?

[યૌગં૦ વિચારમાં ને વિચારમાં]

આ

[વિજયા જરા ગભરાટથી]

કહો, જી. આ શું તે.

[યૌગં૦ નિર્ણય ઉપર આવી]

[૫૭]કહ્યા વિના નહિ ચાલે. ના કહું જ.

---

૫૬ મૂળમાં **विजये एवमेतत्।** છે. અહીં વસ્તુસ્થિતિ વિચારવા જેવી છે. પૂર્વની ઉક્તિમાં પ્રતીહારી સ્હેજે પૂછે છે, કે મંગળદોરા બાબત રાજમાતાને કંઇ કહાવવું છે ? તે ઉપરથી રાજાજી પકડાયાના સમાચાર કહાવવાનં પ્રધાનનાં મનમાં આવે છે. પરંતુ એ માઠો બનાવ જાહેર કરવો કે દાબી રાખવો, તે વિશે એના મનમાં ઘડભાંગ થાય છે; જુઓ આના પછીની યૌગંધરાયણની એ ત્રણ ઉક્તિઓ. આ હકીકત ધ્યાનમાં લેઈ મેં પછીની ઉક્તિના **इदम्** પદના પૂર્વધ્વનિરૂપ **एतत्** પાઠ અહીં કબૂલ રાખી તેના પહેલાંના બે બોલ તજી દીધા છે. ગભરાટમાં સાથે **एतत्** અને **इदम्** બોલ પ્રધાનના સંકલ્પવિકલ્પ સૂચવે છે.

૫૭ મૂળમાં **अथ वा गतच्छकथं परिहर्तुम्। निवेदयिष्याम्यत्रभवत्यै। विजये स्थिरीक्रियतामात्मा। (कर्णे)**

જો, વિજયા, હૃદય કઠણ રાખજે ને માજી-
સાહેબને જણાવજે કે રાજાજી દુશ્મનના
હાથમાં પડયા છે.–

[ વિજયા ]

૫૮ હાય હાય રે, ગજબ થયો !

[ યૌગં૦ ]

વિજયા, વિજયા થજે. જોજે, હો; તું હૈયું હારી
ના જતી. જા ( थ ).

[ વિજયા ]

આ જાઉં હું અભાગણી. [જવા માંડે છે.]

---

थ અરૂથાંતરસંક્રમિતવાચ્ય ધ્વનિ છે. 'વિજયા' બોલમાં 'સંકટ ઉપર વિજય મેળવનાર' એવો અરૂથ સ્ફુરે છે. તે કાવ્યલિંગ અલંકારનં અંગ છે.

---

**एवमिव** । એ રીતે પાઠ છે. અહીં પૂર્વની ટિપ્પણીમાં જણાવ્યા પ્રમાણે સંકલ્પવિકલ્પથી અધૂરું મૂકેલું નિર્ણયના શબ્દોથી પૂરું કરી યૌગંધરાયણ રાજા પકડાયાના સમાચાર કહાવે છે. એ સમાચાર હાંસુજી લાવ્યા હતા; એટલે એમનાથી છાના રાખવાના છે નહિ. અર્થાત્ સંદેશો કાનમાં કહેવાનું કંઇ કારણ નથી. એ બધું ધ્યાનમાં રાખી **न शक्यं परिहर्तुम् । तद् भणामि । विजये स्थिरीक्रियतामात्मा । निवेदय चात्रभवत्यै गृहीतः स्वामीति** । આવો પાઠ યોજ્યો છે, **गृहीतः स्वामीति** બોલ એકાંતરે આવનારી યૌગંધરાયણની ઉક્તિમાં ભળી ગયેલા ત્યાંથી તારવી આણ્યા છે.

૫૮ મૂળ **हं** ( પાઠાંતર **हा** ) ।, કલ્પિત **हा हा भट्टा** ।. રાજાજી પકડાયાના સમાચાર રાજમાતાને પ્હોચે છે, ત્યારે રણવાસની સ્ત્રીઓના મુખમાંથી આ જ ઉદ્ગાર નીકળે છે.

[ યૌગં૦ ]

વિજયા, જો,
આ[૫૮] માઠી ખબર માજીસાહેબને એકદમ કહી ન નાંખીશ. મૂળે માતુશ્રીનું હૈયું બહુ વ્હાલસોયું, માટે કરી બહુ પોચું હોય છે, હો. સાચવજે.

[ વિજયા ]

અફસોસ ! આ વાત શી રીતે કે'વી ?

[ યૌગં૦ ]

સાંભળ ને સમજી લે.

(શાલિની.)

ઘાંટી બારે ભો ભરેલી સુણાવી
આશા નાસી છૂટવાની તજાવી
માઠું થાવું ચિત્ત માંહે ઠસાવી
બંધાયાની વાત દેજે જણાવી. (ह) ૧૧

ह શત્રુકૃત અંતરામણ, અંતરામણમાંથી નાશી છૂટવાની નિરાશા અને તેમાંથી ઘડીએ ને પલકે મરણના સમાચાર સાંભળવાનો જ સંભવ ઊપજાવી ઉત્તરોત્તર અનિષ્ટનો ઉપચય કરવાનું બતાવ્યું છે. તે પછી મરણ નથી પામ્યા પણ વત્સરાજ કેદ પકડાયા છે. એમ કહેવાનું કહ્યું છે. એ રીતે સૂળીનું સોયે ગયાનો ધ્વનિ પ્રગટાવવાનો અહીં વિજયાને પ્રધાનનો ઉપદેશ છે.

૫૮ મૂળમાં અહીં **गृहीतः स्वामीति** એટલા બોલ વધારે છે. વાસ્તવિક રીતે એ ટિપ્પણી ૫૭ વાળી ઉક્તિનો ભાગ છે. અક્ષરો

[વિજયા] જી, હું એ રીતે કરીશ[૬૦]. [ જાય છે. ]

[ યૌગં૦ ] વારૂ, હાંસુજી,

( વનવેલી. )

તમે ત્યારે સ્વામી સાથે કાં ન ગયા ?

[હાંસુજી]

પ્રધાનજી,

જીવતર સારથક કરવાના કોડમાં હું
જોડે જતો હતો તેવે સેનાપતિએ [૬૧]કહ્યું, કે
જાઓ, તમે આ ખબર કૌશાંબીએ પ્હોચાડો.

[ યૌગં૦ સ્વગત]

આ તે શૂં અમાત્યે 'સાથ[૬૨] ભલો નહિ' કરી સાચા

---

ખવાઈ કે પડી જવાથી આઘાપાછા લખેલા હશે. તે નકલ કરનારની ભૂલથી જ્યાં જરૂર નથી ત્યાં ગોઠવાયા; અને તેમની જગા મૂળ ઉક્તિમાં ક્ષેપકભૂત ( **कर्णे** ) **एवमिव**। બોલી લીધી.

૬૦ મૂળ **घत्तिस्सं** ।, કલ્પિત **अणुवत्तिसं** ।

૬૧ મૂળ **णिउत्तो,** કલ્પિત **उत्तो.**

૬૨ મૂળમાં **निराशमनुसारं कर्तुकाम: उताहो** છે. તેનો અર્થ બરાબર બેસતો નથી. વળી પક્ષાંતરવાચક **उताहो** બીજા વાક્યને આરંભે જોઇયે, અહીં નહિ. આથી **निरनुसारं कर्तुकामः** પાઠ લેઈ **उताहो** અવ્યય હું **परिहरति**। પછી **स स्वकं** વગેરેના આરંભે યોજૂં છું.

સેવકનો સંગ ટાળ્યો, કે [૬૩]સ્નેહે ફૂલી જઈ પરાક્રમ ગજવ્યૂં, કે પછી સરૂ સમે સમૂં ઊતરતાં ઉપરની [૬૪]મીઠાશ જણાવી? કશી ગડ નથી બેસતી. શું સમજવું? (**ઘ**)

[ પ્રગટ ]

વારૂ, મહા-રાજે કંઇ કહ્યું કે?

**[ હાંસુજી ]**

હું પ્રદક્ષિણા કરી રજા લેતો હતો, તે વેળાએ [૬૫]ગળા સુધી બોલ આવી રાજાજીના ઓઠ હાલ્યા; અને ઝળઝળિયાંએ ભીની આંખે પોતે કહ્યું: 'જોગંધ [ ખંચાય છે. ]

**[ યૌગં૦ ]**

ખંચાઓ નાહ. બોલો, કહો. રાજાજીના શ્રીમુખના બોલ છે, તે કે'વા જોઇયે.

**ઘ** વિતર્ક નામે સંચારી ભાવ છે.

૬૩ મૂળમાં અહીં **हंसकः । अह इ ।** એટલી ઉક્તિ વધારે છે. એને યૌગંધરાયણની સ્વગત ઉક્તિની વચમાં સ્થાન નથી. આથી મેં તે તજી દીધી છે.

૬૪ મૂ૦ **भवति**, કલ્પિત **ब्रवीति**. પહેલા બે અક્ષર ખવાઈ ગયે ભ્રષ્ટ પાઠ ઉદ્ભવ્યો છે.

૬૫ મૂ૦ **बहुकं संदट्ठुकामेण विअ**, કલ્પિત **संदेट्ठुकामेण.**

[ હાંસુજી ]

'જોગંધરાયણને મળવું'

[ યૌગં૦ ]

૬૬શું?

બીજા મંત્રી મૂકીને મને યૌગંધરાયણને મળવા શ્રીમુખે કહ્યું ?

[ હાંસુજી ]

હા, જી.

[ યૌગં૦ ]

મહારાજે મને ૬૭ગુણ કર્યા છે તે તેનો ઋણિયો હું મટ્યો નથી. એમનું મેં અન્ન ખાધું છે અને તે મેં પ્રમાણ કર્યું નથી. એઓશ્રીએ મારો મોભો વધાર્યો છે અને તેનો બદલો મેં વાળ્યો નથી. તેમ છતાં મહારાજ ફરમાવે છે, 'યૌગંધરાયણને મળવું? (**न**)

---

**न** અહીં સ્થાયી ઉત્સાહને વિભાવના અલંકાર દીપાવે છે.

---

૬૬ મૂળમાં અહીં **मा तावत्** । વધારે છે.

૬૭ મૂળમાં **तेन हि अनर्हप्रतिक्रियम्** છે. એમાંના **तेन हि** બોલ યૌગંધરાયણની આવતી ઉક્તિના છે; આ ઉક્તિમાં તે નકામા છે. વળી **प्रतिक्रिया** બોલ સાકાંક્ષ છે. શાની **प्रतिक्रिया** તે કહેવું જોઈએ. આથી મેં **अनर्हाप्रतिक्रियम्** પાઠ લીધો છે; અને **तेन हि** બોલ યૌગંધરાયણની આગામી ઉક્તિના આરંભે મૂક્યા છે.

[ હાંસુજી ]

જી, એમ જ છે, એમ જ છે.

[ યૌગં૦ ]

એમ ? ત્યારે મારામાં જે દૈવત[૫૮] છે, તે હું પણ દેખાડીશ.

અને

(માલિની.)

રણીશ જરા જયે એ મત્ત વૈરી છળીને,
નિજ નગર નકી એ નાથ જોશે વળીને;
મરીશ રિપુપુરે કે બંધને કે વને કે
લડી સડી રડી વાંસે પેખશે સ્વર્ગથી તે[૫૯]. (प)૧૨

---

प પર્યાય અલંકાર ઉત્સાહને શોભાવે છે.

---

૫૮ મૂળમાં **पुरुषान्तरितं मां द्रक्ष्यति स्वामी ।** છે. એમાં સંયોજક ખૂટે છે. વળી આગામી શ્લોકમાં **नृपं** ને ઠેકાણે **नृपः** અને **पार्श्वतः** ને ઠેકાણે **द्रक्ष्यति** મૂકતાં ગદ્ય ભાગના **द्रक्ष्यति स्वामी** બોલ નકામા થાય છે. આથી **तेन हि पौरुषन्तरितं (=संजातासाधारणपौरुषं) माम्** એવો કલ્પિત પાઠ આગામી શ્લોક સાથે સંબંધ ધરાવતો મેં લીધો છે.

૫૯ મૂળ **नृपं तं......पार्श्वतः श्लाघनीयम्,** કલ્પિત **नृपस्तं द्रक्ष्यति श्लाघनीयम्.** મૂળના પહેલા ચરણમાં **रिपुनृप** કહેલ છે, તેને માટે **नृपं** બોલથી પુનરુક્તિ કરવાનું કારણ નથી. **तं** સર્વનામ બસ છે. આથી **नृपं** ને બદલે **नृपः** પાઠ કલ્પ્યો છે. એ પાઠથી ગદ્ય ભાગનો **स्वामी** બોલ નકામો થાય છે, તે ગઈ ટિપ્પણીમાં કહ્યા મુજબ તજી દીધો છે; ને **द्रक्ष्यति** ક્રિયાપદ અર્થની સરળતા સારૂ શ્લોકમાં જ **पार्श्वतः** ને બદલે ગોઠવ્યું છે.

[ પડદા પાછળ ] હાય રે! ગજબ થયો!

[ યૌગં૦ ] હરિહરિ!

( અનુષ્ટુપ. )

દાખે આ એમની રીતે ત્રિયા, કે ૭૦અનિવાર્ય છે
શોક સંકટકેરો ને નિર્વીર્યે મંત્રિવર્ય છે! (ફ)૧૩

એવે રાજમાતા તરફથી વિજયા ઊતાવળી પ્રવેશ કરેછે.

[ વિજયા ] જી, માજીસાહેબ

[ યૌગં૦ ] શું, શું?

[ વિજયા ] કહાવે છે,–

[ યૌગં૦ ] ૭૧શું ફરમાવે છે?

[ વિજયા ]

( વનવેલી. )

૭૨તમ જેવા જેના મિત્ર છે, તે વત્સરાજને આ
આપત્તિ જ આવી પડવી ન હોય. તેમ છતાં

---

फ વ્રીડા સંચારી ઉત્સાહનું પોષણ કરે છે. અલંકાર કાવ્યલિંગ.

---

૭૦ મૂળ शोकप्रतिकारो, કલ્પિત शोकोऽप्रतीकारो. ઉત્તરાર્ધમાં અમાત્યોના અસામર્થ્યનો આક્ષેપ છે. તેથી શોકના પ્રતીકારનો અભાવ કહેવો ઇષ્ટ છે.

૭૧ મૂળ किमिति ।, કલ્પિત किमा ज्ञापयति ।.

૭૨ મૂળ एवंविहस्स सुहिज्जणेण परिगिहीदस्स वच्छराअस्स अअं वुत्तन्तो । किं लक्कं कत्तुं अन्तरेण विहाणे ।

આવી પડી, તો તે ટાળવાને મિત્રજનને હું આદરથી વીનવું છું. તમે વત્સના પ્રથમ મિત્ર છો અને પછી અમાત્ય. તમે મૂઝવણે[૭૩] હૈયું હાથ રાખનારા, સંકટની જ્વાળામાં સામે પૂરે તરનારા, કાવાદાવામાં સામાને છક્કડ ખવાડનારા, ને રણમાં સિંહના એ શ્રવણ ચિમળનારા,—[૭૪]તેવા પાછા શાણા એ છો. દીકરાને, દીકરા, તમે છોડાવી લાવશો.

[ યૌગં૦ ]

અહો, માજીસાહેબનાં રાજવંશી વચનમાં કેવું ધૈર્ય છે ને કેવું પ્રૌઢપણું પ્રકાશે છે!

---

**ता संमाणिअ सुहिज्जणं समत्थिअदु ।**, કલ્પિત **एवंविहेण सुहिज्जणेण परिगिहीदस्स वच्छराअस्स अअं वुत्तन्तो किं सक्कं कत्तुं । अन्तरेण विहाणं संमाणिअ सुहिज्जणो समब्भत्थीअदि ।**. મિત્રને ઉશ્કેરવાને રાજમાતાનાં વચન છે, એવું સમજી ઉપરનો ફેરફાર કર્યો છે.

૭૩ મૂળમાં ક્રિયાનો નિર્દેશ નિષેધાત્મક છે. તે બદલ તાત્પર્યાર્થ લેઈ અનુવાદમાં વિધ્યાત્મક નિર્દેશ કર્યો છે.

૭૪ મૂળમાં **सो खु बुद्धिमन्तो पुच्छिज्जइ पढमं एव्व मे वच्छस्स वअस्सो पच्छा अमच्चो आणेदु मे पुत्तअं पुत्तओ ।** છે. અહીં **सो, बुद्धिमन्तो, वअस्सो अमच्चो** અને **पुत्तओ** એ સર્વે બોલનું સામાનાધિકરણ્ય છે. વાકયમાં એ ક્રિયાનાથ છે અને **आणेदु** ક્રિયા છે. એમાં વચ્ચે આવનાર ક્રિયાપદ **पुच्छिज्जइ** વધારા પડતું છે. માટે તે મેં તજી દીધું છે.

ઓઓ કેવો માગે ભાર વધારે છે! માતુશ્રીના
મારા પ્રત્યે ભાવને હું ભાવથી વધાવી લેઉં.
પાણી લાવ તો, વિજયા!

[ **વિજયા** પાણી હાજર કરતી ]

જી, આ પાણી, પ્રધાનજી!

[ **યૌગં૦** હાથેળીમાં પાણી લેઈ ]

માજીસાહેબે શું કહ્યું, વિજયા?

[ **વિજયા** ]

'દીકરાને, દીકરા, તમે છોડાવી લાવશો.'

[ **યૌગં૦** ]

વત્સરાજે શું કહ્યું 'તું, હાંસુજી?

[ **હાંસુજી** ]

જી, 'જોગંધરાયણને મળવું.'

[ **યૌગં૦** જળ મૂકતાં ]

કે' જે૭૫ માજીસાહેબને, વિજયા.
હું પ્રતિજ્ઞા લેઉં છું, કે

(અનુષ્ટુપ.)

મૂકાવું૭૬ નહિ રાજાને જો હું મંત્રપરાયણ
રિપુરાહુથકી, તો હું નહિ યૌગંધરાયણ. (ब)૧૪

---

ब શ્લેષપોષિત રૂપક અલંકાર છે.

---

૭૫ મૂળમાં **विजये** પછી **ब्रूहि तत्रभवतीम्** છે નહિ; તે જરૂરનું હોવાથી મેં ઉમેરી લીધું છે.

૭૬ મૂળમાં **यदि शत्रुबलग्रस्तो राहुणा चन्द्रमा इव।**

[ **વિજયા** ] બહુ સારૂ, જી. [ જાય છે. ]

એવે ઉતાવળો નમુંડો પ્રવેશ કરે છે.

[ **નમુંડો** ]

( વનવેલી. )

ભોજનશાળામાં એક કૌતક થયું, જી. આજે
શાંતિકર્મમાં વરેલા વિપ્ર સર્વ જમતા ’તા,
ને સમે ત્યાં, કે’ છે, કોઇ ભૂદેવે ઉન્મત્ત વેષે
દરસન દીધાં અને ઋષિઓના સામું જોઇ
મોટેથી હસીને કહ્યું–‘અહો દેવતાઓ ! સુખે
આરોગો. સોનાનોસૂર્ય દરબારમાં૭૭ઊગ્યો છે.’ (મ)
એવું કહીને એ ત્યાં ને ત્યાં અલોપ થઇ ગયા !

[ **યૌગં** ]

ખરેખાત ?

એવે હાથમાં કંઇક લેઇને એક બ્રાહ્મણ પ્રવેશ કરે છે.

---

**મ** આવી પડેલી આપત્તિમાંથી વત્સરાજના ભાવી ઉદયનો અહીં ધ્વનિ છે. અલંકાર અતિશયોક્તિ.

---

અને **यदि शत्रुबलग्रस्तं राहुणा चन्द्रमिव** એવો પાઠ છે. પહેલાનો ઉત્તરાર્ધ સાથે સંતોષકારક અન્વય થતો નથી. બીજામાં છંદોભંગ થાય છે. આથી મેં **यदि तं शत्रुणा ग्रस्तं राहुणेव बलाद्धम् ।** એવો પાઠ યોજ્યો છે. ઉત્તરાર્ધના **राजानं** પદમાં ચંદ્રનો શ્લેષ સમાયલો હોવાથી પૂર્વાર્ધમાં ચંદ્રવાચક પદની જરૂર નથી.

૭૭ મૂળમાં **[illegible]** વધારે છે.

[ બ્રાહ્મણ ]

પ્રધાનજી! વ્યાસ ભગવાન હાલ ઉન્મત્તના વેષમાં પધાર્યા હતા. ૭૮તે આ વસ્ત્ર કંઇક કારણ સર મૂકતા ગયા છે.

[ યૌગં० ]

એઓ પોતે વ્યાસ ભગવાન હતા ? ઓળખ્યા 'તા ?

[ બ્રાહ્મણ ]

હા, જી, મહર્ષિ પોતે જ હતા.

[ યૌગં० ]

વસ્ત્ર જોઉં.

[ બ્રાહ્મણ ]

જી, આ જુઓ.

[ પ્હોળાં કરી બતાવે છે. ]

[ યૌગં સ્વગત ]

ઠીક, ૭૯ઠીક ઘાટ બેઠો.

૭૮ **परिगृहिताः** વધારે છે. **एभिः प्रच्छादितशरीरः** બોલથી તે ગતાર્થ હોવાથી મેં તજી દીધો છે.

૭૯ મૂળ **कथमन्यद्रूपमिव मे संवृत्तम्।. हन्त भोः,** કલ્પિત **अनुरूपमिव मे संवृत्तम्।.** આ ઉક્તિના ગદ્યભાગને છેડે મૂળમાં **उत्सृष्टाः** છે; તે બદલ મેં **उत्सृष्टः** પાઠ યોજ્યો છે. કેમકે શ્લોકમાં **वेषः** સાથે હું તેનો અન્વય કરૂં છું.

વસ્ત્ર મૂકી જઈ ભગવાને માર્ગ સૂઝાડ્યો. આ વેષે મહારાજ મળ્યા સમજૂં છૂં.

(અનુષ્ટુપ.)

મહર્ષિની પ્રસાદીના વેષે ઉન્મત્તના ખરે
છાના રહી શકાશે ને છોડાવાશે નરેશ્વરે. (म) ૧૫

એવે રાજમાતા તરફથી ફરી વિજયા આવે છે.

[ **વિજયા** ]

(વનવેલી.)

જી, માજીસાહેબ કે' છે. 'ભાઇ! જરા મળી જાઓ!'

[ **યૌગં૦** ]

આ ૮૦આવું છું. ભૂદેવ! આ વ્યાસ ભગવાનની પ્રસાદી લેઈ તમે શાંતિગૃહમાં, હૂં પાછો આવૂં, તેટલો સમય જરા થોભજો.

[ **બ્રાહ્મણ** ]

જી, બહુ સારૂં. [ જાય છે. ]

[ **યૌગં૦** ]

ને હાંસુજી! તમે હવે ઊતારે સિધાવો અને થાક ખાઓ. તમારે વિશ્રામની જરૂર છે.

---

म સમાધિ અલંકારનો ધ્વનિ છે.

---

૮૦ મૂળ **अयमयम्**, કલ્પિત **अयमहम्**.

[ હાંસુજી ]

જી, હું રજા લેઊ છું. [ જાય છે. ]

[ યૌગં૰ ]

હવે માજીસાહેબની હજુરમાં

ઝટ ચાલો

[ વિજયા ]

પધારિયે, પ્રધાનજી.

[યૌગં૰]

(શાલિની)

આણે પાણી ભૂમિ ખોદી ખણીને;
કાઠીમાંથી અગ્નિ કાઢે મથીને;
ઉત્સાહે શો અર્થ સાધ્યો ન જાયે?
ખેંચ્યાં ખંતે સૌ ફળે કાર્ય ગાહે (ય) ૧૧

બંને જાય છે.

ય અર્થાતરન્યાસ અને અપ્રસ્તુતપ્રશંસા અલંકારનો સંકર. અરણિકાષ્ઠો પૈકી અધરા અરણિ શમીના અને ઉત્તરા અશ્વત્થના લાકડાની બને છે. એ ઇમારતી લાકડાં નથી; તેથી અહીં તેને માટે કાઠી બોલ વાપર્યો છે.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## વિષ્કંભક ૧.

સ્થળ ઉજ્જયિનીનો રાજમહેલ.

કંચુકી બાદરાયણ પ્રવેશ કરે છે.

[ બાદ૦ ]

(વનવેલી.)

અરે અભુ! દ્વારપાળને કહે કે કાશીથી જે
રાજપુરોહિત આર્ય જૈવંતિ પધારેલા છે,
તેઓ કાશી નરેશનું માગું લાવેલા છે. માટે
એમનો સત્કાર [૮૧]મનમાનતી રીતે કરવો;
એમને સંપૂર્ણ સગવડવાળા ઊતારામાં
ઊતારવા; અને એઓ ખુશ ખુશ થઈ જાય
એવી ઊંચા પ્રકારની સરભરા રાખવી. જા
ઝટ. કે'જે, ખુદ મહારાજશ્રીની આજ્ઞા છે.

[સ્વગત] અહા, આવાં સારાં સારાં રાજકુળ તરફથી
કુંવરીનાં માગાં પર માગાં આવે છે, ને મહા-

---

૮૧ મૂળમાં **सामान्यदूतसत्कारं पृष्ठतः कृत्वा** છે. એનો અર્થ પરાણે બંધ બેસે છે ને તે પણ નિર્દોષ નથી. આથી **समान्य दूतसत्कारं कृत्वा पृष्ठतः** એવો કલ્પિત પાઠ લીધો છે.

રાજા કેમ કોઈને હા નથી કે'તા ? ૮૨કદાચિત
આમ હોય.

( આખ્યાનકી. )

માગૂં ખપતાં નૃપનૂં ન આવે,
તેની જુએ ભૂપતિ વાટ ભાવે;
નાણી ન નાણે ગુણજાણ જેણે
બીજા વરોના ગરવા ગુણોને. (ट) ૧

ट અહીં અવહિત્થ નામે સંચારી ભાવ છે. અનુમાન અલંકાર.

૮૨ મૂળમાં અહીં **अथ वा दैवमत्र कन्याप्रदानेऽधिकृतम् । कुतः । व्यक्तं न तावत् समुपैति तस्य** ( પાઠાંતર **दूतो** ) **दूतो** ( પાઠાંતર **राज्ञो** ) **वधूत्वेऽवहितोऽपि यस्य ।** વગેરે છે. એના ગદ્યભાગમાં દૈવ દોરશે તેમ રાજા દોરાશે એવો ભાવ છે: અને પદ્યભાગમાં બુદ્ધિપૂર્વક રાજા મનગમતા વર સાથે વિવાહનો ઘાટ બેસાડવાની વાટ જુએ છે એવો ભાવ છે. આ ગોટાળો દૂર કરવા અને બીજા અંકની ઉક્તિ ૫–૮ સાથે સંગતિ જાળવવા **अथ वा दैवम्–न तस्य राज्ञः समुपैति दूतः कन्या वधूत्वे विहिता हि यस्य ।** પાઠ કલ્પી મેં ગદ્યભાગને પદ્યભાગ સાથે અન્વયથી જોડી દીધો છે. ખવાઈ ગયેલા કે લખવા રહી ગયેલા બોલ અન્યત્ર કોરા ભાગમાં ટાંકયા હશે, તે પાછળથી પંક્તિમાં આઘાપાછા ગોઠવાયાથી પાઠ ભ્રષ્ટ થયો જણાય છે.

( વનવેલી. )

અહો ! રણવાસવાસી અનુચર આઘાપાછા
થાય છે, તે ઉપરથી હજુરસવારી આમ
આવતી જણાય છે. [૮૩]ઓ મહારાજ ઝળક્યા એ.

( વસંતતિલકા. )

આ હૈમ તાલવનથી અવનીશ આવે,
જેને શરપ્રભવની ઉપમા સુહાવે.
બે બાહુએ કનકનાં વલયો વડાં છે,
દૂર્વા સમાં રુચિર લીલમ જ્યાં જડયાં છે. (ल) ૨

એમને હું મળું.

જાય છે.

---

ल પૂર્વાર્ધમાં પરિકરાંકુરથી પોષિત ઉપમા અલંકાર છે; તેની અને ઉત્તરાર્ધની ઉપમાની અહીં સંસૃષ્ટિ છે. તે સ્થાયી રતિને દીપાવે છે.

---

૮૩. મૂળમાં અહીં બીજી વારનો વધારા પડતો **अये** અવ્યય છે. આગળ શ્લોકમાં **प्रदीप्रैः** અને **परिणाहितांसः** પાઠ કલ્પ્યા છે. મૂળમાં **प्रवीवैः** અને **परिणीहितांसः** છે. **द्रवीपैः** પાઠાંતર શાસ્ત્રીજી પણ કલ્પે છે.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## અંક ૨.

સ્થળ ઉજ્જયિનીનો રાજમહેલ.

પરિજન સમેત રાજા મહાસેન અને કંચુકી બાદરાયણ પ્રવેશ કરે છે.

[ મહા૦ સ્વગત ]

(માલિની.)

મમ હયદળકેરો રેણુ છાઈ રહે, તે
અવર નૃપતિ જોડી હાથ માથે વહે છે:
પણ નવ લવ લેખે હસ્તિશિક્ષામદે જે
ઉદયન ગુણશાળી, ચિત્ત ખૂંચે મને તે. (*) ૧

પ્રગટ ]

(વનવેલી.)

અરે બાદરાયણ!

[ બાદ૦ ]

જી મહારાજ!

[ મહા૦ ]

કેમ આર્ય.
જૈવંતિના ઊતારાનો બંદોબસ્ત કર્યો?

---

* પર્યાયોક્ત અને કાવ્યલિંગની સંસૃષ્ટિ છે. અસૂયા સંચારી છે.

[ બાદ૦ ]

શ્લો, ૭.

કર્યો, અને અવંતિને શોભે એવા સત્કારની ગોઠવણ કરી દીધી.

[ મહા૦ ]

ઠીક કર્યું. જેને રાજ-વંશીની પ્રતિષ્ટા વ્હાલી હોય, તેણે ઘેર આવ-નારનો સત્કાર સારો કરવો એ ઉચિત છે. ૮૪તેમાં એ કન્યાનું માગું જેને કરવામાં આવે, તેણે તો સામાની ખુશ થાય એવી સરભરા ઉત્તમ પ્રકારે કરવી ઘટે છે. આ સંબંધે તમે કંઈ કે'વા માગતા હો એમ જણાય છે. કેમ, બાદરાયણ, શું કહેવું છે ?

[ બાદ૦ ]

કંઈ નહિ, મહારાજના વિચાર યોગ્ય છે એ.૮૫

---

૮૪ મૂળ सर्वोऽपि कन्यादानं प्रति पृष्टश्चेत् परच्छन्देन तिष्ठति ।, કલ્પિત सर्वोऽपि कन्यादानं प्रति पृष्टश्च परच्छन्दने तिष्ठति ।.

૮૫ મૂળમાં कन्याप्रदानं प्रति समुत्पन्नोऽभिमर्शः । છે. પરંતુ 'કન્કાપ્રદાન સંબંધી મારા મનમાં વિચાર આવ્યો' એમ જો કચુકીએ કહ્યું હોય, તો તો अलमलं परिहृत्य । વગેરે કહેવાનું રાજાને રહે જ નહિ. આથી મેં समुपपन्नोऽभिमर्शः । એવો પાઠ લીધો છે.

[ મહ્લા૦ ]

કહો, કહો;
છૂપાવો નહિ. અમારે આ જ પીડા છે. સહુ એ
રાજાના આગળ વાત ઊડાવવાનું કરે છે.

[ બાદ૦ ]

મહારાજ! વિશેષમાં કે'વા કરતો હતો, કે
અહા! આવાં સારાં સારાં રાજકુળ તરફથી
વસુગાનાં માગાં પર માગાં આવે છે ને મહા-
રાજ કેમ કોઇને હા નથી કે'તા ?

[ બાદ૦ ]

કંચુકી !
તમને હું સમજાવું? જુવો ત્યારે.

(શિખરિણી.)

રુદે[૮૬] હીસે એવું કુળ પ્રથમ વિખ્યાત વરનું,
પ્રજા રીઝે એવું મધુરપણુ પૂંઠે પ્રકૃતિનું.
હરે સ્ત્રી સૌ એવું મનહર પછી રૂપ વપુનું,
ડરે વૈરી એવું અતુળ વળતી હું બળ વરૂં. (શ્ર) ૨

---

શ્ર અપ્રસ્તુતપ્રશંસા અલંકાર.

---

૮૬ મૂળ શ્લોકનાં ચારે ચરણમાં કંઇ ને કંઇ ભાગ ભ્રષ્ટ છે. પહેલા ચરણમાં **अभिकाङ्क्षे हि**, બીજામાં **सानुक्रोशं**, ત્રીજામાં **रूपे कान्ति** અને ચોથામાં **वीर्योद्ग्रं** તથા **युवतयः** છે તે સુધારી લેઈ મેં અનુક્રમે **अभिकाङ्क्षामि, सानुक्रोश्यं, रूपं कान्तं** અને **वीर्योदग्रं** તથા **द्रुतयः** પાઠ કલ્પ્યા છે. પહેલો અને છેલ્લો ભ્રષ્ટ પાઠ અક્ષર ખવાઈ ગયે ઊપજેલ છે.

[ બાદ૦ ]

(વનવેલી.)

મહારાજ વતરેક એવો કોઈ જોતો નથી
કે જેનામાં એ બધા એ ગુણ હોય.

[ મહા૦ ]

માટે તો વિચાર કરવો પડે છે.

(અનુષ્ટુપ.)

માબાપે[૮૭] ગુણસંપન્ન વર જોવો સુયત્નથી;
કન્યાના ભાગ્યની વાત અન્ય તોઃ અન્યથા નથી.(ष).૩

(વનવેલી.)

બાદ[૮૮], હવે દેવીને બોલાવી લાવો.

---

ष અપ્રસ્તુતપ્રશંસા.

---

૮૭ મૂળમાં શ્લોકનું પૂર્વાર્ધ ખંડિત છે. મેં **कन्याया वरसंपत्तिः पित्रोः प्रार्थ्या प्रयत्नतः।** પાઠ યોજી ઉદ્ધાર કર્યો છે. શાસ્ત્રીજી બીજૂં ચરણ **पितुः प्रायः प्रयत्नतः।** કલ્પે છે, તે બરાબર નથી.

૮૮ મૂળમાં **दुहितुः प्रदानकाले दुःखशीला हि मातरः। तस्माद्** એટલા બોલ અહીં વધારે છે. આમાંનો **तस्माद्** સિવાયનો ભાગ આગામી શ્લોક ૫ ની પુષ્ટિ કરનારો ઉમેરો છે. એ અસલ **प्रदानकाले दुहितुर्दुःखशीला हि मातरः।** એમ પદ્યાત્મક હોય એવું લાગે છે. બધો એ વધારાનો ભાગ અસ્થાને તેમ જ ક્ષેપકરૂપ હોવાથી મેં તજી દીધો છે.

[આદ૦]

જેવી આજ્ઞા. [ જાય છે. ]

[મહા૦]

કન્યાનું માગું કરવા કાશિરાજ તરફથી જૈવંતિ આવેલ છે. તે ઉપરથી છળબળે વત્સરાજને પકડી લાવવાને મોકલેલ શાલંકાયનની વાત મને યાદ આવે છે. કેમ એમણે અદ્યાપિ કંઈ પણ સમાચાર મોકલાવ્યા નહિ હોય? વીણા વડે હાથી વશ કરવાનો વત્સરાજને જે છંદ છે તે જગ-
જાહેર છે. તેથી એમ માનું છું કે

(અનુષ્ટુપ.)

ગજગ્રહણની વ્હાલી લીલામાં એ ફસ્યા હશે.

(વનવેલી ચાલુ.)

સાથે એમ પણ ખ્યાલ આવે છે, કે

(અનુષ્ટુપ ચાલુ.)

અમાત્યો જાગતા જોતા એના ટાંપી રહ્યા હશે. (स) ૪

એવે પટરાણી અંગારવતિ પરિજન સાથે પ્રવેશ કરે છે.

स આ ઉક્તિમાં સ્મરણ અને ચિંતાએ પોસાતા ઔત્સુક્ય સંચારી ભાવનું નિરૂપણ છે.

[ અંગા ]

(વનવેલી.)

જય, જય, રાજાજી.

[ મહા૦ ]

આવો. અહીં બિરાજો.

[ અંગા૦ ]

આજ્ઞા મહાસેનની.

[ મહા૦ ]

વત્સા વાસુ શું કરે છે ?

[ અંગા૦ ]

વૈતાલિકી ઉત્તરાની પાસે એ [૮૯] વીણા શીખે છે.

[ મહા૦ ]

એને વળી ગાંધર્વવિદ્યાનો કોડ ક્યાંથી થયો ?

[ અંગા૦ ]

કાંચનમાલાને વીણા વગાડતી જોઈ મારાં વાસુબાને પણ મન થઈ આવ્યું. કંચન તો, હાથ[૯૦] કોરો રહે, માટે મ્હાવરો કરતી હતી.

[ મહા૦ ]

બાળકનું એમ જ છે. દેખ દેખે, શીખ શીખે.

---

૮૯ મૂળમાં અહીં **णारद्दीअं** વધારામાં છે. પરંતુ શિક્ષણ વીણા સામાન્યનું છે, વીણાવિશેષનું નથી. આથી પ્રક્ષેપભૂત **णारद्दीअं** બોલ મેં તજી દીધો છે.

૯૦ મૂળ **करअन्ति**, કલ્પિત **करन्ति**.

[ અંગા૦ ]

એ હવે મહાસેનને વીનવવાની છે,

[ મહા૦ ]

શું?

[ અંગા૦ ]

કે

મારે માટે વીણાનો શીખવનાર શોધી કાઢો.

[ મહા૦ ]

એ હવે પરણશે ને સ્વામી વીણા શીખવશે; એટલે એને શીખવનારની જરૂર નથી.

[ અંગા૦ ]

મારી લાડકીને હવે પરણાવી દેવાની જ?

[ મહા૦ ]

તમે જ કહ્યા કરો છો, કે હવે વાસુને પરણાવિયે. તો અત્યારે એ વાતે કેમ ચમકતાં અને કણમણતાં હશો?

[ અંગા૦ ]

તે ખરૂં કહૂં?

એને પરણાવવાની મને ખાંત બહુ જ છે. પણ શૂં કરૂં? વિજોગ પડવાનો સંભારતાં દુઃખ થાય છે. એનો વિવાહ તમે કોઇ સાથે કરી નાંખ્યો?

[ મહા૦ ]

ના, રે, નથી કરી નાંખ્યો.

[ અંગા૦ ]

ઠીક ત્યારે.

હવણાં નથી કરવો. આગળ ઉપર થશે.

[ મહા૦ ]

અહા એ જ વાત છે.

( અનુષ્ટુપ. )

વ્હેં'દુઃખે ના વરાવાય; લાજે કન્યા રખાય ના.
મૂઝાયે માત પુત્રીની સંકટે સ્નેહ ધર્મના. (ह) ૫

( વનવેલી. )

તેમ૯૧ છતાં કોઇનૂં એ મનથી નકી કરવૂં
જોઇયે જ. વત્સા વાસુ ૯૨વયમાં આવી છે. હવે

ह કાવ્યલિંગ અને અપ્રસ્તુતપ્રશંસાનો સંકર છે.

૯૧ મૂળમાં **श्वसुरपरिचरणसमर्थे** પદ વધારે છે. પરંતુ મહાસેન કુંવરી જેને મરણાવવા ઇચ્છતો હતો, તે ઉદયનના પિતા તો મરી ગયા હતા. આથી વધારાનૂં પદ અસંગત ગણી તજી દીધૂં છે.

૯૨ મૂળમાં અહીં નીચે મુજબ વધારો જોવામાં આવે છેઃ- **एष चापरः काशिराजोपाध्याय आर्यजैबन्तिरद्य दौत्येन प्राप्तो विलोभयति मां चारित्रेण । ( आत्मगतम् ) न किंचिदाह । अश्रुपूर्णाभ्याकुला कथं निश्चयं गमिष्यति । भवतु, निवेद-याम्यस्य । ( प्रकाशम् ) श्रूयन्तेऽस्मत्संबंन्धप्रयोजनायागता राजानः । देवी । किं दाणि वित्थरेण । जहिं दइअ ण संतप्पामो तहिं दीअदु । राजा । अहो महान् खलु लोला-भिहितो दुःखविस्तर इदानीं पश्चादुपालम्भनं श्रोतुम् । तस्माद्.** આ વધારો પુનરુક્તિ વિરોધ આદિ દોષથી અંકિત છે. ને કારણથી એ ભાગ મેં અનુવાદમાં લીધો નથી.

એક માગૂં સંબંધી મગધરાજનું ' છે. પછી વંગના, વિદેહના, સૌવીરના ને [93]શૂરસેનના રાજાનાં માગાં પણ આવેલાં છે. વળી કાશિરાજે પણ દૂત પાઠવેલો છે.

(વૈશ્વદેવી.)

કો રૂડા રૂપે, કોય શીળા સ્વભાવે,
કો ઊંચી ખ્યાતે, કોય પ્રૌઢા પ્રભાવે,
ભૂપો [94]લોભાવે એમ નાના પ્રકારે.
સઃ વાતે ચિત્તે કો વસે છે તમારે? (का) ૬

એવે કંચુકી બાદરાયણ ઊતાવળો પ્રવેશ કરે છે.

**का** આ પ્રશ્ન ઉપર ઉપરનો, કેવળ દેખાવનો જ છે. રાજારાણી બંને અંદરખાનેથી વાસવદત્તા વત્સરાજને જ પરણે એમ ઇચ્છે છે. એનો ખુલાસો વત્સરાજ પકડાયાના પ્રસંગથી થઈ જાય છે. જુઓ આગળ રાણીની ઉક્તિઃ–'એમના (અર્થાત્ વત્સરાજના) લોભમાં વાસુઆનો વિવાહ બીજા સાથે કરવો રુચતો નથી.' આ વાત કવિએ અહીં વસ્તુધ્વનિ દ્વારા સૂચવી છે. એકાએક પ્રવેશ કરતા બાદરાયણના કથનનો પ્રથમ બોલ ' વત્સરાજ ' લાગલો મહાસેનના પ્રશ્ન પછી આવી ' વત્સરાજ રાણીના ચિત્તમાં વસે છે ' એવો ભાવ સ્ફુરાવે છે. એનો વાસ્તવિક અન્વય સાત ઉક્તિ મૂકી ' પકડાયા છે ' અને ' અમાત્ય શાલંકાયનના હાથમાં છે ' એ બે કથન આવે છે તેની સાથે છે.

૯૩ મૂળ **शूरसेनः**, કલ્પિત **शौरसेनः**

૯૪ મૂળ **लोभयन्तो**, કલ્પિત **लोभयन्ते**. સટીક આવૃત્તિમાં શાસ્ત્રીજી પણ આ પાઠ સ્વીકારે છે.

[ આદ૦ ]

( વનવેલી. )

વત્સરાજ

[ મહા૦ ]

વત્સરાજ ! શું ?

[ આદ૦ ]

જી મહારાજ, ક્ષમા કરો, મહારાજશ્રીને અને મહારાણીને મેં વધામણી કે'વાના આવેગમાં જુહાર્યા નહિ.

[ મહા૦ ]

વધામણી !

[ અંગા૦ ૮૫ ઊભી થઈ ]

જય, જય ! જાણે છું હું.

[ મહા૦ ]

રહો દેવી, વધામણી૮૫ તમારાથી કંઈ છાની હોય નહિ.

[ અંગા૦ ]

આજ્ઞા મહાસેનની. [ બેસે છે. ]

---

૮૫ મૂળ **प्रियवचनपरिहार्या हि देवी । आस्यताम् ।** કલ્પિત **अयि प्रियवचनमपरिहार्यम् । देवि आस्यताम् ।** Madras Oriental manuscripts Library વાળી લિખિત પ્રત આ પાઠની પુષ્ટિ કરે છે,

[ **મહા૦** ]

૯૬બાદરાયણ! ફિકર નહિ, કહો
સ્વસ્થપણે. શું તમે કે'તા હતા?

[ **બાદ૦** ]

પકડાયા૯૭ છે,

[ **મહા૦** સ્વગત હર્ષથી ]

શું કો' છો ?

[ **બાદ૦** ]

૯૮અમાત્યના
પાશમાં એ પડ્યા છે.

[ **મહા૦** ]

શું ઉદયન ?

[ **બાદ૦** ]

હા, જી.

[ **મહા૦** ]

શતાનીકના સુપુત્ર ?

---

૯૬ મૂળમાં **उत्तिष्ठोत्तिष्ठ** વધારે છે.

૯૭ મૂળમાં ( **उत्थाय** ) **तत्रभवतामात्येन शालङ्कायनेन गृहीतो वत्सराजः।** એમ આખું વાક્ય આપ્યું છે, તે પૈકી **वत्सराजः** કંચુકીની ગત ઉક્તિથી અને **तत्रभवतामात्येन शालङ्कायनेन** આગામી ઉક્તિથી પુનરુક્ત બને છે. નાટ્યસૂચિ પણ જરૂરની નથી. આથી મેં **गृहीतः।** એટલો જ પાઠ લીધો છે.

૯૮ મૂળમાં **गृहीतो वत्सराजः** એટલા બોલ વધારે છે. પુનરુક્તિના કારણથી તે તજી દીધા છે.

[ બાદ૦ ]

૯૯હા જી.

[ મહા૦ ]

સહસ્રાનીકના પૌત્ર ?

[ બાદ૦ ]

હા, જી, એ એ.

[ મહા૦ ]

સમગ્ર ગાંધર્વવેદના નિધાન ?

[ બાદ૦ ]

હા, જી, એજ.૧૦૦

[ મહા૦ ]

કૌશાંબીના રાજા ?

[ બાદ૦ ]

હા, જી.

એ જ એ જ.

] મહા૦ ]

વત્સરાજ ?

[ બાદ૦ ]

જી મા'રાજ. ( त्वा )

त्वा બાદરાયણના એકા એકએક પ્રવેશથી માંડીને અહીં સુધીમાં આવેગ નામે સંચારી ભાવનું મનોહર નિરૂપણ છે.

૯૯ મૂળ **दढम** ।, કલ્પિત **बाढम** ।. પહેલો અક્ષર ખવાઈ ગયે પાઠ ભ્રષ્ટ થયો છે.

૧૦૦ મૂળમાં **ब्रुवन्ति** વધારે છે.

[મહા૦]

યૌગંધરાયણ તો નૂ ઘણા ગયા!

[બાદ૦]

ના, જી. એ તો. કે' છે, કૌશાંબીમાં જેર૦૧

[મહા૦]

વત્સરાજ તો પકડ્યા જાય નહિ.

[બાદ૦]

મહારાજ! હું કહું તે સાચું માનો.

[મહા૦]

અરે તમે કો' છો, પણ

(વસંતતિલકા.)

વત્સેશ જાય પકડ્યા ન જ એ મનાએ.
ના કોઈએ અચળ મંદર ઊચળાયે.
૧૦૨એ વીરની અરિગણે રણકીર્તિ ગાજે.
યૌગંધરાયણતણી ત્યમ હાક વાજે. (ગા) ૭

[બાદ૦]

---

**ગા** આ અને એના પહેલાંની ચાર ઉક્તિઓ શંકા નામે સંચારી ભાવનૂં નિરૂપણ કરે છે. પ્રસ્તુત શ્લોકમાં દૃષ્ટાંતપોષિત અનુમાન અલંકાર છે.

---

૧૦૧ મૂળમાં **वर्तते** ક્રિયાપદ ખૂટે છે, તે ઊમેરી લીધૂં છે.

૧૦૨ મૂળ **यस्याहवेषु...च नः स्वनन्ति॥**, કલ્પિત **तस्याहवेषु......पुनः स्वनन्ति॥.**

(વનવેલી.)

માફ કરો મહારાજ, અવસ્થાએ પ્હોચેલો આ બ્રાહ્મણ મહાસેનને જૂઠું નથી કે'તો.[૧૦૩]

[મહા૦]

[૧૦૪]ઠીક.

આ બધાયું કોણે આણી.?

[બાદ૦]

વત્સરાજને લઈને પ્રધાનજી પૂરપાટ[૧૦૫]રથ હાંકી પધાર્યા છે તેમણે જ, કોઇએ બીજાએ નહિ.

[મહા૦]

હાં, હાં, ઠીક.

[અલગ] અહાહા! અક્ષૌહિણીનાં કવચ ને ટોપ આજ ઊતર્યાં! સેનાને સુખે બેસવાનો વારો આવ્યો! છૂપા[૧૦૬] જાસુસો હવેથી મોકલવા મટી જતાં સર્વ રાજારાણાઓને ભવિષ્યનો ભય ટળ્યો!

---

૧૦૩ મૂળ **अभिहितपूर्वम्।**, કલ્પિત **अभिहितम्।**.

૧૦૪ મૂળ **अस्त्येतत्।**, કલ્પિત **अस्त्वेतत्।**.

૧૦૫ મૂળ **खररथेन**, કલ્પિત **स्वरथेन**.

૧૦૬ મૂળ **प्रच्छन्नवृतकृतसंप्रेषणा अशङ्किताः स्थास्यन्ति राजानः।**, કલ્પિત **प्रच्छन्नवृत**[illegible]**शङ्किताः स्थास्यन्ति राजानः।**. પ્રત **क**નો પાઠ આને ટેકો આપે છે.

ને હું મહાસેન થયો! ૧૦૭ (ઘા)

[ અંગા૦ અલગ ]

૧૦૮શું, અમાત્ય વત્સરાજ-

ને લઈને આવ્યા?

[ મહા૦ અલગ ]

હા, લઈને આવ્યા.

[ અંગા૦ અલગ ]

એમના જ

લોભમાં બીજાની સાથે વત્સા વાસુનો વિવાહ

આપણે કરાતો નથી.

[ મહા૦ ]

કેશરીને ઝાલી લાવનાર ૧૦૯શાલંકાયન, તે

કેટલેક અંતરે છે?

[ બાદ૦ ]

નગરના સિંહદ્વાર

નિકટ છે.

[ મહા૦ ]

જાઓ ત્યારે ભરત રોહક પાસે.

એમને કહો કે વત્સરાજને કુમારની જ

---

ઘા આ અને એના પછીની ત્રણ ઉક્તિમાં હર્ષ સંચારી છે

---

૧૦૭ મૂળમાં **एष समासः।** બોલ અહીં વધારે છે.

૧૦૮ મૂળમાં ઉક્તિને છેડે **वच्छराओ** બોલ ખૂટે છે, તે સ્પષ્ટતા સારૂ મેં ઉમેર્યો છે.

૧૦૯ મૂળમાં અહીં **मम बादरायण** એ બે બોલ વધારે છે.

સવારીના રસાલાથી પધરાવવાં, ને શાલં-
કાયને એઓની પૂંઠે રહેવૂં.

[ બાદ૦ ]

આજ્ઞા, મહારાજ

[ જવા માંડે છે. ]

[ મહા૦ ]

અરે, જરા પાછા આવો.

[ બાદ૦ ]

આવ્યો, મહારાજ.

[ મહા૦ ]

જુઓ,

વત્સરાજને જોવાને લોક ભીડ કરે તેને,
કહેજો, કે વારે નહિ.

(અનુષ્ટુપ.)

સુણેલો કર્ણ, વનથી આણેલો યજનાર્થ એ,
રહેલો દાંત પીસીને, છો, શૂરો સિંહ સૌ જુએ.(ક્ષ) ૮

[ બાદ૦ ] જેવી મહારાજની આજ્ઞા. [ જાય છે. ]

[ અંગા૦ ]

(વનવેલી.)

ઘણા ઘણા રૂડા દિન આપણે જોયા છે. પણ

---

ક્ષ ગર્વ સંચારી છે. અતિશયોક્તિ અલંકાર.

મને નથી સાંભરતું કે કદી એ આજ જેવો[૧૧૦] ખુશ થયો હોય.

[ મહા૦ ]

અને મને પણ સાંભરતું નથી કે કદી એ આવી વધામણી સુણી હોય[૧૧૧].

[ અંગા૦ ]

દેશ દેશના[૧૧૨] રાજાએ માગાં મોકલ્યાં છે. એક આમનું જ નથી આવ્યું.

[ મહા૦]

અને આવે પણ નહિ. 'ઓહો મહાસેન જોયા ન હોય તો !' એમ મારા નામની એ અંતરમાં અવગણના કરે છે, તે તે કોઇ કાળે આપણી કન્યાનું માગું કરે ?

૧૧૦ મૂળ **पी[illegible]जोग्गं महासेणस्स**, કલ્પિત **पीदिजोग्गं.** સંજોગ એકલા મહાસેનને નહિ, પણ રાજા રાણી બંનેને આનંદ આપનારો છે.

૧૧૧ મૂળમાં અહીં **यथा गृहीतो** [illegible] **इति** એટલો અંશ વધારે છે. ઉપરાંત **देवी । वच्छराओ णं । राजा । अथ किम् ।** એ બે ઉક્તિઓ પણ તે પછી વધારામાં આપી છે. એ ઉક્તિઓનું સ્થાન આગળ ટિપ્પણી ૧૧૬ માં બતાવવામાં આવશે.

૧૧૨ મૂળ **संबन्धपओअणागदाणि राअउलाणि सुदाणि,** કલ્પિત **संबन्धपओअणायअदूदाणि राअउलाणि.**

**[ અંગા૦ ]**

એ[૧૧૩] તે અલ્હેતાઇ જ હશે કે મૂરખાઇ ?

**[ મહા૦ ]**

છે તો

અલ્હેતાઇ.

[ **અંગા૦** ]

[૧૧૪]કેમ વારૂ :

**[ મહા૦ ]**

પાંચમો જે વેદ **મહા-**
**भारत**, તે પૂર્વજોની ખ્યાતિ વર્ણવે છે, તેનું
એમને છે અભિમાન. ભરતવંશી ભૂપાળ
રાજર્ષિ કે'વાય છે, તે બિરુદનું છે ઘમંડ.
પાર્થથી ગાંધર્વવેદ ઊતરી આવ્યો છે તેનો
ભરાયો છે ગર્વ. પ્રજા ઓવારણાં લે છે, તેણે
ઊપજ્યો છે અહંકાર. મનોહર રૂપ છે ને
ઝળકતું જોબન છે, તેનો ચડેલો છે મદ. (**चा**)

**चा** ગર્વ સંચારી ભાવનું નિરૂપણ છે,

૧૧૩ મૂળમાં અહીં **किम्** વધારે છે.

૧૧૪ મૂળમાં **किं णु हु पणं उस्सेअअदि ।** છે. આગામી ઉક્તિના **उत्सेकयति पनं** પદોને લીધે આ ઉક્તિમાં **पदं** ને બદલે **पणं** દાખલ થયેલ છે અને **उस्सेअअदि** ઊમેરાયેલ છે. મેં **किं णु खु पदं ।** પાઠ લીધો છે.

[ અંગા૦ ]

અહો, કેવી ખ્યાતિ! કેવું કુળ! કેવી કુશળતા! કેવી લોકપ્રીતિ! સૌ એ અંતરમાં ખૂંપે એવા વર વરવાના ગુણો એક અકડાઇએ જ [૧૧૫]અંતરમાં ખૂંચે એવા નીવડે તે આનું નામ.

[ **મહા૦** ]

અરે એટલાથી તમે અચરજ પામો છો શું? વત્સરાજના પ્રભાવ આગળ એ સરવે કંઇ જ નથી.

( અનુષ્ટુપ. )

ખડના બીડના અગ્નિ સમ ભૂમિ દદંત જે,
એની સીમે શમે મારો પ્રતાપાગ્નિ જવલંત તે. (**छा**) ૯

[૧૧૬][ અંગા૦ ] વત્સરાજ છે.

[ **મહા૦** ] એમ જ છે.

એવે હાથમાં વીણા સાથે કંચુકી બાદરાયણ પ્રવેશ કરે છે.

**छा** આ અને એના પહેલાંની બે ઉક્તિઓમાં સાર અલંકાર ગમ્યમાન છે. પ્રસ્તુત શ્લોકનું ઉપમાપોષિત રૂપક એનું અંગ છે.

૧૧૫ મૂળ **दोसो संवुत्तो**, કલ્પિત **दोसा संवुत्ता**. આ ફેરફાર **गुण** અને **दोष**ના સામાનાધિકરણ્યની ખાતર કર્યો છે.

૧૧૬ આ અને તે પછીની ઉક્તિ મૂળમાં અહીં છે નહિ. ટિપ્પણી ૧૧૧ માં ક્ષેપક ગણી કાઢેલા ભાગમાં તે ગોઠવાઇ ગઇ છે. ત્યાંથી ઉપાડી મેં તે અહીં મૂકી છે.

[ બાદ૦ ]

(વનવેલી.)

જય, જય, મહારાજ, આજ્ઞા અનુસાર શાલંકાયન અમાત્ય વત્સરાજને સવારી ભેર નગરમાં લેઈ આવ્યા છે; ને એઓ વિજ્ઞાપના કરે છે કે ૧૧૭વત્સરાજના કુળના નિધિરૂપ વીણારત્ન મળ્યું છે. તે આ હું મહાસેનને નિવેદન કરૂં છું [ વીણા નિવેદન કરે છે. ]

[ મહા૦ ]

ઠીક. વિજયનું મંગળ સંભારણું એ સ્વીકારૂં છું. અહો આ જ ઘોષવતી ?

---

૧૧૭ મૂળ **इदं भरतकुलोपभुक्तं वत्सराजकुले द्रष्टव्यं घोषवती नाम वीणारत्नं,** કલ્પિત **इदं वत्सराजकुलद्रव्यं वीणारत्नं.** સામાન્ય પ્રસિદ્ધિ એવી છે કે ઘોષવતી વીણા ભરતકુળમાં પરાપૂર્વથી ઊતરી આવી ન હતી, પણ ઉદયને પોતે પ્રાપ્ત કરી હતી. એને વીણા વજાડવાની કળા ગાંધર્વવેદના અંગ તરીકે અર્જુનથી વંશપરંપરાએ વારસામાં મળી હશે. પરંતુ ઘોષવતી તો તેણે પોતે જ પ્રાપ્ત કરી હતી. **अमरकोष**માં **घोषवती** બોલ **वीणा**ના પર્યાય તરીકે આપ્યો છે. પરંતુ ભાસ, બુધસ્વામી, સોમદેવ, ક્ષેમેંદ્ર વગેરે ઉદયનની જ વીણાને **घोषवती** સંજ્ઞાથી ઓળખાવે છે.

(પુષ્પિતાગ્રા.)

પ્રખર[૧૧૮] નખ વડે વગાડતાં જે
રણઝણુ રાગ ભરેલ રમ્ય સાજે
વશ કરિવરને કરે, પ્રસિદ્ધા
જયમ મુનિ કાપ્યતણી રહસ્યવિદ્યા. (जा) ૧૦

(વનવેલી.)

પ્રતિપક્ષી પાસેથી મળેલાં રત્ન વ્હાલાંઓને આપી તેનો ઉપભોગ તેમને કરતાં જોઈ અંતર ઠરે છે. તો આ વીણા વત્સ ગોપાલક-ને કે વત્સ પાલકને આપિયે. પરંતુ એ તો એમને નકામી છે.

(અનુષ્ટુપ.)

અર્થશાસ્ત્રતણા રાગે ને શસ્ત્રાભ્યાસના રસે
મનમાં નવ એકેના દિવ્ય વાદ્યકળા વસે. ૧૧

(વનવેલી.)

તો આ ઘોષવતી કોને આપવી? વારૂ, વાસુબા વીણા વગાડે છે ને?

जा ઉપમાએ પોષિત ઉદાત્ત અલંકાર છે.

૧૧૮ મૂળ **करजमुखोल्लिखिताग्रघृष्टतन्त्री**, કલ્પિત **करजमुखोल्लिखितावघृष्टतन्त्री**. નવમો અક્ષર ખવાઈ ગયે પાઠ ભ્રષ્ટ થયો છે.

[ અંગા૦ ]

હા, એ વીણા વગાડે છે ખરી.

[ મહા૦ ]

ઠીક.

આ વીણા એને જ ત્યારે આપો.

[ અંગા૦ ]

એ આપ્યાથી એ વધારે ખેલાશે;
અને એની સાથે રમ્યા કરશે.

[ મહા૦ ]

ભલે રમે સાસરે રમાશે નહિ.

( બાદરાયણ પ્રતિ )

વારૂ, બાદરાયણ, [૧૧૯]એ વત્સરાજ કહો ક્યાં છે ?

[ બાદ૦ ]

પ્રધાનજી [૧૨૦]સાથે મધ્ય ચોકમાં છે. પગ છૂટા

૧૧૯ મહાસેનની આ ઉક્તિ મૂળમાં **क्व सः ।** અને **अथ वत्सेष्वधिकृतः ।**, એમ બે ભાગમાં વ્હેંચાયલી મળી આવે છે; ને વચમાં **काञ्चुकीयः । अमात्येन सह प्रविष्टः ।** એમ છે: જેથી વત્સરાજ ઉપરાંત બીજા કોઇ વિશે પણ મહાસેન પૂછતો હોય એવો ભાસ થાય છે. પરંતુ પ્રશ્ન વત્સરાજ સંબંધી જ પ્રસ્તુત છે. શબ્દો આડાઅવળા ગોઠવાયાથી ગોટાળો ઉત્પન્ન થયો છે. એ ગોટાળો દૂર કરવા મેં સળંગ **अथ क्व स वत्सेष्वधिकृतः ।** એવો પાઠ લીધો છે; અને ટિપ્પણી ૧૨૦ માં દર્શાવ્યા મુજબ બાકીનો ભાગ આગામી ઉક્તિમાં ભેળવી દીધો છે.

૧૨૦ મૂળમાં **अमात्येन सह प्रविष्टः ।** છે; અને તે ગઈ

ન હોવાના અને ઘણા ઘા લાગ્યાના કારણથી ખાંધે ખાટમાં ઊપાડી એમને આણ્યા છે.

[ મહા૦ ]

અરે !

ઘા ઘણા લાગ્યા છે? અહહા, [૧૨૧]અકુંઠ ક્ષાત્ર તેજનું, અટંક ટેકનૂં આ દુ:ખ. આવી વેળાએ જે વજ્રહૃદયાનો હોય, તે જ જોઈ રહે. [૧૨૨]વ્હેલા જાઓ, બાદરાયણ, અને ભરત રોહકને કહો કે એ જખમોને મલમપટા કરાવે.

[ બાદ૦ ]

આજ્ઞા, મહારાજ.

[ મહા૦ ]

રહો;[૧૨૩] સાંભળો

ટિપ્પણીમાં કહેલે ઠેકાણે કંચુકીની જુદી ઉક્તિ તરીકે મૂકેલ છે. એમાંનો **प्रविष्टः** બોલ **प्रवेशितः** વડે ગતાર્થ બને છે. આથી **अमात्येन सह तिष्ठति** એવો પાઠ યોજી મેં તે ભાગ અહીં ગોઠવેલ છે. છેલ્લા ત્રણ અક્ષર ખવાઈ ગયે ભળતા પાઠ **प्रविष्टः** ને **उपविष्टा** ઊપજ્યા જણાય છે.

૧૨૨ મૂળમાં **निरुपस्कृतस्य** છે. પરંતુ **उपस्कार**નો અભાવ પરમનાગરિક ઉદયનના વિશે સંભવતો નથી. આથી કલ્પિત **निरुपश्रुतस्य** પાઠ મેં લીધો છે. ચોથો અક્ષર ખવાઈ ગયે ખોટો પાઠ ઉદ્‌ભવ્યો લાગે છે.

૧૨૨ **उपेक्षितवान्**, કલ્પિત **उपेक्षेत**.

૧૨૩ મૂળમાં અહીં **अथ वा** વધારે છે.

[ આદ૦ ] જી મહારાજ,

ફરમાવો.

[ મહા૦ ]

જુઓ. વત્સરાજની હઝુરનાં જે માણસો છે, તે સઉએ એઓ પ્રતિ માન ભેર વરતવૂં. વળી એ શૂં કર્યાથી પ્રસન્ન રૂહે છે, તે એમની મુખમુદ્રા ઉપરથી જાણી લેવા તત્પર રૂહેવૂં; ને છેલ્લા વિગ્રહની વાત એઓ સમક્ષ કરવી નહિ. તેમ વળી છીંક ખાય કે બગાસૂં આવે, તે પ્રસંગે 'ખમા ! ખમા !' કે'વા ચૂકવૂં નહિ; ને તે તે અવસરે ખ્યાતિ ગાવી. સમજ્યા કે ?

[ આદ૦ ]

જેવી આજ્ઞા.

(જઈ પાછો આવી)

જય. જય, મહારાજ ! પ્હેલી વેળાના મલમપટા તો મારગમાં જ વત્સરાજ ને કર્યા છે. બીજી વેળા કરવાના તેની તો, કહે છે, હજી વાર છે, જી. મહારાજ, સૂર્ય ભગવાન માથે આવ્યા છે; ને સ્નાન તથા ભોજનનો રાજાજીનો નિત્યનો સમો થયો છે.

[ મહા૦ ]

આ ખરા બપોરની વેળાએ વત્સરાજને ક્યાં રાખ્યા છે? એ ટેકીલા છે; નહિં બોલે. માટે કરી હું પૂછું છું.

[ બાદ૦ ]

મોરથંભ સનમુખ ઓસરીમાં.

[ મહા૦ ]

અરરર! એ સ્થળે તો લાહ્ય વરસે છે; અને અત્યારે તો ક્ષણ પણ રહ્યું જાય એવું નથી. તે માટે હું કહૂં છૂં કે મણિભૂમિએ એઓને લેઈ[૧૨૪] જવાનું ભરત રોહકને કહો. જાઓ. તહીં તાપ નહિં લાગે.

[ બાદ૦ ]

જેવી આજ્ઞા, મહારાજ.

( જઈ પાછો પ્રવેશ કરી )

ભરત રોહકજીએ હજુરના હુકમનો અમલ કર્યો છે. હવે એઓ મહારાજજીને મળવાને ઇચ્છે છે.

[ મહા૦ ]

એ તો સમજ્યા. ભરત રોહકને હૈયે વત્સ- રાજના સત્કારની આ વાત નથી ઊતરતી.

---

૧૨૪ મૂળ **પ્રવેશય**, કલ્પિત ~~નિવેશય~~.

હું[125] જઈને એની ગડ બેસાડું છું. આપણને જય મળ્યો, તે એમની નીતિને આભારી છે.

[ અંગા૦ ]

વારૂ, ત્યારે વાસુબાનું સગપણ કરી દેતા તો નથી ને?

[ મહા૦ ]

નહિ કરી દઈએ.

[ અંગા૦ ]

ઉતાવળ નથી.
થાય છે. ક્યાં કન્યાકાળ વીતી ગયો છે?

[ મહા૦ ]

તમારી
જેવી ઇચ્છા. દેવી હવે રણવાસ પધારશો.
અમે જમવા જઈએ.

[ અંગા૦ ]

હા, રણવાસે જાઉં છું.
પરિજન સમેત રાણી જાય છે.

( શાલિની. )

દાખ્યું જે વૈર એના મદે જ,

૧૨૫ મૂળ **अस्यैष नीतेः परिश्रमः । अहमेवैनमनुनयामि ।**, કલ્પિત **अहमेनमनुनयामि । अस्यैव नीतेरेष परिणामः ।**

બંધાતે એ ૧૨૬નીતર્યૂં જોઉ, તે જ
હૈયૂં ધાના જોખમે ખિન્ન કંપે
'શૂં થાશે, હા, એમનૂં?' એ અજંપે. (ज्ञा) ૧૨

પરિજન સમેત રાજા મહાસેન અને કંચુકી બાદરાયણ જાય છે.

ज्ञा અહીં ચિંતા અને વિષાદ સંચારી છે. પર્યાય અલંકાર.

૧૨૬ મૂળ **आनीतेऽस्मिन् स्यात्तु**, કલ્પિત **आनीतेऽस्मिन्नस्ति.**

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## અંક ૩.

સ્થળ ઉજ્જયિની બહાર પ્રથમ એક શિવાલય અને પછી

ચોબારી ધર્મશાળા.

૧૨૭દંડધારી પેટભરૂ બ્રહ્મચારીના વેષમાં વસંતક પ્રવેશ કરે છે. (ञा)

ञा ગાંડાના, પેટભરૂ બ્રહ્મચારીના અને જતિના વેષમાં યૌગંધરાયણ વસંતક અને રુમણ્વાન વચ્ચે શિવાલયમાં જે વાતચીત થાય છે, તેનો એક અર્થ તે તે વેષને સ્પષ્ટ લાગુ પડતો અને બીજો અર્થ વત્સરાજને બંધનમાંથી છોડાવવાની ખટપટને લગતો બળાત્કારે ખેંચી કાઢેલો શાસ્ત્રીજીના વ્યાખ્યાનમાં આપ્યો છે. જૂના સંસ્કૃત ટિપ્પણમાં પણ આવી રીતે બે અર્થ આપ્યા છે. પરંતુ મારી મચરડીને અનર્થને અર્થ તરીકે ઠોકી બેસાડવો ને તે ભાસને માથે ઓઢાડવો, એ મને ઠીક લાગતું નથી. આથી જે સ્પષ્ટ અર્થ થાય છે, તે જ મેં આપ્યો છે. આ શિવાલયના સંવાદમાં પેટભરૂ બ્રહ્મચારીના વેષ અને ભાષણથી, ઘેલાની ઘેલછાથી અને જતિના દંભથી કવિએ મધ્યમ કોટિનો હાસ્ય રસ જમાવ્યો છે.

૧૨૭ મૂળ **डिण्डिक**, કલ્પિત **दण्डिक**. શાસ્ત્રીજી **डिण्डिको नाम यो विकृतवेषभाषणादिना जनस्य हास्यं जनयन् भिक्षामर्जयति स उच्यते ।** એમ લખે છે; પરંતુ કંઇ આધાર આપતા નથી. આગળ ઉપાધ્યાયને ઘેર જવા પોતે નીકળ્યો છે એમ વસંતક જણાવે છે, તે ઉપરથી તેણે પેટભરૂ બ્રહ્મચારીનો વેષ લીધો હોય એમ સમજાય છે. ગાંડાના વેષમાં લાકડાનું છાબડું ઉપાડી જનારા યૌગંધ-

[ વસં૦ ]

( વનવેલી. )

આંહ,[૧૨૮]આ તો ઓહિયાં જ ઓહિયાં થયા કરે છે.
રુંડમુંડ [૧૨૯]ડુક્કરની સૂંડમાંથી ફુર્ર ફુર્ર
શબ્દ જેમ નીકળે છે, તેમ મારા પેટમાંથી
વાયુ જોર કરે છે; તે [૧૩૦]ખાઉં તેણે બેસશે.
અરે[૧૩૧]મારા લાડવાઓ ક્યાં ગયા? અજબ! આ શું?

---

રાયણને વસંતક ધમકી આપી રોકવાનું કરે છે, ત્યારે એના દંડનો નિર્દેશ કરેલો છે. મૂળ પાઠ **इमिणा दण्डअट्ठेण** છે, તે બદલ મેં **इमिणा दण्डएण** એવો કલ્પિત પાઠ યોજી અનુવાદ આપ્યો છે. પેટ ભરવા **दण्ड** અને **अजिन** ( =મૃગચર્મ ) ધારણ કરનારને માટે **दण्डाजिनिक** કે **दाण्डाजिनिक** બોલ છે. આવો જ સંકેત **दण्डिक** કે **दाण्डिक** બોલમાં હું સમજું છું.

૧૨૮ ' આંહ, આ તો......બેસશે '. અહીં મૂળમાં બહુ ગરબડાટ છે. ઉક્તિ ટિપ્પણી ૧૩૧ વાળા ભાગથી શરૂ થાય છે; પછી ટિપ્પણી ૧૩૦ વાળો ભાગ આવે છે; ને તે પછી ટિપ્પણી ૧૨૮ વાળો ભાગ છે. આ રીતે વાક્યો ઊલટપાલટ થવાથી ટિપ્પણી ૧૩૫ વાળો ભાગ જે ટિપ્પણી ૧૩૧ સાથે આત્યંતિક સંબંધ ધરાવે છે, તે આ ભાગથી છૂટો પડી જાય છે. એ ગોટાળો ટાળવાને ક્રમ બદલી લેવો પડ્યો છે.

૧૨૯ મૂળ **सूअरवत्थी**, કલ્પિત **सूअरो**.

૧૩૦ મૂળમાં **आदु अपि** એ બોલો વાક્યના આરંભે વધારે છે. વાક્યોના વ્યુત્ક્રમ બાબત જુઓ ટિપ્પણી ૧૨૮.

૧૩૧ ' અરે! મારા લાડવા......ગયા ક્યાં ?' મૂળમાં આ ભાગ ટિપ્પણી ૧૨૮ માં કહ્યા મુજબ ઊલટપાલટ ગોઠવાયલો છે.

માતાજીના પારે મેં તો છાબડું મૂકેલું હતું. ઝાઝી વારે નથી થઈ. દખણામાં મળેલાં આ ધોળાં ગદબદિયાં હું અત્તરપગલે બ્હાર તપાસી લેઈને ચાલ્યો આવું છું ને જોઉં છું તો છાબડું નથી. અરેરે કોણે ઘર ઘાલ્યું આ? પેલો ૧૩૨પાંપલો તો લેવા આવે નહિ; કેમકે મેં આખો લાડુ આપી એનું મન મનાવ્યું હતું. કૂતરાં એ ખેંચી જાય નહિ; કાં કે તેમનાથી કોટ ૧૩૩ચડી ઉતરાય નહિ એવો ઊંચો છે. વાટે જનારે ઉપાડી જાય નહિ, તે જોવા જ પામે નહિ; શાથી જે ૧૩૪ અખંડ આડી ભીંત છે. ત્યારે લાડવા ગયા ક્યાં? ૧૩૫ કદાચ પારવતીના સમજીને મહાદેવજીએ તો લીધા ન હોય?

---

૧૩૨ મૂળ **ओलग्गो**, કલ્પિત **ओलुग्गो**. જુઓ **दे. नाम । सेवअअपहाबलेसु ओलुग्गो**. શાસ્ત્રીજી મૂળ પાઠ કબૂલ રાખી ખેંચી તાણી ભિક્ષુક અર્થ કરવા મથે છે.

૧૩૩ મૂળ **अगई**, કલ્પિત **ण गई**.

૧૩૪ મૂળ **अक्खदभत्तदाए अलोहणीअं**, કલ્પિત **अक्खद भित्तिदाए णालोअणीअं**. અહીં લોભાવવાનો સવાલ નથી, નજર પડવાનો સવાલ છે; અને લાડુનું છાબડું નજરે ક્યારે પડે, કે જ્યાં શિવાલયના વંડાની ભીંતમાં ભગદાળાં પડ્યાં હોય ત્યારે. આવી સમજથી મેં પાઠ સુધારી લીધો છે.

૧૩૫ મૂળ **अहव लो[illegible]अणीए केरअं मम केरअं त्ति करिअ लियेण**, કલ્પિત **अह णील[illegible] कआअणी**

એ[૧૩૬] જોગીંદ્ર ટંઇ કંઇ એવાં કામ કરે છે.
એમને હું પૂછું. જોઉં કંઇ પત્તો લાગે છે?
મહારાજ![૧૩૭] મારા લાડુ લીધા હોય, તો તે આપો.
અરે![૧૩૮]એમની જ પાસે છાબડું તો પડેલું છે.
એ ઉઠાવી લેઉં. આ તો[૧૩૯]ચિતરામણ છે. અહા.
ગભરાના [૧૪૦]અંધારામાં એ મેં ઓળખાયૂં નહિ.

**केरअं ति करिअ.** મૂળ પાઠમાં **व** અસ્થાને છે; એમાં કહેલ **लोहिदकम्बाअणी** જાણવામાં નથી. **मम केरअं** બોલ વધારે છે. **सिवेण** પદ અસલ **णीललोहिदेण** ઉપરનૂં મૂળમાં ભળી ગયેલૂં ટિપ્પણ છે.

૧૩૬ મૂળમાં **जदिवि** વધારે છે.

૧૩૭ મૂળમાં આ વાક્યની પૂર્વે અને પછી **देहि भट्टा** અને **तुवं वि मम चोरोऽसि** એટલૂં અનુક્રમે વધારે છે. ઉપરાંત ટિપ્પણી ૧૩૮ વાળો ભાગ મૂળમાં ટિપ્પણી ૧૩૭ વાળા ભાગની પૂર્વે આપ્યો છે.

૧૩૮ ગઈ ટિપ્પણી જુઓ.

૧૩૯ મૂળમાં **आलिहिदं खु मम मोदअमल्लअं ।** છે. અહીં **मम** બોલ વધારાનો હોવાથી તે તજી દીધો છે.

૧૪૦ મૂળમાં **संदावतिमिरेण** છે. એમાંના **संताप** શબ્દનો યૌગિક અર્થ ‘ અત્યંત ગરમી ’ થાય છે. પરંતુ અત્યંત ગરમી કે ઘા-મથી આંખે ઝાંઝવાં વળતાં નથી. આથી **उग्रातपाभिघातजनितेन चक्षुर्जडिम्ना** એવૂં વ્યાખ્યાન શાસ્ત્રીજી આપે છે, તે અગ્રાહ્ય છે. લાડુ ગયાના સંતાપના અર્થમાં સંસ્કૃત **संताप** બોલ લેતાં પણ વાંધો દૂર થતો નથી. આથી **संदाव** સાવ તજી દેઈ મેં માત્ર **तिमिरेण** પાઠ યોજ્યો છે.

એને હવે રાખું નહિ: બસ લ્હોઈ નાંખું. અહો! ફરી ફરી લ્હોઉં છું ને એ તો ઓર ખિલે છે! ધન્ય છે એ ચિત્રના ચિતારાને. શો એણે રંગ પૂરેલો છે! ભલે, પાણી લેઈ ધોઈ નાંખું એ. [141]લાડવાનું છાંબડું જવું કેવુંક થાય છે તે શિવજીએ જાણશે. શું, મારૂં જાય ને એમનું રહે?

[ પડદા પાછળ ] જે! ગોળમટોળની જે!

[ વસં૦ ]

( વનત્રેલી )

અહો, કોણ[142]આવે છે આ? એણે અંગે ચોમાસાના વ્હેળા જેવા ગંદારોળ ગાભા ખુબ વીંટેલા છે; અને એ વ્હેળામાં ધોળાફક ફીણના ફિસોટા હોય તેવા, ખડખડ હસી, દાંત દેખાડે છે. અરે આ તો દેવજી હુરિયો. મારા લાડવાનું ઠામ એના હાથમાં છે. ઊભો રહે, ગાંડા! ઊભો ના રહ્યો, તો જાણ કે આ દંડે તારૂં માથું ભાગ્યું.

એવે ગાંડાના વેષમાં યૌગંધરાયણ લાડુના છાબડા સાથે સામેથી પ્રવેશ કરે છે.

---

૧૪૧ મૂળમાં આના પહેલાં નીચેનાં બે વાક્ય છે:—**कहिं णु हु उदअं । इदं सोहणं सुद्धतडाअं ।.** ઔચિત્ય વિચારતાં એ ક્ષેપક લાગે છે.

૧૪૨ મૂળમાં અહીં **इदो पदव** વધારે છે.

[ યૌગં૦ ]

જે, જે ગોળમટોળની.

[ વસં૦ ]

૧૪૩લાવ, લાવ
લાડવા. એ મારા છે.

[ યૌગં૦ ]

હેં! લાડવા? એ
કેવા હોય? કહીં છે? ૧૪૪આ લાડવા છે?
એંહ, ૧૪૫એ તે ખાવાના કે ખેલવાના?

[ વસં૦ ]

ખાવાના,૧૪૬ ખાવાના, ગાંડા, ખેલવાના
નહિ.

૧૪૩ આસપાસની ઉક્તિઓ સાથે બરાબર બંધ બેસાડવા મૂળના **आणेहि मम मोदअमल्लुअं।** ના બદલે **आणेहि। मम मोदआ इमे।** એવો પાઠ લીધો છે.

૧૪૪ મૂળમાં આ વાક્ય પૂર્વે **कस्स मोदआ।** એટલું વધારે છે. અહીં માલકીનો સવાલ ન હોવાના કારણથી એ બોલ ક્ષેપક ગણી મેં તજી દીધા છે.

૧૪૫ મૂળ **उज्झन्ति आदु पणज्झन्ति उदाहो खज्जन्ति।**, કલ્પિત **खज्जन्ति आदु उज्झन्ति।**. સંબંધ ધરાવતી આગામી ઉક્તિના આધારે **पणज्झन्ति उदाहो** એટલો ભાગ તજી દીધો છે. ક્રમ પણ એને જ આધારે સ્હેજ ફેરવ્યો છે. **उज्झन्ति** એ અતિ પ્રાચીન કર્મણિરૂપ છે.

૧૪૬ મૂળ **ण खज्जन्ति ण खज्जन्ति ण उज्झन्ति अ।**,

[ યૌગં૦ ]

હાં હાં, તેમાં જ આ લૂ ાડી એ પલકે છે.

[ વસં૦ ]

અલ્યા ગાંડા, લાવ મારા લાડવા. ૧૪૭પરાઈ ચીજ જોઈ જીવ ના બગાડ. દે દે, અરે બાઇ, દે દે.

[ યૌગં૦ ]

દે દે૧૪૮ કોણ? મારા લાડવા છે. મરી જાઉં, પણ દેઉં નહિ. ડહ્યાં લે!

કલ્પિત **णं खज्जन्ति । ण उज्झन्ति ।**. અવધારણાર્થે **णं**નૂં અનુસ્વાર ઊડી ગયે તેને નિષેધાર્થે અવ્યય સમજી કોઇએ વાક્યાર્થ દ૮ કરવાની મતલબથી **ण खज्जन्ति ण खज्जन्ति** એમ દ્વિરુક્તિ કરી જણાય છે, ને તેણે જ વાક્યને છેડે સમુચ્ચયાર્થ **अ** અવ્યય ઊમેર્યો છે.

૧૪૭ મૂળમાં **मा परकेरए सिणेहं करिअ ओवज्झेहि ।** છે. અહીં છેલ્લો બોલ ભ્રષ્ટ થઈ વાક્યની ઘટનામાં ગોટાળો થયો છે, તે દૂર કરવા મેં **मा परकेरए सिणेहं करिअ । उज्झेहिं ।** એવો પાઠ યોજ્યો છે.

૧૪૮ મૂળમાં **के के मं वज्झन्ति । मोदआ खु मं रक्खन्ति ।** છે. અહીં પણ એનો એ ગોટાળો ચાલુ રહી વધ્યો છે. પ્રસંગ ધ્યાનમાં લેઈ મેં **के उज्झेदि । इमे मे मोदआ रक्खिज्जन्ति ।** એવો પાઠ લીધો છે. મૂળમાં પ્રસ્તુત ઉક્તિના અનુસંધાનમાં ટિપ્પણી ૧૪૯ વાળો શ્લોક આપ્યો છે. પણ તે અહીં અસ્થાને છે માટે ખસેડવો પડ્યો છે.

[ વસં૦ ]

આપ, કહું છું. અલ્યા, તું આપ. મારે
એ [૧૪૯]ભાથાથી ગુરુને ત્યાં જવાનું છે.

( વૈતાલીય. )

દખણા[૧૫૦] દરબારથી અને
મળિયા છે એ લાડવા મને.
ભાથું ગણકાર એ વડું
મનમાન્યું છે તાકડે જડ્યું. ૧

[ યૌગં૦ ]

( વનવેલી. )

ભલે, ભલે. મારે ત્યારે આ [૧૫૧]ભાથાથી
સો જોજન જવાનું છે. હાહાહા !

---

૧૪૮ મૂળમાં **पच्चयण** છે. અહીં ભરૂસા ( **प्रत्यय** )નો સવાલ નથી, ભાથા (**पाथेय**)નો છે. આથી મેં **पाथेयण** પાઠ લીધો છે.

૧૫૯ મૂળમાં આ શ્લોક ઉન્મત્તવેષધારી યૌગંધરાયણની ગર્ભ ઉક્તિના પેટામાં આપ્યો છે. પરંતુ દરબારમાંથી દાનમાં લાડુ ને દક્ષિણા મળ્યાં છે, તે બ્રહ્મચારીના વેષમાં વસંતકને મળ્યાં છે; યૌગંધરાયણને નથી મળ્યાં. આથી એ શ્લોકને મેં અહીં ગોઠવ્યો છે. મૂળમાં **णेवच्छविसेसमण्डिदा प्रीदिं उप्पादेदुं उवट्ठिआ । लाअगिहदिण्णमुल्लआ कालवसेण मुहुत्तदुब्बला ॥** એવો પાઠ છે. તેને બદલે **णं पच्छविसेसपिण्डिदा पीदिं कप्पेदुं उवट्ठिदा । लाअगिहा दिण्णमुहआ कालवसेण पहुत्तसंबला ॥** પાઠ મેં કલ્પ્યો છે. અક્ષરની દુર્દશાથી પાઠ ભ્રષ્ટ થયો લાગે છે.

૧૫૧ મૂળ **पच्चपण**, કલ્પિત **पाथेपण**: જુઓ ટિપ્પણી ૧૪૮.

[ વસં૦ ]

અહ્યા! તું તે ઐરાવત ઐરાવત છે કે શું?

[ યૌગં૦ ]

( ચતુર્લવ જોડકણું. ) *

હંઅ. હંઅ, ઐરાવત છું,
ઇંદ્ર૧૫૨ દેવનૂં વાહન છૂં.
અને તું કંઇ જાણે છે?
ઇંદ્ર રાજા કેદમાં છે.
હેરૂ૧૫૩ ભાળ લાવ્યા છે.
તેથી આ હું જાઉં છું,
ને એમને છોડાવૂં છું.

૧૫૨ મૂળ **ण दु दाव देवराओ मं आसणं आळुहदि** ।, કલ્પિત **णं दाव देवराओ मं आरोहदि** ।. ઐરાવત હોવાનો દાવો કરવો અને ઇંદ્રનૂં વાહન હોવાનો નિષેધ કરવો, એ અનુપપન્ન છે. વળી **आसणं** બોલ અયોગ્ય અને વધારે પડતો છે.

૧૫૩ મૂળમાં **पादपाशिएहि** બોલ છે; ને તેનો અન્વય શાસ્ત્રીજી **इन्दे बज्झ त्ति** સાથે કરે છે. પરંતુ અહીંથી ચોથી ઉક્તિમાં **इन्दे बद्धे** વાક્યનો ફરી ઉપયોગ કરેલો છે, ત્યાં ઇંદ્રને કેદ કરનારનો કે કેદ કરવાનાં સાધનનો નિરૂદેશ છે નહિ; એટલે અહીં પણ હું ઇષ્ટ ધારતો નથી. પ્રસ્તુત બોલ આ રીતે પછીના વાક્યનો અવયવ નથી, અર્થાત્ પૂર્વેના વાક્યનો અંશ છે. આથી ભ્રષ્ટ **पादपाशिएहि** બદલ **पशएहि** ( સં. **स्पशेभ्यः** ) પાઠ યોજી મેં તેનો **सुदं अमए** સાથે અન્વય કર્યો છે.

* કાળનો એકમ (unit of time) તે લવ; જે સંધિ (Metrical foot)માં ચાર લવ આવે, તે ચતુર્લવ. આ જોડકણાના સંધિ ચાર લવના છે, માટે એને ચતુર્લવ જોડકણૂં કહ્યૂં છે.

પ્રથવીના[૧૫૪] પાટથી
સાતે સૂંઢ વીંઝીને
વીજળીની સાટથી
લગાવીશ ફટ ફટ ફટકા
ને બંધનના [૧૫૫]કરી દૈશ કટકા.

[ વસં૦ ]

(વનવેલી.)

હવે[૧૫૬] તું એ લાડવા મને આપે છે,
કે હું બૂમ પાડું?

[ યૌગં૦ ]

પાડ, બૂમ પાડ[૧૫૭].

---

૧૫૪ મૂળમાં **धाराणिअलेहि** ને Madras Oriental Manuscripts Library વાળી પ્રતમાં **धारणिअलेहि** છે, જેનો કંઇ સંતોષકારક અર્થ થતો નથી. સબબ મે **धरणिअलाहि** ( સં. **धरणितलात्** ) પાઠ લીધો છે. ઉપરાંત મૂળમાં **बाहुब्भामेण** છે તેને બદલે **करुब्भामेण** પાઠ પણ મારે યોજવો પડ્યો છે; શાથી જે ઐરાવતને લાગુ પડે એવો બોલ **कर** છે, **बाहु** નહિ.

૧૫૫ મૂળમાં **परिब्भमन्तेण भिन्दीअदि मेहबन्धणं।** છે. અહીં **परिब्भमन्तेण** બોલ વધારો પડતો છે; અને બંધન ભેદનાર તરીકે **मप**ની જરૂર છે. આથી **भिन्दीअदि मप बन्धणं।** પાઠ મેં કલ્પ્યો છે.

૧૫૬ મૂળમાં વાકયના આરંભે **जदि** ખૂટે છે, ને મેં ઉમેરેલ છે.

૧૫૭ મૂળમાં અહીં **विक्कोस वा विलव।** એટલા બોલ વધારે છે.

[ વસં૦ ]

અરેરે, ભૂદેવ માર્યો જાય છે.

[ યૌગં૦ ]

હું એ પાડૂં બૂમ ભેળો ચીચિયો
કેદમાં છે, ઇંદ્ર દેવ કેદમાં[૧૫૮].

[ પડદા પાછળ ]

બ્હીશમાં માં. [૧૫૯]અભયદાન આપૂં છૂં. હું
આવ્યો, મહારાજ, આવ્યો, બ્હીશ માં.

[ વસં૦ ]

બ્રાહ્મણપણાની[૧૬૦] બલિહારી છે.

૧૫૮ મૂળમાં આના પછી **विदूषकः । अब्बह्मण्णं, भो अब्बह्मण्णं ।** એ ઉક્તિ વધારે છે. તે પુનરુક્ત હોવાથી તજી દીધી છે

૧૫૯ મૂળમાં **बह्मणाउस** છે. તેની શાસ્ત્રીજી **ब्राह्मणोपासक** છાયા આપે છે. પરંતુ સંસ્કૃત **उपासक** ઉપરથી પ્રાકૃત **आउस** ન થાય. હું **बह्मणाउस्सं** પાઠ લેઊં છૂં, જે **बह्मण** ( સં॰ **ब्राह्मण** ) અને **आउस्स** (સં. **आयुष्मन्**)નો બનેલો છે. **आचाराङ्गसूत्र**ના આરંભમાં **आउसं** અને **मत्तविलासप्रहसन**માં **कावालिआउस** તથા **आउस** બોલ વાપરેલા છે. એ ત્રણ ઠેકાણે **आउस्सं, कावालिआउस्सं** અને **आउस्सं** અનુક્રમે વાંચવાની જરૂર છે.

૧૬૦ મૂળ **ईहामत्तपण**, કલ્પિત **इह अमत्तपण.** ઉપલબ્ધ પાઠનો અર્થ બળાત્કારે પણ બંધ બેસતો નથી; તેથી બદલવો પડે છે. વાક્યના આરંભમાં પ્રાકૃત **अघं** અવ્યય છે; તે શાસ્ત્રીજી 'શોચ્ય, તિરસ્કારપાત્ર' એવા અર્થમાં લે છે. પરંતુ **मत्तविलासप्रहसन**માં તે પ્રશંસાના ભાવમાં વપરાયો છે: જુઓ **अघं बुद्धस्स विण्णाणं जेण मुण्डणं दिट्ठं ।.** તે કારણથી મેં તેને પ્રાશસ્ત્યવાચક ગણ્યો છે.

ભૂદેવના નામે ત્યાગી દિગંબરે
કેવો એની વ્હારે દોડી આવે છે!
[રુમ૦ને જોઈ સ્વગત] ઓહો! જ્યાં નક્ષત્રનાથ ત્યાં નક્ષત્ર,
જ્યાં રાજા ત્યાં દરબારી આવી મળ્યા. (ટા)

એવે નવસા જતિના વેષમાં રુમણ્વાન પ્રવેશ કરે છે.

[ રુમ૦ ]

મહારાજ! જ્હીશ માં. અભયદાન
છે. ૧૬૧કહે, તેં, બાઇ, કેમ એમ પાડી?

[ વસં૦ આડું જોઈ ]

ભોગ મળ્યા! ગોરજી તો બારણુ માં ગોડવાયા.
[ પ્રગટ ] મહારાજ! મારા લાડવાનું છાબડું આ નથી
આપતો.

[ રુમ૦ ]

જોઉં લાડુ.

[ યૌગં૦ ]

લાડવા, એ, લાડવા! જો.

ટા ઉપમા અલંકાર ગમ્યમાન છે.

૧૬૧ મૂળ **के के हह किं कथ्यं विलवदे।** કલ્પિત **कहेहि किंकथ्यं विलवसि।** જતિ બ્રહ્મચારીને પોતાને સંબોધીને કહે છે, તેથી પુરુષના ફેરફારની જરૂર છે. શાસ્ત્રીજી **विलवन्दि** પાઠ કલ્પે છે. તેથી વચન નકામું બદલાય છે.

[ રુમ૦ ]

ઓક થૂ!-

[ **વસં૦** આડું જોઈ કચવાટથી ]

[162]આ તો, જોયૂં? 'ઓક થૂ!' કરીને મારા લાડવા ઝ-
સેટી દેવરાવવાનૂં કરે છે! એ નાગાને શૂં?

[ રુમ૦ ]

અરે ભલા માણસ[163], તૂં આપી દે એ લાડુ. અલ્યા
ઘેલા! તૂં એ ખાઈશ, તો તને ક્ષય રોગ થશે.
ઓક થૂ! એ લાડુ ખાવા અને [164]ગૂડ મેળવેલો
મધ જેવો મીઠો ને મસાલાદાર દારૂ પીવો,
એ બરાબર છે(**ઠા**).થૂ,થૂ! [165]છાશના છીંસોટા જેવી
ધોળી છારી એ ઉપર વળેલી છે. થૂ, થૂ, થૂ!

**ઠા** ઉપમા.

૧૬૨ મૂળમાં વાક્યના આરંભે **उम्मत्तअस्स हत्थे ईहा-मत्तएण** અને અંતે **दिट्ठपुव्वा एव्व मंवुत्ता** બોલ વધારે છે.

૧૬૩ મૂળમાં ઉક્તિના આરંભે **उम्मत्ताअस्स** છે, તે બદલ **उम्मत्ताउस्सं** વાંચૂં છૂં: જુઓ ટિપ્પણી ૧૫૯.

૧૬૪ મૂળ **वहुचिट्ठमसमिद्धकोमला**, કલ્પિત **महुपिट्ठम-मिद्धिकोमला.** એ પદ **सुरा**નૂં વિશેષણ છે. **महुपिट्ठ** ( સં. **मधु-पिष्ट** ) નો અર્થ હૂં ગૂડ કિંવા લોટ જેવી ખાંડ લેઊં છું. શાસ્ત્રીજી **वहुपिट्ठमसमिद्धकोमलाणि** પાઠ કલ્પે છે. અને તેને **मोदआणि**નૂં વિશેષણ બનાવે છે.

૧૬૫ મૂળમાં **कत्थूलिआफेणपण्डरागे** છે. એનૂં વ્યાખ્યાન કરતાં શાસ્ત્રીજી લખે છે, કે **प्रभाते यत्रकयाचिन्निष्ठीवनवद् हिमजलं दृश्यते तस्य कस्थूरिकाफेन इति संज्ञेति टिप्पणी काचित ।**

[ યૌગં૦ ]

એ બાપ રે! લાડવા તે કેમ આપ્યા જાય?
લાડુનું તો રૂપાંબાઈ મીઠું મદ પાય.

[ રુમ૦ ]

માન, બાપુ, માન. અરે [166]પાગલ! તું, કેમ, નથી

---

ટિપ્પણી આપનારે આ અર્થ ક્યાંથી આણ્યો તે સમજાતું નથી. કોશમાં **कस्थूरिकाफेन** શબ્દ છે નહિ. આથી મેં **कट्टलअफेणपण्डराणि** ( સં. **कट्वरफेनपाण्डुराणि** ) પાઠ લીધો છે. અક્ષર ૨–૪ ખવાઈ જઈ બગાડ થયો છે.

૧૬૬ મૂળમાં આ ઉક્તિ વસંતકની કહી છે. પરંતુ ઉક્તિનો અર્થ વિચારતાં તે ઉન્મત્તવેષધારી યૌગંધરાયણના મુખમાં મૂકવી ઘટે છે. આથી મેં મૂળના **विदूषकः।**ને બદલે **यौगंधरायणः।** પાઠ યોજ્યો છે. ઉક્તિ પોતે ભ્રષ્ટ છે, તેથી તેમાં પણ ફેરફાર કરવો પડ્યો છે. મૂળમાં **अविहा मोदआणि त्ति करिअ किण्डिल्लज्जुआ मे पडिच्छिदा ।** ને બદલે મેં **अविहा मोदआहिन्तो सरअं किण्णिअज्जआ मे पडिअच्छदि ।** પાઠ કલ્પ્યો છે. **सरअ** ( સં. **सरक** )નો અર્થ દારૂ થાય છે; જુઓ **मेदिनी.** પ્રાકૃત **किण्ण** શબ્દ વિશેષણ છે, અને તેનો અર્થ 'રૂપાળું, શોભનું' થાય છે; જુઓ **देशीनाममाला.** આ પ્રાકૃત શબ્દ સાથે **किण्णिआ** વિશેષનામ સંબંધ ધરાવે છે. તે દારૂના પીઠાની કલાલણનું નામ છે. **अज्जआ** ( સં. **आर्या** ) માનાર્થ શબ્દ છે. શાસ્ત્રીજી **किण्डिल्लज्जुआ**-ને સ્થાને **कण्डिललड्डुआ** પાઠ કલ્પે છે; પરંતુ **लड्डुआ** બોલ ભાસના સમયમાં વપરાતો હશે તે બહુ શક પડતું છે. જો એ પ્રચારમાં હોત, તો તે ૭૮ **मोदआणि**ને બદલે બધે વપરાયલો હોત. વળી **कण्डिल्ल** સુરાકારના અર્થમાં એઓ યોજે છે; તે પણ જાણવામાં નથી.

૧૬૭ મૂળ **उम्मताउस,** કલ્પિત **उम्मत्ताउस्सं;** જુઓ ટિપ્પણી ૧૫૯.

આપતો કે, ? દેઉં શાપ. [ ઓઠ ફફડાવે છે. ]

[ **યૌગં૦** ]

ઓ બાપજી! દયા રાખો.
શરાપ[૧૬૮] ન દેશો. લે, મા'રાજ, તારા ગોપ્રણિયા.

[ **રુમ૦** ]

મહારાજ! [૧૬૯]જો જતિનું કેવું પરિબળ છે તે.

[ **વસં૦** આડું જોઈ ]

અજબ[૧૭૦] છે! નવસ્તર મૂડિયાના શરાપથી
થથરતા પાગલે આ લાડવાનું છાબડું દે
દીધું મારા પસારેલા હાથમાં.

[ **રુમ૦** યૌગંધરાયણને ]

જા, જા, ઘેલા! ચાલતો થા. જવા દેઉં છું.

યૌગંધરાયણ ચાલતો થાય છે.

૧૬૮ મૂળ **शविदुं**, કલ્પિત **शवेदु**. સરખાવો ટિપ્પણી ૨, કલ્પિત પાઠ **पेसेदु** ।.

૧૬૯ મૂળ **बह्मणाउस**, કલ્પિત **बह्मणाउस्सं**; જુઓ ટિપ્પણી ૧૫૯.

૧૭૦ મૂળમાં ઉક્તિની શરૂઆતમાં **ईहामत्तपण** બોલ વધારે છે. તે મેં અનુવાદમાં તજી દીધો છે. પાછલા ભાગમાં **अग्गहत्गुलिआए पसारिदाए ठाविअ चिट्ठदि** । એવો પાઠ છે. તે બદલ મેં **अग्गहत्थे मे पसारिदे ठावेदि** । પાઠ લીધો છે. શાસ્ત્રીજી મૂળ જેવું છે તેવું જ સ્વીકારે છે અને અધૂરા અર્થની પૂરતી સારૂં વિશેષમાં **आणेहि मम मोदअमल्लअं** । ગાંડનું ઉમેરે છે.

[ રમ૦ વસંતકને ]

મહારાજ! લાડુ લીધા. હવે [૧૭૧]કહે 'સવસ્તી!'

[ વસં૦ ]

અહા! [૧૭૨]આ તો લોક કે' છે તેના જેવું થયું;–
'કોને વસ્તુ ખપે છે, કોને એના વસ્તુ ખપે છે.'
ભલે, [૧૭૩]ભલે. લો, 'સવસ્તી!'

રમણ્વાન ચાલતો થાય છે.

[ વસં૦ આડું જોઈ ]

[૧૬૪]આ તે કંઇ વાત?
દાન દીધું દેનારે ને પુણ્ય જોઇયે છે આને.
કેવું કહેવાય?

૧૭૧ મૂળ **सोत्थि वाचइस्सस्सि** ( પાઠાંતર **वाप्पमि** )।, કલ્પિત **सोत्थि वाप्पहि**।.

૧૭૨ મૂળમાં આ વાક્યને મળતી **एमस्स साडिआए कय्यं अवरस्स मुल्लेण**। પંક્તિ છે. તે ઉક્તિના આરંભમાં નહિ, પણ અંતે મૂકેલી છે. સંબંધ ઉપર નજર રાખી એને અહીં આરંભમાં ગોઠવી છે. એ આર્યાનું ઉત્તર દળ છે.

૧૭૩ મૂળ **मम केरप्पहिं सोत्थि वाआप्पमि**।, કલ્પિત **भवदु भवदु। सोत्थि. भवदो**।. અક્ષરોનો મોટો ભાગ ખવાઈ ગયે કોઇએ ખોટો પાઠ કલ્પ્યો લાગે છે.

૧૭૪ મૂળમાં **मए वि कोडुम्बिअस्स हत्थादो पडिग्गह-गहीदाणि। ताणि** ( પાઠાંતર **पदाणि** ) **भवदो वि उवाअणं भविस्सदि। सो वि समिद्धो होदु**। એવો પાઠ છે. વધારાના

[ યૌગં૦ અને રુમ૦ ને ધર્મશાળાએ જતા જોઈ ]

૧૭૫અહો, નવસ્તર જતિ અને દેવજી હુરિયો, એ તો ધરમશાળાએ સીધા સિધાવ્યા. ખરા બપોર થયા છે તો. ૧૭૬ચકલું એ ફરકતું નથી. ત્યારે, એકાંત છે, તેનો લાભ લેઉં ૧૭૭દખણાના દામ ઓટીમાં ઠેકાણે કરી હું પણ ધરમશાળામાં બપોર ગાળી નાંખું.

ત્રણે ચોબારી ધર્મશાળામાં એકઠા થતાં, અવરજવર બંધ જોઈ, લીધેલા વેષ નાખી દે છે.

બોલ કાઢી નાંખી મેં નીચે મુજબ કલ્પિત પાઠ લીધો છે:—**ही ही मए पडिग्गाहअस्स गहोदाणि पदाणि । एसो अ सोत्थिसमिद्धो भोदि ।.**

૧૭૫ મૂળ **एसो उम्मत्तओ अग्गिगिहं अहिमुहं गच्छइ ।**, કલ્પિત **सो अ उम्मत्तओ अ अग्गिगिहाहिमुहं गच्छन्ति ।.** એકલો ઉન્મત્તવેષધારી યૌગંધરાયણ જ નહિ, પરંતુ યતિવેષધારી રુમણ્વાન પણ ધર્મશાળાએ જાય છે. ત્યાં ભેગા થવાનો ત્રણેનો બેત છે. આથી જરૂર પુરતો ફેરફાર કરી લીધો છે.

૧૭૬ મૂળમાં **पुव्वण्हे वि** બોલ આરંભમાં અને **भविस्सदि** વાક્યના અંતમાં વધારે છે.

૧૭૭ મૂળ **दक्खिणामासआणि मग्गगेहे णिक्खिविअ गच्छामि।** કલ્પિત **दक्खिणामासआणि णिक्खिविअ अग्गिगिहं गच्छामि ।.** ગુરુને ત્યાં જવા નીકળેલો માણસ શિવાલયમાં શું કરવા રૂપિયા મૂકીને જાય? પાઠ ચૂંથાઈ ભ્રષ્ટ બન્યો છે.

[ યૌગં૦ ]

મિત્ર ! વારૂ, અહીં કોઇ છે નહિ ને ?

[ વસં૦ ]

કોઇ નથી. સુનીસટ ચોબારી છે.

[ યૌગં૦ ]

આવો[૧૭૮] ત્યારે, આવો, ભાઇ, ભેટિયે.

[ વારાફરતી બેઉને ભેટતાં ]હાશ, હાશ, મિત્ર! [૧૭૯]બેસો. તમે પણ રખડી રખડી થાકી ગયા હશો.

ત્રણે જણ[૧૮૦] બેસે છે.

[ યૌગં૦ ]

રાતનો તો પ્હોર પૂરે પાંશરે પસાર થયો;
અને હવે દિવસ વટાવવાનો આવ્યો. ખરે,

( વંશસ્થવિલ. )

વટાવિયો વાસર. કેમ વીતશે
નિશા? વળી તે. દિન શી વિધે જશે?

૧૭૮ મૂળમાં **माम्** બોલ ખૂટે છે, તે ઊમેરી લીધો છે.

૧૭૯ મૂળમાં આના પછી **उभौ । बाढम् ।** એટલી ઉક્તિ વધારે છે.

૧૮૦ મૂળમાં આના પછી **यौगन्धरायणः । वसन्तक अपि ‍ इत्त्वया स्वामी ।** અને **विदूषकः । आम भो दिट्ठो तत्तभवं ।** એ બે ઉક્તિઓ વધારે છે. તેમનું યોગ્ય સ્થાન બે ઉક્તિઓ મૂકીને છે. સબબ મેં તે અહીંથી ખસેડી એની જગાએ ગોઠવી છે.

અનર્થ ભાવી ફર એમ ચિંતતાં
સમો ગયો તે પુરતી જ શાંતતા. (**ડા**) ૨

[ રાક્ષ૦ ]

(વનવેલી.)

ખરૂં છે એ. કાળમાનના હિસાબે રજની ને દિવસમાં તફાવત નથી. તે છતાં એ બેમાં વટાવવી [૧૮૧]વસમી તો રજની જ. કારણ કે

(અનુષ્ટુપ.)

લોક[૧૮૨] ને ન્યાયની જેને મર્યાદા ન અડે અને
ગૂઢ ઘાવ કરે, એવા વૈરીનું ભય રાત્રિએ. (**ઢા**) ૩

(વનવેલી.)

ભયનો એ સમય તો વટાવ્યો છે.

---

**ડા** અહીં ઔત્સુક્ય શંકા અને ચિંતાની શબલતા છે. અર્થાન્તરન્યાસ અલંકાર.

**ઢા** કાવ્યલિંગ અલંકાર.

૧૮૧ મૂળમાં અહીં **बन्धनेषु** વધારે છે.

૧૮૨ મૂળ **वा प्रतिरज्ञताम्, प्रभाते दृष्टदोषाणाम्** અને **रजनी भयम्**; કલ્પિત **वाप्रतिसज्ञताम्, प्रभूतादृष्टदोषाणां** અને **रजनौ भयम्**. શાસ્ત્રીજી **वाप्रतिरज्यताम्** પાઠ કલ્પે છે, અને બાકીનું મૂળ જેવું છે તેવું જ કબૂલ રાખે છે.

[ યૌગં૦ ]

૧૮૩વારૂ, મિત્ર વસંતક, કહો, મહારાજનો મેળાપ થયો ?

[ વસં૦ ]

સારી૧૮૪ રીતે થયો. આજે ચૌદશ હોવાથી એઓ ગંગાઘાટે ન્હાવા સારૂ પધારશે, એવૂં ધારી હું એમની વાટ જોતો વ્હેલો ઊભેલો જ હતો.

[ યૌગં૦ ]

મહારાજ ન્હાયા ?

[ વસં૦ ]

ન્હાયા.

૧૮૩ મૂળમાં **स्वामिना सह कथितं ननु ।** છે. પરંતુ ઉત્તરભૂત ઉક્તિમાં વાત કરવાના અર્થનો કોઇ બોલ છે નહિ. એમાં તો જોવાના અર્થનો **णिज्झाओ** શબ્દ છે. એટલે પ્રશ્ન દર્શન કિંવા મેળાપ સંબંધી હોવો જોઇયે. આથી પ્રસ્તુત વાંધા પડતૂં વાક્ય જ કાઢી નાંખી તે બદલ ટિપ્પણી ૧૮૦ વાળૂં અસ્થાને ગોઠવાયલૂં વાક્ય **अपि दृष्टस्त्वया स्वामी ।** અહીં વાંચૂં છૂં.

૧૮૪ મૂળ **चिरं एव्व च णि तत्तभोदा ओवज्झो ।,** કલ્પિત **चिरं तत्तभवं णिज्झाओ ।.** ઉક્તિના ઉત્તર ભાગમાં **ण्हा-अमाणो पडिवालिदो अ ।** છે, તેની રચના સાથે બંધ બેસતી વાક્યયોજના આ છે. બીજે સ્હેજ ખવાઇ ગયે ભ્રષ્ટ પાઠ ગોઠવાયો લાગે છે.

[ યૌગં૦ ]

પૂજા કરી? (**णा**)

[ વસં ]

પ્રણામથી કરી.

[ યૌગં૦ ]

હરિહરિ! રાજાજીની આવી માઠી[૧૮૫]દશા થવી?

(વસંતતિલકા.)

જે નિત્ય પૂજન કરી પરવારતામાં
પુણ્યાહ વિપ્ર વદતા, નદતાં દદામાં.
અર્પી[૧૮૬] પ્રણામ તિથિપૂજન સાધતાં એ
બેડી ખટાખટ ખટાખટ આજ થાયે! (**ता**) ૪

[ રુમ૦ ]

(વનવેલી.)

તમે આમ આદરી બેઠા છો. તેથી મહારાજ પ્રથમનો[૧૮૭] વૈભવ અવશ્ય પામ્યા સમજું છું.

**णा** આ પ્રશ્નો પૂર્વના અભ્યાસને લીધે યૌગંધરાયણના મુખમાંથી નીકળી જાય છે.

**ता** વિષાદ સંચારી છે: તેને વિષમ અલંકાર દીપાવે છે.

૧૮૫ મૂળ **बहुमताम्**, કલ્પિત **अबहुमताम्**.

૧૮૬ મૂળ **दैवप्रणाम**, કલ્પિત **देवप्रणाम**. આવી જ રીતનો **दैव** અને **देव**નો ગોટાળો ટિપ્પણી ૮૨માં પૂર્વે નોંધ્યો છે, તે જોવો.

૧૮૭ મૂળ **उचितं तिथिसत्कारमानेष्यति स्वामिनः।**

[ યૌગં૦ ]

એક કામ કરો. મિત્ર વસંતક! તમે પાછા જાઓ, રાજાજીને મળો; ને એમને વીનવો કે અહીંથી સિધાવી જવાની જે વાત કરી હતી, તેનો જોગ આવતી જ કાલે સાધી લેવાનો છે. એ મુદ્દે નલાગિરિનાં રૂહેવાનાં ન્હાવાનાં તથા પોઢવાનાં સ્થાન, ખાનપાનની બનાવટો, ને ભોજના પદાર્થ ઔષધોને નામે મંતરેલી જડીબૂટીએ સજ્જડ દૂષિત કરી દીધાં છે; જેથી કરીને એ આઠે જામ મસ્તીમાં જ રૂહે છે. વળી એના ભણી વાતા પવનમાં મૂકવાનો બીજા ગંધગજનો જે મદ જોઇયે, તે પણ મેં એને[૧૮૮] ફરકેરવાને તૈયાર જ રાખેલો છે. ત્યમ વળી [૧૮૯]હાથીથાન પાસે થોડા સૈનિકોની

કલ્પિત **उचितं सत्कारमानेष्यति स्वामिनम् ।**. અહીં **उचित**નો અર્થ usual customary છે, તે ન સમજનારે **तिथि** બોલ ઉમેર્યો છે. બાકી **स्वामिनम्** ને બદલે **स्वामिनः** છે, તે તો લેખકદોષ છે. અન્યત્ર એકવચનનો જ પ્રયોગ છે.

૧૮૮ મૂળ **सज्जितो धूपः । रोषप्रतिकूलोऽस्य सज्जितो प्रतिगजमदः ।**, કલ્પિત **रोषं प्रति सज्जितोऽस्य प्रतिगजमदः।**. મૂળ દેખીતું જ ભ્રષ્ટ છે. **धूप** મૂકવાનું પ્રયોજન કશું નથી તે જ બતાવી આપે છે, કે **सज्जितो धूपः ।** બોલ કવિના નથી; કોઇએ પાછળથી ઉમેર્યા છે. ધૂપનો **मन्त्रौषधिनियमसंभृतपुराणकर्म**માં સમાસ થાય છે.

૧૮૯ મૂળ **शालासंनिकृष्टम्** , કલ્પિત **शालायाः संनिकृष्टम्.**

તુકડી મેં મૂકેલી છે; પરાળના વાસને તે ફૂંકી મૂકી ગજશાળાને એ લાહ્ય લગાડશે, કારણ કે હાથી આગ ભાળ્યા ભારે ભડકે છે. ઉપરાંત દેવળોમાં જોસ ભેર શંખ અને દુંદુભિ વગાડવાનો ઘાટ પણ ઘડેલો છે; શાથી જે૧૯૦ એ નાદે હાથી ગાંડાતુર બને છે. બીજી બધી નિર્ધારેલી જોગવાઇ સધાશે કે શંખ અને દુંદુભિનો શોર થશે. તે ઘડીએ પ્રધાતને રાજાજીનો આશ્રય લેવો પડશે. મસ્તાના નલાગિરિને વશ કરવાને તેઓ પોતે મહારાજને વીનવશે ને બંધનથી મુક્ત કરશે. એ વારે પ્રભુ સાથે પરવશ પડેલી જે ઘોષવતી, તેને લેઈ મહારાજ મેગળને વશ કરી ૧૯૧એ પર સવાર થજો. અને પછી

( શાર્દૂલવિક્રીડિત )

સેના પૂંઠ થતી ગણી ન વધજો વારે ૧૯૨જવે ચિત્તને.
ત્રાડો સિંહતણી શામી નહિ હશે, ત્યાં તો વને નીકશે.

૧૯૦ મૂળ **गजपतिचित्तोद्भ्रमणार्थम्**, કલ્પિત **गजपतिचित्तोद्भ्रमणार्थाः**.

૧૯૧ મૂળમાં અહીં **ततः** અવ્યય ગદ્યભાગના મધ્યમાં અને **ततः** આરંભે તથા સમાપ્તિએ વાપર્યાં છે. બંને **ततः** વધારે પડતા હોવાથી મેં તજી દીધા છે.

૧૯૨ મૂળમાં **सेनाभिर्मनसानुबद्धजघनं कृत्वा जवे वारणं**

વાળ્યા દુર્વિધ વારણે, સુવિધ એ વાળ્યા જઈ વારણે,
હઠ્ઠી દુશ્મન રાન ને સ્વપુરની એકે જ જોશો દિને. (**થા**)૫

[ રુમ૦ ]

( વનવેલી. )

મિત્ર! શું વિચારો છો?

[ વસં૦ ]

એ જ કે આ ભગીરથ-
યત્ન ગ્રૂણ મળે છે.

[ યૌગં૦ ]

એમ કેમ? અમને શું
શત્રુઓએ [૧૯૩]ઓળખ્યા છે?

[ વસં૦ ]

એક વાર મને તો એ
ઓળખે. પછી તમને.

---

**થા** પહેલા ચરણમાં ઉપમા ગમ્યમાન છે; બીજામાં અતિશયોક્તિ છે; અને ત્રીજામાં વ્યાઘાત છે. એ ત્રણ ચોથા ચરણના પર્યાયોક્તનું પોષણ કરે છે.

છે. એનો અર્થ શાસ્ત્રીજી આપે છે, તે બહુ ક્લિષ્ટ છે. આથી મેં **सेनाभिर्मनसोऽनुबद्धजघनं युक्त्वा जवे वारणं** પાઠ યોજ્યો છે. એનો **सेनाभिरनुबद्धजघनं वारणं मनसो जवेन युक्त्वा** એ રીતે અન્વય કરવાનો છે, અહીં **मनसो** ને **जवेन**નો દૂરાન્વય છે, તેવો શ્લોક ૬ માં **श्रुत्वा** અને **शत्रुव्यापनम्**ના સંબંધમાં પણ જોવામાં આવે છે.

૧૯૩ મૂળ **त्रिज्ञातारः**।, કલ્પિત **विज्ञाताः**। કે **त्रिज्ञाताः स्मः**।.

[ યૌગં૦ ]

ત્યારે જે આ યત્ન ઘણા
મળે છે, તે કોને લીધે ?

[ વસં૦ ]

મહારાજને લીધે જ[૧૯૪]:
બીજા. કોને ?

[ યૌગં૦ ]

કેવી રીતે ?

[ વસં૦ ]

બંને મિત્ર સાંભળશો.

[ યૌગં૦ રુમ૦ કાન માંડીને ]

ચાલો, કહો.

[ વસં૦ ]

આ અંધારી આઠમ ગઈ તે દિને, કારાગૃહ
વટાવીને આગળ જતાં [૧૯૫]અવંતિસુંદરીનું
દેવસ્થાન આવે છે ત્યાં, કુંવરી [૧૯૬]વાસવદત્તા

૧૯૪ મૂળ **अत्तकय्यदाए**, કલ્પિત **अत्ताकिदा**. પૂર્વ ઉક્તિમાંના **कार्य** બોલના સાન્નિધ્યથી પાઠ કદાચ બગડ્યો હોય.

૧૯૫ મૂળમાં **भअवदीए अवन्तिसुन्दरीए जक्खणीए** છે. હું ધારૂં છું કે જેમ **त्रिपुरसुन्दरी** દેવીનું નામ છે, તેમ **अवन्तिसुन्दरी** પણ કોઈ યક્ષણીનું નહિ, પણ **अवन्ति** એટલે ઉજ્જયિનીની અધિષ્ઠાત્રી દેવી- નગરદેવતાનું નામ છે. આથી મેં **जक्खणीए** બોલ તજી દીધો છે.

૧૯૬ મૂળમાં અહીં **णाम** બોલ વધારે છે.

ભાવને જોડે લઈને દર્શને પધાર્યાં હતાં. કન્યાઅવસ્થામાં ખુલ્લા વાહનનો બાધ નહિ; તેથી તે ઊઘાડી સુખપાલમાં બિરાજ્યાં હતાં. તેમની સવારી, છંટકાવ કરવાની નીક ઊભરાઈ લપસણું થયું હતું તેથી રાજમાર્ગ તજી, કારાગૃહ ભણીથી સિધાવી.

[ યોગં૦ ]

પછી ?

[ વસં૦ ]

તે ટાણે પ્રભુ સિવુભા દુર્ગપાળના રજાથી કારાગૃહદ્વારે ખુલ્લી હવામાં ઊભેલા હતા.

[ યોગં૦ ]

હાં, પછી શું ?

[ વસં૦ ]

ત્યાં આગળ સુખપાળવાળા ખાંધ બદલવા માટે થોભ્યા. એટલે કરીને સ્હેજે રાજકુમારી નજરે પડયાં અને રાજાજીએ એમને ટીકી ટીકીને જોયાં.

[ યોગં૦ ]

અને પછી પછી ?

[ વસં૦ ]

પછી બીજું શું ? હવે તો

૧૯૬કારાગૃહ તે થયું છે ક્રીડાગૃહ. (**द्दा**)

[ રુમ૦ ][198]

અરે, મહારાજ મોહફંદમાં ફસાયા કે?

[ વસં૦ ]

અફસોસ! એ તો કે' છે તેવૂં થયું:–
'આવે સંકટ સામટાં[199].'

**द्दा** લક્ષણામૂલક ધ્વનિ.

૧૯૭ મૂળમાં **बन्धणं द्दाणिं पमदवणं मंभाविअ पउत्तो राअलीलं कत्तुं ।** છે. આવી રીતનો પાઠ સ્વીકારવાથી રાજાને વાસવદત્તાનો મોહ લાગ્યાની વાત ઉક્ત બને છે: અને તેમ થતાં આના પછીની **न खलु तां प्रति समुत्पन्नाभिलाषः स्वामी ।** એ ઉક્તિનો અવકાશ નથી રહેતો. આ કારણથી **मंभाविअ पउत्तो राअलीलं कत्तुं** એટલો જે વધારાનો ભાગ છે, તે મેં અનુવાદમાં તજી દીધો છે.

૧૯૮ મૂળમાં આ ઉક્તિ યૌગંધરાયણના મુખમાં મૂકી છે. એમાં વક્તાના ચિત્તના ક્ષોભનો નિર્દેશ છે. હવે કંઇ પણ ક્ષોભ પામ્યો હોય, તો રુમણ્વાન પામ્યો છે. યૌગંધરાયણ તો શાંત–સ્વસ્થ છે. આથી હૂં ઉક્તિના આરંભે **यौगंधरायणः ।** બદલે **रुमण्वान ।** વાંચૂ છૂ. વક્તાના નામના હેરફેર પૂર્વે ટિપ્પણી ૧૬૬ માં પણ નોંધ્યો છે.

૧૯૯ મૂળ **सह्यआरिणो अणत्थ त्ति**, કલ્પિત **अणत्था सह्यआरिणो त्ति.** અહીં **त्ति** અવ્યયના પ્રયોગથી સમજાય છે કે એના પૂર્વનો ભાગ કશાકમાંથી ઊતારો છે. એવા ઊતારા ઘણે ભાગે પદ્યાત્મક હોય છે. આ સમજથી **अणत्था सह्यआरिणो** પાઠ મેં કલ્પ્યો છે. એ અનુષ્ટુપનૂં ચરણ છે. કદાચ એનૂં મૂળ સંસ્કૃત ચરણ **अनर्थाः सह्यचारिणः** હોય.

[ યૌગં૦ ]

મિત્ર રૂમણ્વાન ! હૈયું
હાથ રાખ્યા એ કહે તે
સાંભળિયે[200]..

[ વસં૦ ]

[201]એ લપટે લપટાઈ રાજાજી કે'તા હતા, જે
મિત્ર! મારી વતી તું અમાત્યને જણાવજે કે
તમે સારી યોજના ઘડી છે. એ મને ગમી છે[202].
[203]સાથે સાથે પ્રદ્યોતને ફટકો લગાવવાની
હું પણ આ રમત રમું છું. તેને કામચેષ્ટા
લેખી તમે હલકો વિચાર આણશો નહિ.

[ યૌગં૦ ]

અરે! આ તે મહારાજ કહે છે શું?
એમને તે શત્રુઓ હસાવવા છે?

૨૦૦ મૂળમાં આના પછી **अनेनेव वेषेण जरा गन्तव्या।** એ વાક્ય વધારે છે. અહીં તે અસ્થાને છે; માટે મેં તજી દીધું છે.

૨૦૧ મૂળમાં આરંભે **भो** વધારે છે.

૨૦૨ મૂળ **ण रोअदे**, કલ્પિત **णं रोअदे**. અનુસ્વાર ઊડી જવાથી પાઠ બગડ્યો છે. જુઓ ટિપ્પણી ૧૪૬, ૧૫૨.

૨૦૩ મૂળ **समाणे गमणे पज्जोदस्स अ[illegible]सेसा चिन्तीअदि। मा कामप्पधाण त्ति मं अवमण्णेहि। अवमाणस्स अवजिदिं अण्णेसामि त्ति।**, કલ્પિત **समाणे पज्जोदस्स**

એઓ આ તે [204]ધારે છે શું? એમને તે
લાજ કોરે મૂકવી છે? એઓ આ તે
કરે છે શું? એમને તે સ્વજન સં-
તાપવા છે? વત્સરાજ પ્રેમની ર-
મત રમવા કરે છે, પણ તેઓ
નથી જોતા સ્થાન અને નથી જોતા
એ સમય. હરિહરિ!

(શાર્દૂલવિક્રિડિત.)

પોઢે ભૂતળ સાથરો કર રચી, ત્યાં પ્રીતડી આદરે!
પાયે સાંકળ લોહની ખણખણે, ત્યાં મોહ ચિત્તે ધરે!
વેઠી બંધનનું વિડંબન વદે 'જો, જો, પ્રથીનાથ!' એ
માને મુગ્ધ બની પ્રપંચ રતિના[205] કોને રુચે આ અરે? (**घा**) ૬

**घा** વિષમ અલંકારનો ધ્વનિ છે.

**अवजिदिं अण्णेम्मामि। मा कामप्पधाण त्ति मं अवमण्णेहि त्ति।**. કોઇએ **अवजिदिं** ઉપર **अवमाणविसेसो** એવી ટિપ્પણી લખી હશે. તે મૂળમાં ભળી જઈ ગોટાળો ઉત્પન્ન થયો છે.

૨૦૪ મૂળમાં **अहो निरपत्रपता खलु बुद्धेः। अहो सुहृज्जनसंतापकारणम्। अदेशकाले ललितं कामयते स्वामी। कुतः** એ રીતે પાઠ છે. ઇબારત ઉપર નજર રાખી હું નીચે મુજબ પાઠ લેઉં છું:—**अहो सुहृज्जनसंतापकारणं अदेशकाललल्लितम्।**. આગામી શ્લોકનો અર્થ ધ્યાનમાં લેતાં **कामयते स्वामी** વધારો પડતું છે; કેમકે પૂર્વાર્ધથી તે ગતાર્થ છે. **खलु** અવ્યયની પણ ખાસ જરૂર નથી.

૨૦૫ મૂળમાં **कः श्रुत्वा न भवेद्धि मन्मथपटुः** છે. અહીં હું નિષેધાર્થ **न** બદલ પ્રશ્નાર્થ **नु** વાંચું છું.

[ વસં૦ ]

( વનવેલી. )

ત્યારે એમને મૂકિયે પડતા ને
પકડિયે રસ્તો. થયું, અંતરનો
ભક્તિભાવ આપણે બતાવી ચૂકયા;
પુરુષપ્રયત્ન[૨૦૬] પણ કરી છૂટયા.(ना)

[ યૌગં૦ ]

વસંતક ! તમે તો બટકબોલા
એના એ જ વસંતક રહ્યા. ભાઇ,
એ કહો છો તેમ તે થતું હશે કે?

( અનુષ્ટુપ. )

કામે ને વિધિએ વામે પીડાતા પ્રિય રાય એ
સમો ના ઓળખે, તેને રાજભકતે તજાય કે? (पा) ૭

[ વસં૦ ]

( વનવેલી. )

આમ ને આમ જ ડાચાં મળી જશે
અને માથે પળિયાં એ આવશે.

---

**ना** આ અને એ પછીની વસંતકની વક્રોક્તિ યૌગંધરાયણના ઉત્સાહનું પોષણ કરે છે. સ્વામી પ્રત્યેની રતિ એ ઉત્સાહનું અંગ છે.

**पा** કાવ્યલિંગ અલંકાર.

---

૨૦૬ મૂળ **णिव्विट्टं पुरुसआरं**, કલ્પિત **णिव्विट्टो पुरिसआरो ।**

[ યૌગં૦ ]

તે એ વાહ! ઘણું સારૂં.

[ વસં૦ ]

લોક જાણે
તો તો ૨૦૭સારૂ ખરૂં. પણ આપણે આ
મથી મરિયે છિયે તે એમને કયાં
ખબર છે?

[ યૌગં૦ ]

લોકને શું કરવા છે?
ધણીનું આ હિત સાધિયે છિયે.

[ વસં૦ ]

ધણીના એ લખ્યામાં તે છે નહિ ને.

[ યૌગં૦ ]

આવશે લખ્યામાં સમો આવ્યે.

[ વસં૦ ]

હવે
સમો ક્યારે આવવાનો?

[ યૌગં૦ ]

એ આવશે
જશના કરીશૂં ત્યારે.

૨૦૭ મૂળ **सिलाहणीआ**. કલ્પિત **सिलाहणीअं**.

[ વસં૦ ]

મહારાજ

એકલાની વાત નથી. જાણો છો ?
વાસુકુમારીને સાથે લેવાનાં છે.
એ બેને કારાગૃહેથી અને કન્યા-
પુરેથી [૨૦૮]કાઢી જજો ને.

[ રુમ૦ ]

કેવા કાઢી

જઇયે લિયે તે તમે જોજો[૨૦૯].

[ યૌગં૦ ]

હા. હા.

બેઉને એ અમે લેઇ જઇશું. આ
પણ મારી પ્રતિજ્ઞા છેઃ–

( અનુષ્ટુપ. )

હરી પાર્થ સુભદ્રાને તેમ એ રાજવારણ
ન હરે પદ્મિનીને, તો ન હું યૌગંધરાયણ. (फा) ૮

અને હું જ બેઉને લઇ જઇશ.

---

फा શ્લેષપોષિત ઉપમા.

---

૨૦૮ મૂળમાં અહીં तादिसो વધારે છે.

૨૦૯ મૂળ द्रष्टव्यः, કલ્પિત द्रष्टव्यम्.

( અનુષ્ટુપ. )

એ એ સ્વામી, અને એ એ કુંવરી મનમોહન
લેઈ જો નવ જાઊં, તો ન હું યૌગંધરાયણ. (ભ્રા) ૫

[ કાન માંડી ]

( વનવેલી. )

જુઓ લોક આવતા જતા તો નથી ?
પગરવ સંભળાય છે.

[ વસં૦ ]

હું જોઊં.
દિવસ નમ્યો છે, તેની ઠંડકમાં
કોઇ જતા અને કોઇ આવતા એ
જણાય છે શું કરીશું ?

[ રુમ૦ ]

ધર્મશાળા ચોબારી છે. શી ચિંતા છે ?
આપણે આ જુદે જુદે બારણેથી
જુદા પડી જઇયે.

રુમણ્વાન અને વસંતક પોતપોતાના વેષમાં જુદે જુદે બારણે ચાલતા થાય છે.

[ યૌગં૦ ]

નહિ, નહિ, જુદા પડે દુશ્મનો.
આપણે તો ત્રણે એકગાંઠ છિયે. (મા)

[ બારણે નીકળતાં પાછાં ગાંડાના વેષમાં ]

ભ્રા આ અને એના પૂર્વના શ્લોકમાં ઉત્સાહનું નિરૂપણ છે.
મા શ્લેષ અલંકાર.

(ચતુર્ભુજ બેટકાળું.)

અરે અરે ! ચંદરૂમાને
રાહુ ગળી જાય છે.
મૂક, અલ્યા, મૂક, મૂક.
નહિ મૂકે, તો અચૂક
જાણ કે આ ચક્ર આવ્યૂં
અને ડાચૂં ચીરી નાખ્યૂં.
અહા ! ટટ્ટુ, ટટ્ટુ ૨૧૦આવ્યૂં.
એ પડ્યૂં છે ભૂરૂં.
વાહ ! ત્યારે ચડી બેસૂં.
અને ફેમેં બજારે એ
ટટવાને મારી મૂકૂં.
ચકલામાં બાકળા
મૂક્યા હશે તે ખવાશે.
અરે૨૧૧ ! મને ઈંટ વાગી.

૨૧૦ મૂળ पशो पशो दुट्ठअश्शो परिब्भट्ठे आअच्छदि।, કલ્પિત पशो दिट्ठे अश्शो पलिब्भट्ठे।. ઘોડો તોફાની (दुष्ट) હોય. તો ગાંડો તેના ઉપર ચડી બેસવાની હિમ્મત કરે નહિ. दुट्ठને સ્થાને दिट्ठे વાંચ્યા પછી आअच्छदि પદ નકામૂં છે.

૨૧૧ મૂળમાં पशो पशो दालअभट्टा मं तालेह। भा खु मा खु मं तालेथ। किं भणाशि । अह्माणं किंपि णश्शेहि त्ति। दक्खह दक्खह दालअभट्टा। पशो दालअभट्टा पुणो वि मं तालेह इट्टिआहि। मा खु मा खु तालेथ। तेण हि अहं पि ता-

એ ! એ ! મને મારો નહિ.
હેં ? હેં ? બાઇ ! શું કહો છો ?
'નાચ, જરા નાચ તો,'
નાચ્યું ત્યારે. જુઓ, જુઓ.
તાતા થેઇ, થનનન.
આંહ ! ઈંટે મારો છો કે ?
નાશ, 'એ લાડા ! ધોધર આવ્યા. (मा)

પોબારા ગણે છે.

मा ગાંડાના વેષમાં ઉન્માદ ભાવનું નિરૂપણ છે.

लेमि ।, એવો વચન પુરુષ વગેરેના ગોટાળાવાળો પાઠ છે; તે મેં નીચે મુજબ સુધારી લીધો છે:–**एदे दालअभट्टारा इट्टिआहि मं तालेन्ति। मा खु मा खु मं तालेध। किं भणह। अह्माणं किंपि णच्चेहि त्ति। पेक्खह दालअभट्टारा। एदे पुणो वि मं तालेन्ति। तेण हि अहं पलाएमि।**

•

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## વિષ્કંભક ૨.

સ્થળ ઉજ્જયિનીમાં રૂપલી કલાલણના પીઠા પાસેનો રાજમાર્ગ.

હાથીથાનનો રખવાળ રમ્બોજી પ્રવેશ કરે છે.

[ રમ્બોજી ]

( વનવેલી. )

વાસુબા સાહેબશ્રીની ભદ્રવતી હાથણીને
જળક્રીડાનો સમય થયો છે; ને [212]હાથણીની
ચાકરી જે કરે, તે તો છે નહિ. હું ક્યારનો એ
ખોળું છું; છતાં એ એનો પત્તો લાગતો નથી. એ
ક્યાં ગયો હશે? અરે ફુલુબા! તમે ગટિયાને

૨૧૨ મૂળમાં **वासवदत्ताए उदए कीलिदुकामाए भद्दवदीपरिचारअं** છે. એ પાઠથી, વાસવદત્તાએ જળક્રીડા ઇચ્છી ભદ્રવતી મગાવી હોય, એવો આભાસ થાય છે. શાસ્ત્રીજી વાસવદત્તાને જળક્રીડાના સ્થાને જવા ઇચ્છતી વર્ણવે છે અને ભદ્રવતીના પરિચારકની શોધમાં આવનારને કન્યાપુરનો રાજસેવક કહે છે, તે એ આભાસને લીધે છે. વાસ્તવિક રીતે રમ્બોજી ગજશાળાનો અધ્યક્ષ છે. હાથણીને પ્રાતઃસ્નાનનો સમય થયો હોવાથી તે ગટિયા ( **गात्रसेवक** ) ને શોધે છે. આવા અંતર્ગત અભિપ્રાયથી **वासवदत्ताए उदए कीलिदुकामाए भद्दवदीए परिचारअं** એવો પાઠ મેં લીધો છે.

કહીં ભાળ્યો[213]? શું કહ્યું, ભા?[214] 'રૂપલીકલાલણના પીઠામાં એ બેઠો બેઠો મદ પીએ.' ઠીક. જે, જે. પેલું રૂપલીનું પીઠું. અહીં રહીને જ એને હાક મારૂં. મારે માંહી જવાનું કારણ નથી.

[પીઠા તરફ મ્હોંથી] અરે ગટિયા! ગટિયા!

[ પડદા પાછળ ]

( વનવેલી. )

કુણુ આ મને રાજમાઆરગે 'ગઢિયાઆ! ગઢિયાઆ!' કહી હાંક માઆરે સે?

[ રખોજી ]

અહા! દારૂનો ગરાડી આવ્યો ખરો.
એણે શો ગજબ દારૂ ઠાંસ્યો છે!
લ્હેરમાં ને લ્હેરમાં એ કેવો ડોલતો હીંડે છે!
અને એ પીધેલની આ આંખો તો,
જાણે[215] એ જાસુનાં ફૂલ હોય, તેવી

૨૧૩ મૂળમાં **गत्तस्सेबअं ण पेक्खसि** । છે. અહીં નિષેધાર્થ અવ્યય અસ્થાને છે. તેને બદલે હું પ્રશ્નાર્થ **णु** વાંચું છું; જુઓ ટિપ્પણી ૨૦૫

૨૧૪ મૂળ **किण्डिल**. કલ્પિત **कण्णिआ**. શાસ્ત્રીજી સુધારી **कण्डिल** વાંચે છે; અને **कण्डिल** વિશેષણનો અર્થ **मत्त** આપે છે. પરંતુ એ અર્થમાં **कण्डिल** બોલ વપરાટમાં છે નહિ. જુઓ ટિપ્પણી ૧૯૬

૨૧૫ મૂળ **जवापुप्फं विअ रत्तलोअणो**, કલ્પિત **जवापुप्फरत्तलोअणो**.

ઘેરી લાલઘૂમ છે.

એના[૨૧૬] માર્ગમાં જ હું ઊભો રહું.

રખેવાળ માર્ગમાં ઊભો રહે છે. એવે દારૂમાં ચકચૂર ગટિયો (या) પ્રવેશ કરે છે.

[ ગટિયો ]

કયિણુ આ મને રાજમાઆરગે 'ગઢિયાઆ! ગઢિયાઆ!' કહી હાંક માઆરે સે? [૨૧૭]મીઠ્ઠડા મદની પિયાલી હાથે પીઠ્ઠડામાં મને ક્યાણ્ણી દીઠ્ઠા હોહે. અહાહાઆ! ચેવી મઝા! ચેવી મઝા!

( ગાથા. )

તીક્ષ્ણામાં[૨૧૮] ને તમતમતાંઆંઆં

---

**या** ભદ્રવતીના પરિચારકના વેષમાં કવિએ મદ નામે સંચારી ભાવનું નિરૂપણ કર્યું છે. એ મદ અહીં હાસ્ય રસને પોષે છે.

---

૨૧૬ મૂળમાં **पहस्स पुरदो ण चिट्ठिस्सं।** છે. એમાંના નિષેધાર્થ **ण**ને બદલે અવધારણાર્થ **णं** અવ્યય હું વાંચું છું. અનુસ્વારના લોપથી થયેલા **ण** ને **णं** ના ગોટાળા બાબત જુઓ ટિપ્પણી ૧૪૬, ૧૫૨, ૨૦૨.

૨૧૭ મૂળમાં **पाणागारादो णिक्कन्तो दिट्ठ म्हि। मम सुसुरेण सुरुट्ठेण अमुद्दअमल्लपण** છે. આ ગદ્ય છે. તે એના પછીના ભ્રષ્ટ પદ્ય સાથે ભળી જઈ ગોટાળામાં વધારો થયો છે. તે દૂર કરવા મેં **पाणागारे केण वि दिट्ठ म्हि सुमिट्ठसुराभरिद-मल्लपण।** પાઠ યોજ્યો છે. ગટિયાને પીઠામાં ફૂલુભાએ દારૂ પીતો દીઠો હતો.

૨૧૮ મૂળમાં **घिदमरिअलोणकूशिये मंशखण्डे मुहे**

બબબોટાં ઝીએ ભર્યાં પચરકાવ્યાંઆંઆં;
નેએ મદ રૂઉપાંબઙનાંઆં
ભભ્ભ બબકતાંઆં ગટગટાવ્યાંઆંઆં. (रा) ૧

હાઆએ ૭૪

( ગાથા. )

મમમદથી [૨૧૯]મધમધ ધન તેએએ!
લદબદ મદથીઈ બનેએલ ધનધન તેએએ!

रा સ્વભાવોક્તિ અલંકાર. ગાથાનું શુદ્ધ રૂપ નીચે પ્રમાણેઃ—
તીખાં ને તમતમતાં બોટાં ઝીએ ભર્યાં પચરકાવ્યાં;
ને મદ રૂપાંબઙનાં ભભ્ભ બબકતાં ગટગટાવ્યાં.

**पक्खित्ते । अणुसारज्ज वि पीदा अत्ताणं वण्डअज्जुआ होए ॥** છે. પાઠ બહુ ભ્રષ્ટ છે, તેમ છતાં એ અસલ તે પદ્યાત્મક હોય એમ જણાઈ આવે છે. મૂળ પ્રથમ છાપ્યું ત્યારે શાસ્ત્રીજીએ ઉત્તર ભાગ પદ્યાત્મક ગણ્યો હતો. તે પછીની સટીક આવૃત્તિમાં પૂર્વ અને ઉત્તર બંને ભાગને શાસ્ત્રીજીએ ગદ્ય લેખ્યા છે. અસલ આ ગાથા છે: ને તે હું નીચે મુજબ યોજું છું:—**घिद्मरिअलोणरसिदा मए मुहे मंसखण्डआ क्खित्ता । अण्णं सुरा वि पीदा णं अज्जाकिण्णिआगेहे ॥**. કલાલણના નામ બાબત જુઓ ટિપ્પણી ૧૬ .

૨૧૯ મૂળમાં **घण्णा सुराइ मत्ता घण्णा सुराहि अणुलित्ता । घण्णा सुराहि ण्हादा घण्णा सुराहि संअविदा ॥** પાઠ છે. આ ભાગ પણ પદ્યાત્મક જણાય છે. હું એનો ગાથારૂપે આ પ્રમાણે ઉદ્ધાર કરૂં છું:—**घण्णा सुराइ मत्ता घण्णा गत्ते सुराइ अणुलित्ता । घण्णा सुराइ ग्रत्ता घण्णा अ सुराइ संण्हविदा ॥.**

વવવધુ ધનધન મદધેંએંધટઅ !
ધન ધન, ધેએલા મદેએએ જણુ જેએએ !(**ला**) ૨

હું તાં ધ્રિંગિ હૂં સુર્ણું, જે

( ગાથા )

ધન [૨૨૦]વણુ મદનાં વલખેએએ
તલખે તપ્રના દખે ખણેએ જણ જેએએ
મમમદનાં માંઆંનશરોઓવર,
ધન તેએ ધનવાઆન ! ધન ધન તેએએ! (**वा**) ૩

**ला** સાર અલંકાર. ગાથાનું શુદ્ધ રૂપ નીચે પ્રમાણે:–

મદથી મધમધ, ધન તે ! લદબદ મદથી બનેલ, ધન ધન તે !
વધુ ધન ધન મદધેંધટ ! ધજ ધન. ધેલા મદે જણુ જે !

**वा** શ્લેષોત્થાપિત પરિસંખ્યાનો ધ્વનિ છે. તેને પ્રથમ વાકયનો કાવ્યલિંગ અલંકાર પોસે છે. ગાથાનું શુદ્ધ રૂપ નીચે પ્રમાણે:–

ધન વણુ મદનાં વલખે તલખે તીના દખે ખણે જણુ જે
મદનાં માનશરોવર, ધન તે ધનવાન ! ધન ધન તે !

૨૨૦ ઉપરની બે ગાથાની પેઠે આ ત્રીજી ગાથા પણ મૂળમાં અત્યંત ભ્રષ્ટ રૂપમાં મળી આવે છે. ઉપલબ્ધ પાઠ **अधणा अत्तणो पुत्तदाराणं कट्ठं पिट्ठं सुणन्ता जे मूढा णरा सुसमिद्धा सुरातडाअं ण जोजअन्ति ता जाणे जमलोए वा णरअं अत्थि णत्थि अ।** એ પ્રમાણે છે. પૂર્વની બે ગાથાના ભ્રષ્ટ પાઠમાં પદ્યત્વનો આભાસ થતો હતો; પરંતુ અહીં તો તે પણ નથી. છેવટનો **णरअं अत्थि** વગેરે ભાગ તો કવિતા બહારનો વધારો છે. એ ક્ષેપક ભાગ તજી દેઈ અસલ હું નીચે મુજબ ગોઠવું છું:–**अधणाण अपत्तसुराण कट्ठपुट्ठि खु मुणिअ सुसमिद्धा। जे उण सुरातडाए जोएन्ति जअन्ति ते लोए॥**

[ રખોજી ] અરે ગટિયા !

(વનવેલી.)

[221]વાસુબા સાહેબશ્રીની ભદ્રવતી હાથણીને
જળક્રીડાનો સમય થયો છે; ને તું તો મત્ત
બનેલો છે!

[ ગટિયો ]

બરાબર સેએ.

( ગાથા. )

હું તો[222] મત્ત. હાથણીઈ પણ
મમમત્ત, તમેએ મત્ત, દેએવજી હુરિયોઓએ

૨૨૧ મૂળમાં **को कालो तुमं अण्णेसामि। भट्टिदारिआए वासवदत्ताए उदए कीलिदुकामाए भद्दवदी ण दीसदि। तुमं जाव मत्तो आहिण्डदि।** છે. આમાં ભદ્રવતી ગૂમ થયાનું કહ્યું છે. પરંતુ ‘ભદ્રવતી છે નહિ’ એ વાત તો રખોજી પાછળથી ગટિયાના મ્હોંથી જાણે છે. બીજી રીતે પણ પાઠ દૂષિત છે. ટિપ્પણી ૨૧૨ વાળી યુક્તિની મદદથી મેં **को कालो भट्टिदारिआए वासवदत्ताए भद्दवदीए उदए कीडिदुकमाए। तुमं दाव मत्तो सि।** પાઠ યોજ્યો છે.

૨૨૨ અહીં પણ પદ્યનું ગદ્ય થઈ ગયું છે. ઉપલબ્ધ પાઠ **सा अ णं मत्ता सो पुरुसो वि मत्तो अहं वि मत्तो तुमं पि मत्तो सव्वं मत्तसमं होइ।** છે. પાઠાંતરની મદદ લેઈ પદ્યરચનાની જરૂરિયાત ધ્યાનમાં રાખી મેં નીચે પ્રમાણે ગાથાનો ઉદ્ધાર કર્યો છે:—

તેએ પણ મત્ત જ; હરખાઆઆ
મમમત્તોનો મેએળ હોં મળિયોઓઓ! (शा) ४

[ રબોજી ]

( વનવેલી. )

'હૌં' નં નામ જવા દે ને[223] જવાબ દેઃ—હાથીથાન
છોડી કેમ(षा) તૂં પીઠામાં પેસી દારૂ પીએ છે?

[ ગટિયો ]

આંહ! ચમ(षा)તે આંઆંમ[224]પીઉસૂં, આંઆંમ. શેના
બઅરકા પાડોસો? હૂં કાંઆંમ સે? બોઓલી દો.

शा દીપક અલંકાર. ગાથાનૂં શુદ્ધ રૂપ નીચે પ્રમાણેઃ—
હૂં મત્ત; હાથણી પણ મત્ત; તમે મત્ત; દેવજી હુરિયો
તે પણ મત્ત જઃ હરખા મત્તોનો મેળ હો મળિયો.

षा શ્લેષ અલંકાર. કેમ—(૧) શા માટે; (૨) કેવી રીતે.

---

**मत्ता अ हत्थिणी सा मत्तो सो अ पुरुसो तह अहं पि। मत्तो तुमं पि मत्तो सव्वं मत्तं समं होइ ॥**

૨૨૩ અહીં ગદ્ય પણ ઉપરના પદ્ય જેટલું જ ભ્રષ્ટ છે. ઉપલબ્ધ પાઠ **राअउले [illegible] ण णिक्कमिअ कुदो अंपिण्डदिसि ।**, કલ્પિત **राअउला णिक्कमिअ कुदो णु पीथिआअं मद्दीअ पिबसि ।**. પ્રસ્તુત અને આગામી ઉક્તિના પાઠની સંગતિ વિચારી ફેરફાર કર્યો છે.

૨૨૪ મૂળ **इदो पिबामि । पत्थ पिबामि । पदेण पिबामि । मा संरम्भेण । किं करीअदु ।**, કલ્પિત **इदो पिबामि । पदेण मा संरम्भेण । किं करीअदु ।**.

[ રખોજી ]

લવલવ[૨૨૫] છોડ અને લાવ લાવ ભદ્રવતી.

[ ગટિયો ]

લાઆવું૩ૈ. પણ લાઆચાર. મીંઇ ચહીંઇક અઆંકુહ મૂકિયેલ સેએ. (સ્સા)

[ રખોજી ]

અંકુશનું કામ શું છે ? હાથણી ગરીબ ગાય જેવી છે. જા, લેઈ આવ ભદ્રવતી.

[ ગટિયો ]

લાઆવૂંકૈ. પણ લાઆચાર. મીંઇ ચહીંઇક શણગાર મૂકિયેલ સેએ.

[ રખોજી ]

શું કામ છે શણગારનું ? [૨૨૬]પદ્મ શણગાર છે જ. ઝટ લેઈ આવ ભદ્રવતી.

[ ગટિયો ]

લાઆવૂંકૈં. પણ લાઆચાર. મીંઇ ચહીંઇક ઘંટ મૂકિયેલ સેએ.

સ્સા 'મૂકેલ' પદમાં શ્લેષ છે.

૨૨૫ મૂળ **हिज्जउ असंबद्धप्पलावो ।**, કલ્પિત **हिज्जउ** (=સં. **हीयताम्** ) **असंबद्धो पलावो ।**.

૨૨૬ મૂળ **पुप्फवन्धिआए**, કલ્પિત **प[illegible] आए.**

**पद्म** n. spot on the face of on elephant ( **मुखे पुष्यन्ति पद्मानि** ).

[ રઓજી ]

શૂં કામ છે ઘંટનૂં એ, જળક્રીડાએ જ જ્યાંત્યાં જવૂં છે ત્યાં ? લાવ ઝટ ભદ્રવતી.

[ ગટિયો ]

લાઆવૂંઊં. પણુ લાઆચાર. મીંઇ ચહીંઙક ૨૨૭રસ્સા મૂકાયેલ સેએ.

[ રઓજી ]

૨૨૮રસ્સો રહ્યો. એમ ને એમ જ, ચાલ, લેઈ આવ ભદ્રવતી. ઝટ કર.

[ ગટિયો ]

લાઆવૂંઊં. પણુ લાઆચાર.

[ રઓજી ]

'પણુ લાઆચાર' શૂં ?

[ ગટિયો ]

મીંઇ ૨૨૯

[ રઓજી ]

'મીંઇ' પછી ૨૩૦શૂં ?

---

૨૨૭ મૂળ **कसिअं आढत्तां**, કલ્પિત **कसिआ आढत्ता ।**

૨૨૮ મૂળ **कसिपण**, કલ્પિત **कसिआप.**

૨૨૯ મૂળમાં આરંભે **अक्घो** વધારે છે.

૨૩૦ મૂળ **किं तुप ।**, કલ્પિત **किं मप ।.**

[ ગટિયો ]

ભઅદ્દરવતી[૨૩૧]

[ રખોજી ]

અરે ભસી મર,
'ભઅદ્દરવતી' પછી? કેમ આમ
ગચકાઈ ગચકાઈ બોલે છે?

[ ગટિયો ]

ચહીંઇક મૂગિચેલ સેએ.

[ રખોજી ]

દરબારી[૨૩૨] હાથણી મૂકીને મહુડી પીએ છે?
ચલ[૨૩૨], ગુન્હેગાર છે તૂં. અને દરબારી માલ
રાખી દારૂ પાય છે તે [૨૩૪] કલાલણ રૂપલી એ

૨૩૧ મૂળમાં આ ઉક્તિના આરંભે **अज्जुघो** વધારે છે. ઉપરાંત ઉક્તિની પૂર્વે **गात्रसेवकः । अज्जुघो भट्ट ।** અને **भटः । किं भट्टत्ति ।** એ બે ઉક્તિ પણ વધારે છે.

૨૩૨ મૂળમાં **ण तुवं एत्थ अवरज्झो ।** છે. એમાંના નિષેધાર્થ **ण** બદલે અવધારણાર્થ **णं** અવ્યય લૂં વાંચૂં છૂં; જુઓ ટિપ્પણી ૧૪૬, ૧૫૨, ૨૦૨, ૨૧૬.

૨૩૩ મૂળમાં આ ભાગ છે નહિ. પરંતુ આના પછીના વાક્યની યોજના જોતાં એની જરૂર છે. આથી અહીં મૂળમાં મેં **जो राअवाहणं देइअ सुरं पिबसि ।** એટલો અંશ ઉમેર્યો છે. વળી આના પછીના વાક્યમાં **खु** ને બદલે સમુચ્ચયાર્થ **अ** અવ્યય મેં લીધો છે.

૨૩૪ મૂળ **किण्डिलशुण्डिगिणी**, શાસ્ત્રીજીએ સુધારેલો પાઠ

સાથે ગુન્હેગાર છે (हा).

[ ગટિયો ]

ઇંદ્રિને[૨૩૫] મીં કીદૂં સેએ જેએ મુદ્દો જાય ની.

[ રખોજી ચમકી ]

અહોહો,[૨૩૬] આ એકાએક ખળભળાટ કયાં ?

[ ગટિયો ] એએ[૨૩૭] તોઓ ભઅદૃરવતી ભાંજી પીઇંડિલાંએૈનૂં રૂપૂં નાદૂં હોહે.

[ રખોજી પડદા તરફ કાન દેઈ ] અરે શું કહે છે ?

---

हा મતિ નામે સંચારી ભાવનો ઉદય અહીં નિરૂપિત છે.

काण्डलशुण्डिगिणी, કલ્પિત પાઠ किण्णिआ शुण्डिआणी. જુઓ ટિપ્પણી ૧૬૬, ૨૧૪.

૨૩૫ મૂળ उत्ता मए किण्डिलशुण्डिगिणी । मा मूलविद्धिं विणासेहि त्ति ।, કલ્પિત उत्ता मए सा । मा मुल्लण्णासो विणस्सदु त्ति । દારૂના મૂલ બદલે હાથણી આડમાં મૂકી હતી. માટે मुल्लण्णासो પાઠ યોજ્યો છે. કલાલણના નામની પુનરુક્તિ કરવાની જરૂર નથી. સબબ सा પાઠ લીધો છે.

૨૩૬ મૂળ हं सहो विअ ।, કલ્પિત कहं सहो विअ ।. જુઓ ટિપ્પણી ૨૩. એમાં कहं ને हं ની અદલાબદલી નોંધી છે.

૨૩૭ મૂળમાં किण्डिलशुण्डिगिणीए गेहं भिन्दिअ भद्दवदी पलाअदि । છે. એ બોલી શુદ્ધિવાળાની છે. પણ વક્તા તો નિશામાં ચકચૂર છે. એ સ્થિતિને અનુરૂપ નીચે મુજબ ફેરફાર મારે કરવો પડયો છેઃ–किण्णिआशुण्डिआणीए गेहं पलाअदि भिन्दिअ भद्दवदिं । કલાલણના નામ બાબત જુઓ ટિપ્પણી ૧૬૬.

[ ૨૩૮પડદા પાછળ ]

વત્સરાજની જે !
વરી ગયાં વાસુબા ને મહારાજ, એ એ.

[ **ગટિયો** શુદ્ધિમાં આવી ]

ખમા મહારાજને! ( **कि** )

[ રખોજી ]

તને છોકટાને મહારાજની શી પડી છે ?
તું તો તારે ડાંસ દારૂ.

[ **ગટિયો** ખરૂં સ્વરૂપ પ્રકાશી ]

કોણ છોકટો ? ખબરદાર ! મ્હો સમાલી બોલો.
અમે[૨૦૪] તો અમાત્ય આર્ય યૌગંધરાયણજીના

---

**कि** 'મહારાજ' પદ વક્તા વત્સરાજને માટે વાપરે છે; રખોજી તે મહાસેન માટે સમજે છે. એથી શ્લેષ અલંકારનો ધ્વનિ અહીં ઉપજે છે.

---

૨૩૮ મૂળમાં નર્યો **वासवदत्तं** બોલ છે, તેથી આ યૌગંધરાયણના કોઇ દૂતની પડદા પાછળ ઉક્તિ છે એવું અનુમાન થાય છે. જો તે મહાસેનના માણસની ઉક્તિ હોત, તો **भट्टिदारिका** **वासवदत्तं** બોલ વાપર્યા હોત. આથી મૂળમાં **आकाशे ।** છે તે બદલ મેં **नेपथ्ये ।** નાટયસૂચિ લીધી છે; અને ઉક્તિને **आकाश** **भाषित** તરીકે પૂર્વેની ઉક્તિના પેટામાં ન મૂકતાં **चूलिका** રૂપે જુદી આપી છે.

૨૩૯ મૂળ **सहर्षम् ।**, કલ્પિત **प्रकृतिमापद्य.**

૨૪૦ મૂળમાં આ વાક્યના પૂર્વે **कस्य वा मदः ।** એટલે

દૂત છિયે, અમને તમે ન ઓળખ્યા. અરે આ ઉજ્જયિની તલપૂરે અમારાથી ખાલી નથી.

[ રખોજી નજર ફેરવી ]

અધધધ! કોટ અને દરવાજા વિના આ તો ચારે બાજુ કૌશાંબી જ તર્વરે છે (खि)! ઝટપટ જાઉં ને પ્રધાનજીને જણાવું. [ જાય છે. ]

[ ગટિયા ]

હું[241] પણ સ્વપક્ષનાને પડકારૂં. આ ધપે એ. મંત્રનું દબાણ મટી જતાં જેવા મણિધર ફૂંફાડે, તેવા જ એ આ ટાણે ગાજી ઊઠે છે. (गि) અહો રણબાંધવો! શ્રવણ કરો.

( આખ્યાનકી. )

ખાઈ બગાડે રણમાં ધણીનું,
તેને લાગ્યું છે નરકે જવાનું.

**खि** લક્ષણામૂલક ધ્વનિ.

**गि** ઉપમા અલંકાર.

ગોલ વધારે છે. તે **को मत्तः।** એ બોલથી ગતાર્થ હોવાથી મેં તજી દીધા છે. સરખાવો ટિપ્પણી ૧૪૪માં નોંધેલો ક્ષેપક ભાગ.

૨૪૧ મૂળમાં આ વાક્ય ગટિયાની ગઈ ઉક્તિને છેડે આપ્યું છે. પરંતુ એ ઉક્તિ કરતાં આ ઉક્તિ સાથે એને વિશેષ સંબંધ છે. વળી એનું સ્વાભાવિક સ્થાન પણ રખોજીના નિર્ગમની ઉક્તિ પછી છે. આથી મેં તે વાક્ય અહીં ગોઠવ્યું છે.

તે અંજળી નીરતણી ન નામે,
ન દાભની સેર, ન પિંડ પામે.(**ઘિ**) ૫

(વનવેલી.)

ઓ[૨૪૨] ઝળકયા પાગલનો વેષ તજી
યૌગંધરાયણ આર્ય સ્વસ્વરૂપે.

(માલિની.)

સુવિધ [૨૪૩]વિવિધ દાવે ઝૂઝતા એહ જંગે
શિર ધવળ સુહાવે મોળિયૂં; શ્યામ અંગે.
અસિ કર જમણે છે; હેમની ઢાલ વામે.
હિમકર ચપળાનો મેઘમાં જોગ જામે. (**ङि**) ૬

અહો! એ શો સંહાર વર્તાવે છે!

(વસંતતિલકા.)

હાથી અને હય હણે, ભડ વીર ભાંજે,
અક્ષૌહિણી દળ ઘડી દ્રયમાં જ ગાંજે.

---

**ઘિ** અપ્રસ્તુતપ્રશંસા અલંકાર. અસત્સમુચ્ચય તેનૂં અંગ છે.

**ङि** ઉપમા અલંકાર ગમ્યમાન છે.

---

૨૪૨ મૂળમાં અહીં **क्व नु खल्वार्ययौगन्धरायणः।** એટલૂં વધારે છે.

૧૪૩ મૂળમાં **विरचितबहुचीरः** પાઠ છે; તે **सहतीन्मत्तवेषः** વગેરે કહ્યા પછી અસંગત બને છે. આથી તે બદલ હૂં **विरचितबहुचारः** પાઠ લેઊં છૂં.

હા! ઘા કરે ગજ; અકારજ હાથ થાગે;
ખાંડું પડે કરથકી; હજુ તોય [244]ધાગે! (**ચિ**) ૭

(વનવેલી.)

અરે![245] એ ઝલાઈ જશે.
ધપું[246] ધમસાણમાં ને
આડો આવી ઊગારૂં.

જાય છે.

**ચિ** કારકદીપક અલંકાર. ઉત્તરાર્ધની વિશેષોક્તિ તેનું અંગ છે.

---

૨૪૪ મૂળ **अभियातः**, કલ્પિત **अभियाति**.

૨૪૫ મૂળમાં **ग्रहणमुपगतः** પાઠ છે. પરંતુ જો યૌગંધરાયણ પકડાઈ ગયો હોય, તો આડા પડીને એને બચાવી લેવાનો પ્રસંગ જ ક્યાં રહે? આથી **उपगतः** ને બદલે હું **उपगन्ता** પાઠ લેઉં છું.

૨૪૬ મૂળ **यावदहमप्यार्ययौगन्धरायणस्य प्रत्यन्तरीभविष्यामि ।**, કલ્પિત **यावदहमस्य प्रत्यन्तरीभवामि ।**. દેખીતી પુનરુક્તિ મટાડવા કાપકૂપ કરી છે.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## અંક ૪.

સ્થળ પ્રથમ ઉજ્જયિનીનો રાજમાર્ગ અને પછી દરબારગઢ.
આગળ બે સીપાઇ અને પાછળ ઢાલ ઉપર લીધેલો
યૌગંધરાયણ બાંધેલે હાથે પ્રવેશ કરે છે.

[ સીપાહઓ ]

( વનવેલી. )

હટો, હટો. બાપ! હટો.

[ સીપાહ ૧ ]

[247]અરાડી અરાડી ગળું
સોલાઈ ગયું પણ કોઈ હાંભળતું નથી. તોબા?

[ સીપાહ ]

હું ય બાંધાતું સું, તોય કોઈ કોય મારી બૂમ
કાન ધરતું જ નથી. કુંવરીબાશાહેબનું

૨૪૭ મૂળમાં **कण्ठस्स हीअमाणस्स ण उञ्च विरमदि ।** છે. તેને ઠેકાણે, આગામી ઉક્તિના આરંભવાક્ય સાથે સરખાવી, મેં **कण्ठस्स दिज्जमाणस्स ण कोचि णिसक्कमदि ।** પાઠ યોજ્યો છે. **दीयेमाण** અર્થના **दिज्जमाण**માં **हीयमाण**ના ભ્રમથી **हीअमाणस्स** અપપાઠ ઉત્પન્ન થયો છે; અને **णिसक्कमदि** પદનો આરંભનો ભાગ ખવાઈ ગયાથી **विरमदि** ઉપજ્યો છે.

હરણ થાતે [248]હાબદી એ ઊજ્જેણી ઉપરતળે થઈ રી સે.

[ સીપાઇ ૧ ]

હું સે, ભાઇ? કીના માટે ‘ હડો, હડો ’ કીજિયે સિયે ને તમે પૂસો સો? જોગંધરાણ પરધાનજી ઝલાયા સે ને, આ ઇયાંના માટે. હું કીહૂં? એ ચમ ઝલાયા તે? કું સૂં. બી ઘડી તો એકલે ઇયાંણે હામ ભેર હૂંથી અબોહણી હામે ખાંડાજંગી કરી અજબ ટક્કર લીધી. એ ટાણે વજ્જેહુંદર હાથી ચડી આયો. ઇના દંતુશળનો ઝપાટો લાગતાં ને હાથમાંનૂ ખાંડૂ ડપ દી પડી ગ્યૂં. [249]હાણે ઇયાં ઝલાયા.

[ [250]સીપાઇ ૨ ]

અહુહુહુ! કોટ અને દરવાજા વના આ તો

---

૨૪૮ મૂળ **अवणअणविक्कमद्दाए उज्जयिणीए**, કલ્પિત **अवणअणविक्कमिद्दाए उज्जइणीए.**

૨૪૯ મૂળ **आसिद्दोसेण गहीदो ण पुरुषदोसेण ।**, કલ્પિત **अह सो णं गहीदो ।** મૂળ પાઠનાં છેલ્લાં બે પદ ક્ષેપક છે; માટે તજી દીધાં છે.

૨૫૦ મૂળમાં આ ઉક્તિ પહેલા સીપાઇની કહી છે; કેમકે આના પહેલાંની બે ઉક્તિઓ એકઠી કરી બીજા સીપાઇના મુખમાં મૂકી છે. પરંતુ પ્રત ખને અનુસરીને મેં એ બે જુદી જ રાખી છે; ને

ચોમગાં એ કોહંબા જ તર્વરે સં. હંભાળજો.[૨૫૧]

[ સીપાઇઓ દરબારગઢ આવ્યે ]

અમાતજી ! ઊતરિયે. દરબારગઢ આયો.

[ યોગં० ]

ઊતરૂં છૂં.

[ ઊતરતાં સ્વગત ]

વર્તમાન સંજોગમાં દુસ્મનના
દરબારમાં પ્રવેશ કરતાં અહાહા કેવી
ટાઢક વળે છે !

( પુષ્પિતાગ્રા. )

ઉર મુજ અતિ ઉમગે, ઝલાઇ
વણુ-અસિ, જીત થતાં કરી સવાઇ;
રિપુકર ગત નાથ છોડવ્યા છે.
અરિકુંવરી ય હરી સુખી કર્યા છે. ( **છિ** ) ૧

---

**છિ** ધૃતિ સંચારી ભાવનું નિરૂપણ છે. વિષમ અલંકાર ગમ્યમાન છે.

અનુક્રમે પહેલા અને બીજા સીપાઇ વચ્ચે વ્હેંચી નાંખી છે. આ કારણથી **પ્રથમઃ** ને બદલે **દ્વિતીયઃ** વાંચી બીજા સીપાઇને પ્રસ્તુત ઉક્તિનો વક્તા ગણ્યો છે.

૨૫૧ મૂળ **हाेह तुझे ।**, કલ્પિત **हाेम ।**.

(વનવેલી.)

જે[૨૫૨] અભીષ્ટ અર્થ સિદ્ધ કરે છે; તે અર્થીને સ્વ-
દેહપાત પણ અભિનંદનીય હોય છે:
જે ગૃહસ્થ ગૃહિણીનો સમાગમ ભોગવે છે,
તેને વનવાસ પણ રમણીય હોય છે;
જે તપસ્વી કાયકષ્ટ વેઠી ધર્મ મૂલવે છે,
તેને પ્રાણત્યાગ પણ વરણીય હોય છે;
મારે મારો અંતરનો હેતુ સર્યો, તેણે કરી
મને પણ પકડાવું પૂરૂં પ્રિય સ્હોય છે. (**जि**)

૧૩

(વસંતતિલકા.)

ખેડી[૨૫૩] વિરોધ, ભગવી કુંવરી કરાવી
વિક્ષોભ, બુદ્ધિ ધૃતિ શૂરપણું જણાવી
મેં શત્રુ મિત્ર ગત કીર્તિ અકીર્તિ ફેડી
છોડાવિયા નૃપ, લહ્યો જશ, ખ્યાતિ જોડી. (**ञि**) ૨

**जि** ધૃતિ સંચારી છે. ઉપમા ગમ્યમાન છે.

**ञि** ગર્વ સંચારી છે. યથાસંખ્યપોષિત અપ્રસ્તુતપ્રશંસા અલંકાર.

૨૫૨ મૂળ **सुखं खलु निष्कलत्राणां कान्तारप्रवेशः रमणीयः खलु**૦, કલ્પિત **रमणीयः खलु सकलत्राणां कान्तारप्रवेशः सुखः खलु**૦.

૨૫૩ મૂળના પહેલા ચરણમાં **विहाय** અને ત્રીજામાં **हित्वा** પાઠ છે. તે બદલ મેં અનુક્રમે **विधाय** અને **हत्वा** કલ્પિત પાઠ યોજ્યા છે.

[ સીપાઇઓ ]

( વનવેલી. )

હઠો, ભાઇ ! હઠો, હઠો.

[ યૌગં૦ ]

અરે હઠાવશો નહિ.

એઓ મને જોવા માટે ભીંડ કરતા હશે.

( વસંતતિલકા. )

છો[૨૫૬] જોય સર્વ જન, હામ સમેત આજે
ભક્તિવતે સમરપૂં મુજ દેહ આ જે.
પ્રચ્છે અમાત્યપદ, તે કુર પોરસાજો
યા તો અયોગ્ય અભિલાષ ટળી જ જાજો.(त्रि)૩

[ સીપાઇઓ ]

( વનવેલી. )

અરે રિયો. આ ભચડાભચડી ને ધકાધકી કાંઈ કરો સો. ચાં તમે અમાત જોગંધરાણ નથે ભાળ્યા ?

---

त्रि ગર્વ સંચારી છે. કાવ્યલિંગ અલંકાર.

---

૨૫૪ મૂળના પ્રથમ ચરણમાં **नरपतेः पुरुषाः ससत्त्वाः** છે. પરંતુ અવતરણભૂત ગદ્યભાગમાં **न कोऽप्युत्सारयितव्यः ।** એવો સામાન્ય નિર્દેશ છે. **न कश्चिद्राजपुरुष उत्सारयितव्यः ।** એવું વિશેષકથન હોત, તો જુદી વાત. આથી પ્રસ્તુત શબ્દસમૂહ આત્મ-

[ યૌગં૦ ]

લોકે મને હા ૨૫૪જોએલો, પણ આ સ્વરૂપે નહિ.

( અનુષ્ટુપ. )

પૂર્વે પાગળના વેષે ઠામ ઠામ ભમંત જે,
તેને હાવાં જુએ ૨૫૫આવી વીરચર્યા ચરંત એ. (ટિ) ૪

એવે ત્રીજો સીપાઇ પ્રવેશ કરે છે.

[ સીપાઇ ૩ પસાર થતાં ]

(વનવેલી.)

પ્રધાનજી ! કહું એક સમાચાર ? તમને તે સાંભળીને દુઃખ૨૫૭ થશે. વચ્છરાજ, કહે છે, કે પકડાયા.

[ યૌગં૦ ]

હોય નહિ.

---

ટિ વિરોધપોષિત પર્યાય અલંકાર.

---

લક્ષી ગણી **नरपतेः सचिवं ससत्त्वं** એવા રૂપમાં હું વાંચું છું. અક્ષર વધતા ઓછા ખવાઈ ગયે પાઠની દુર્દશા થઈ છે. .

૨૫૫ મૂળ **दृष्टः पूर्वम्**, કલ્પિત **दृष्टपूर्वः**.

૨૫૬ મૂળ **अवगीतमिदं रूपं कर्म संप्रति दृश्यते ॥**, કલ્પિત **अविगीतमिदंरूपं कर्म संप्रति दृश्यते ॥**. અહીં **इदं. रूपम्** એક પદ છે. તે ન સમજાયાથી પાઠમાં બગાડ થયો છે.

૨૫૭ મૂળ **पिअं**, કલ્પિત **अप्पिअं**. એક સામાન્ય સીપાઇ યૌગંધરાયણ જેવા પ્રતાપવાન પ્રધાનનો ઉપહાસ કરે એ સંભવતું નથી.

( પુષ્પિતાગ્રા )

ચિર રિપુકરથી વટી અટંતાં
વન વન ભદ્રવતી બળે વધંતાં
નરપતિ અરિએ ઝલાય એ શે
ઝટપટ જોજન કાપતા નિમેષે ? (ઠિ) ૫

( વનવેલી. )

કેવી રીતે પકડાયા ?

[ સીપાઇ ૩ જતાં જતાં ]

કહે છે, નલાગિરિએ
પકડી[૨૫૮]પાડ્યા અને એ પકડાયા.

[ યૌગં૦ ]

નલાગિરિ
પકડી પાડે; મહા સમર્થ છે એ; ના નહિ જ.
પણ જેવો નલાગિરિ, તેવો તેનો ખેડનાર
હોવો જોઇયે; તે નથી એટલે એ બને નહિ.

( અનુષ્ટુપ. )

વેગ વારણનો એના ખેડનારે વધે સહી.
પણ વત્સેશ વણ એ ખેડ્યો જાયે જવે નહિ. (ડિ) ૬

ત્રીજો સીપાઇ જાય છે. અને ચોથો પ્રવેશ કરે છે.

ઠિ મતિ સંચારી ભાવનૂં નિરૂપણ છે. અનુમાન અલંકાર.

ડિ મતિ સંચારી છે. અનુમાન અલંકાર.

---

૨૫૮ મૂળ अणुमारिअ. કલ્પિત अणुसरिअ.

[ સીપાઇ ૪ ]

ચાલો[૨૫૯], ભાઇ, આયુધને કોઠે. પરધાનજી એ જોગંધરાયણજીને તહીં રાખવાનૂં ફરમાવેલૂં છે; કેમકે તાં પૂરેપૂરો જાપતો છે.

સર્વે ચાલવા માંડે છે.

[ યૌગં૦ આડું જોઈ ]

અહા, કેવૂં હાસ્યપાત્ર કહેવાય !

( માલિની. )

આણતાં[૨૬૦] એ અગ્નિ વત્સેશ હાથ
હોયે મીટે મીંચવાની ન વાત.
સોર્યાં ત્યારે તો અમાત્યો: ન જોયૂં.
પેટીનો શો જાપતો ? રત્ન ખોયૂં. (ઙ્ઘિ) ૭

[ સીપાઇ ૩ ]

( વનવેલી. )

પધારો, આ આયુધનો કોઠો પરધાનજી.

---

ઙ્ઘિ ચાપલ્ય નામે સંચારી ભાવ છે. રૂપક અને દૃષ્ટાંતનો સંકર.

૨૫૯ મૂળમાં અહીં **अय्य** વધારે છે.

૨૬૦ મૂળ **मथूद्वा**, કલ્પિત **लक्ष्वा**. અહીં ઉપમાનભૂત અગ્નિ તે મંથનસાધ્ય અરણિનો અગ્નિ છે. તે ભૂલિ સામાન્ય અગ્નિ સમજી કોઇએ **मथूद्वा** પાઠ લીધો લાગે છે.

યૌગંધરાયણ અંદર જાય છે, એટલે સીપાઇ ૪ રસ્તે પડે છે.
એવામાં સીપાઇ ૫ પ્રવેશ કરે છે.

[ સીપાઇ ૫ ]

પરમાંનજી ચાંકણે એવૂં ફરમાવે સે, કે
જોગંધરાએણજીના બંદ સૂટા કરવા.

સીપાઇ ૫ મો સંદેશો કહી વળી જાય છે; ને સીપાઇ ૧, ૨ યૌગં-
ધરાયણના હાથ છૂટા કરે છે.

[ યૌગં૦ સ્વગત ]

બંધ[૨૬૧] છૂટા કરે છે તે પરથી જણાય છે, કે
ભરત રોહક મને મળવાને આવે છે.
ભલે, ભલે એમનો મેળાપ મને ઇષ્ટ જ છે.

( શાર્દૂલવિક્રીડિત. )

ખૂંચતાં મુજ મત્તવેણ મનમાં એ ખીજવાતા[૨૬૨] હશે;
લક્ષે નિર્ણય નીતિના ન વસતાં એ મૂઝવાતા હશે;

---

૨૬૧ મૂળ **अक्षाणं मां कुरु ।** કલ્પિત **अगुणं मां कुरुते ।.** અક્ષર ભવાઈ જવાથી ખોટો પાઠ ગોઠવાયો છે.

૨૬૨ મૂળમાં પહેલા બીજા અને ચોથા ચરણમાં **रोषात्प्रमत्ताक्षरैः, तुल्याधिकारोज्झितम्** અને **द्रष्टुं** છે. તે બદલ મેં અનુક્રમે **रोषात्तु मत्ताक्षरैः, तुल्येऽधिकारे जितम्** અને **कुष्टं** પાઠ યોજ્યા છે. યૌગંધરાયણે **मत्त**નો વેષ લીધો હતો, **प्रमत्त**નો નહિ. બીજા ચરણના ઉપલબ્ધ પાઠથી સંતોષકારક અર્થ થતો નથી. ચોથા

હીણી છક્કડ લાગતાં છળબળે લૂંઠા પડ્યા એ હશે;
એથી એ જ પ્રમત્ત મલ્લ સરિખા જોઈ મને લાજશે.(णि) ૮

એવે અમાત્ય ભરત રોહક સીપાઈ ૪ સાથે પ્રવેશ કરે છે.

[ ભરત૦ ] ક્યાં છે યૌગંધરાયણ ? [ મૂઝવણથી સ્વગત ] અહા !

( માલિનિ )

મુખ[૨૬૩] સમ મુખ માંડૂ શી વિધે ઘાપ ખાઈ?
નિજ નૃપતિ નસાડી જીતિયા એ ઝલાઈ.
મુજ વિફળ ગયેલા મંત્રથી ધૂંધવાઈ
મણિધર સમ રોષે ઊછળે એ દબાઈ. ( ति) ૯

[ સીપાઈ૦ ૪ ]

( વનવેલી )

આધયુના કોઠામાં, જી, પધારિયે.
પરધાનજીની વાટ જુએ છે એ.

---

णि સ્મૃતિપોષિત ગર્વ સંચારી છે. ઉપમા અલંકાર.

ति જડતા સંચારી છે. શ્લેષપોષિત ઉપમા.

---

ચરણના ऋष्टुंનો વાક્યમાં બરાબર અન્વય થતો નથી. આથી ફેરફાર કરવા પડ્યા છે.

૨૭૩ મૂળ **अवनतकार्य**, કલ્પિત **अवनतकार्य.** ઉપમેયના **विपक्ष** વિશેષણને જવાબ આપતું આવું કંઈક ઉપમાનનું **વિશેષણ** અપેક્ષિત છે. ઉપલબ્ધ પાઠમાં **कार्य** બોલની પુનરુક્તિ છે.

[ **ભરત૦** ] ઠીક. [ સ્વગત ] અહા,

(અનુષ્ટુપ.)

મેં નીલ ગજનો ઘાટ રચી મંત્રીવટે છળ્યે
વાંછશે વાળવા દાવ મંત્રી અંતરના વળે. (**થિ**) ૧૦

બંને પરિક્રમણ કરે છે.

[ **સીપાઇ૦ ૪** કોઠામાં પ્રવેશ કરી ]

(વનવેલી)

પરધાનજી ! જોગંધરાયણજી
આ રહ્યા

[ **ભરત૦** ]

અહો યૌગંધરાયણજી !

[ **યોગં૦** ]

હો.

[ **સીપાઇ ૪** સ્વગત ]

અહાહા અમાત્યજીની વાણનો શો
રણકો છે ? એક જ અખેરના આ

**થિ** નીલગજના પ્રલોભનથી વત્સરાજને પકડવાનો ઘાટ ઘડનાર અને યુક્તિ કાર્યે હાંસુજી સાથે કૌશાંબી સંદેશો કહાવી ગર્વથી યૌગંધરાયણને છોભીલો પાડવાનું કરનાર તે બીજો કોઇ નહિ પણ અમાત્ય ભરત રોહક જ હતો, એ સંક્ષેપમાં સૂચવવા કવિએ અહીં તક લીધી છે.

ઘોરથી આખો એ કોઠો ભરાઈ રૂયો.

[ ભરત૦ ]

'આ યૌગંધરાયણ. એ યૌગંધરાયણ.' એમ
જેના [२६४]નામાક્ષર રણભૂમિમાં કાને પડ્યા 'તા
તે તમને આ હું આંખે જોઉં છું. કેવું સુભાગ્ય! (**ध्वि**)

[ યોગં૦ ]

મારૂં પણ સુભાગ્ય જ, કે આ ટાણે તમે મને
જુઓ છો[२६५].

( અનુષ્ટુપ. )

દૃષ્ટાંતે[२६६] દ્રૌણિના પાળી વીરવત કલંક મેં

---

**ध्वि** 'હું કેવો ભાગ્યશાળી કે તમારાં દર્શન થયાં!' એવો ઉપરથી અર્થ છે. પરંતુ અંદરખાનેથી 'મેં તમને કેવા કેદ કર્યા છે!' એવું માર્મિક સૂચન છે; ને પોતાના ચડિયાતાપણાનો ધ્વનિ છે. ગર્વ નામે સંચારી ભાવ નિરૂપિત છે.

---

२६४ મૂળ **अशरीराण्यक्षराणि श्रूयन्ते,** કલ્પિત **अक्षराणि श्रूयन्ते स्म.**

२६५ મૂળ **दिष्ट्या भवान् दृश्यत इति। पश्यतु माम्,** કલ્પિત **दिष्ट्या भवान् पश्यति माम्.**

२६६ મૂળ **अवजितं हत्वा,** કલ્પિત **अवजितिं हत्वा.** અપમાનનું કલંક ધોવું ( **अवजितिहरण** ) પ્રસ્તુત ઉપમામાં સમાન ધર્મ છે. પરાજય કરનારનો જીવ લેવો ( **अवजिद्वध** ) ઉપમેય અને ઉપમાનને સમાન છે નહિ. આથી ફેરફાર કર્યો છે.

ગુરુધર્ષણનું ધોયું લોહીથી ને મળ્યા તમે. (ધિ) ૧૧

[ ભરત૦ ] –

( વનવેલી. )

મસ્ત[267] હાથી વશ કરવાની તક મળી અને
તે તકથી આગળ વધીને છળ રમ્યા, તેમાં
અહાહા શા ફૂલાઓ છો !

[ યૌગં૦ ] –

[268]છળ રમ્યાનું કહો છો ?

ખરૂં, ખરૂં

( શાર્દૂલવિક્રીડિત. )

પૂર્વે[269] નીલ ગજે તમે છળ રમી વત્સેશ વાળ્યા વને,
જેથી[270]ભોંય પડી ભુજા પર શિરે સ્વામી સજ્યા બંધને.
વીણાએ[271]અવ નાગને વશ કરી પ્રદ્યોત વાળ્યા અમે,

**ધિ** 'ફૂલાઓ છો શાના ? સ્વામીને છોડાવી રાજકુમારી વાસવદત્તાનું હરણ કરી મેં તમને છક્કડ ખવરાવી છે' એવો ભાવ છે. ગર્વપોષિત ધૃતિ સંચારી છે. ઉપમા અલંકાર ગમ્યમાન છે.

૨૬૭ મૂળ **छलेनागतगजारम्भस्य**, કલ્પિત **आगतगजारम्भस्य छलेन**. ઉપલબ્ધ પાઠથી અર્થનો અનર્થ થવાનો સંભવ છે; તેથી પદોનો ક્રમ બદલ્યો છે.

૨૬૮ મૂળમાં અહીં **तत् पुनरिदानीम्** એટલા બોલ વધારે છે.

૨૬૯ મૂળ **या मा**, કલ્પિત **सा मो**.

૨૭૦ મૂળ **हि नो**, કલ્પિત **यया**.

૨૭૧ મૂળ **परिचयाद्वीणाश्रिता वञ्चना**, કલ્પિત **परिश्रिता वीणाश्रितेयं च नः**. ઉપલબ્ધ પાઠમાં **वञ्चना**ની પુનરુક્તિ છે.

[272]ચાલે ચાલ જ ચાલિયા. ત્યમ છતાં કાં દોષ દાખો તમે?(नि)૧૨

[ ભરત૦ ]

( વનવેલી. )

શિષ્યા તરીકે [273]સ્વીકારી રાજકુમારીનું અપ-
હરણ કરી ગયા, તે તસ્કરની વૃત્તિ ઠીક?

[ યૌગં૦ ]

આ તમારૂં બોલવું અજુગતું છે. મહારાજે
એ તો કર્યો [274]ગાંધર્વ વિવાહ, જેમાં અગ્નિ સાક્ષી
ન જોઇયે. પત્નીરૂપે એમને સ્વીકારીને જ
શિષ્યા તરીકે સ્વીકાર્યાં હતાં. જુઓ.

( અનુષ્ટુપ. )

જાયા ભરતવંશે જે. પ્રતાપી વત્સરાજ તે
હાથ ઝાલે નહીં ને આ કરે અકૃત કાજ કે?(पि)૧૩

---

नि અર્થાંતરન્યાસપોષિત વિભાવના અલંકાર.

पि ઉદાત્તપોષિત અર્થાપત્તિ.

---

૨૭૨ મૂળ **पूर्वं प्रस्तुतमेव यामि भवता,** કલ્પિત **पूर्व-प्रस्तुतमाचरामि भवता.**

૨૭૩ મૂળમાં અહીં **अनग्निसाक्षिकं** બોલ વધારે છે.

૨૭૪ મૂળમાં **[illegible]कः** બોલ છે નહિ, તે જરૂરનો ધારી ગત ઉક્તિમાંથી લેઈ ઉમેર્યો છે.

[ ભરત૦ ]

( વનવેલી. )

મહાસેને [૨૭૫]છૂટા કરી સત્કાર કર્યો તે આજે
વત્સરાજ ભૂલી ગયા.

[ યૌગં૦ ]

તે તો બરાબર નથી.

( વંશસ્થવિલ. )

પ્રવીણ[૨૭૬] એ પૂરણ હસ્તિવેદમાં
ગ્રહે છકેલો ગજ, એ જ ભેદમાં
નરેશ છોડ્યા અમ મૃત્યુ ટાળવા
અને અનેરો જસ આ રળાવવા. (**फि**) ૧૪

---

**फि** પૂર્વાર્ધમાં અનુમાન ગમ્યમાન છે, તે ઉત્તરાર્ધના વિશેષનું પોષણ કરે છે.

૨૭૫ મૂળ **अद्यापि**, કલ્પિત **विमुच्य**. ત્રણે અક્ષર નાશ પામ્યાથી કોઇએ વગર વિચાર્યે તે ઠેકાણે **अद्यापि** બોલ મૂક્યો જણાય છે. આગામી ઉક્તિમાં **विमुक्तः** બોલ છે; તે અહીં **विमुच्य** માગી લે છે.

૨૭૬ મૂળમાં **यवस्य चाज्ञां कुरुते नलागिरिः स शिक्षितानां वचनेषु तिष्ठति। ततो विमुक्तः स्वशरीररक्षणे** એ રીતનો પાઠ છે એમાં પૂર્વાર્ધનાં બે ચરણો લગભગ એક જ અર્થનાં હોઈ પુનરુક્તિનો ભાસ ઊપજાવે છે. ત્રીજા ચરણમાં **स्व** પાઠથી કેવો અનર્થ નીપજે છે તે શાસ્ત્રીજીએ કરેલા અર્થ ઉપરથી

[ ભરત૦ ]

( વનેવેલી. )

જો[૨૭૭] કદી નલાગિરિના ગ્રહણની ખાતર જ
વત્સરાજને છૂટા કર્યાનું તમે માનતા હો,
તો તો ફરી બંધનમાં નાંખવા જ જોઈતા 'તા.
તે તો નાંખ્યા ન હતા. ખબર છે ને ?.

[ યોગ૦ ]

નાંખત તો
ઘણા એ. શું કરે ? [૨૭૮]પ્રજા ચૂંટી ખાશે, એ ભયથી
ના નંખાયા.

[ ભરત૦ ]

પ્રતિપક્ષી કેદ પકડાય તેને,
કહો વારુ, શાસ્ત્રમાં શી સજા ફરમાવેલી છે ?

---

દીસી આવે છે. આ કારણથી મેં નીચે મુજબ પાઠ યોજ્યા છે:–
**पुरा तदाज्ञां कुरुते नलागिरिः सुशिक्षितानां धुरि यस्त तिष्ठति । अतो विमुक्तः स शरीररक्षणे.**

૨૭૭ મૂળમાં **यदि** અને **चेत्** અવ્યય અહીં એકીવખતે વાપર્યા છે. પુનરુક્તિ ટાળવામેં **चेत्** તજી દીધો છે.

૨૭૮ મૂળ **पश्यत्युपक्रोश**, કલ્પિત **प्रकृत्युपक्रोश**. અક્ષરો વધતાઓછા ખવાઈ ગયે ગોટાળા ભરેલો પાઠ ગોઠવાયો છે.

ન્યાયમાં નિપુણ છો, માટે પૂછૂં છું[૨૭૯].

[ યૌગં૦ ]

વધ.

[ ભરત૦ ]

વત્સ-
રાજ વધની સજાને પાત્ર હતા. તમારા જ
મુખનો એ ન્યાય. ત્યારે, કહો, [૨૮૦]મહાસેને કેમ
એમનો સત્કાર કર્યો ?

[ યૌગં૦ ]

તે દિવસે એઓ સપ-
ડાયા હતા, છતાં વત્સરાજે જવા દીધા હતા;
તે વિચારીને.

[ ભરત૦ ]

—અરે શી વાત ?[૨૮૧]તમે માનો છો કે
મહાસેનનો એ વાળો વાંકો કરી શકત ?

---

૨૭૯ મૂળ **ब्रवीति**, કલ્પિત **ब्रवीमि**. અક્ષરો ખવાઈ ગયે ભ્રષ્ટ પાઠ ઉત્પન્ન થયો છે.

૨૮૦ મૂળ **अस्माभिः**, કલ્પિત **महासेनेन**. આગામી ત્રણ ઉક્તિ ઉપર નજર રાખી આ ફેરફાર કર્યો છે.

૨૮૧ મૂળ **मन्यते स्वामी ।**, કલ્પિત **मन्यसे ।**. પ્રસંગ ઉપરથી જોઈ શકાશે કે સંભાવ્ય અસંભાવ્યનો તોલ કરનાર અહીં વત્સરાજ નથી, યૌગંધરાયણ છે. સબબ ટૂંકો પાઠ યોજ્યો છે.

[ યૌગં૦ ]

એ-
શક. એ તો વત્સરાજે ભલપણ બતાવ્યું.

( અનુષ્ટુપ. )

રાજા તમ જવા દીધા એમણે હાથમાં છતે;
ચડી[૨૮૨]કુંભસ્થળે કેતુ પાડવો, વસમો ન તે. (**त्रि**)૧૫

[ ભરત૦ ]

( વનવેલી. )

વારૂ, પણ કૌશાંબીના કાંગરા ફરી શી રીતે જોશો, તેનો વિચાર કર્યો છે? તમે રાજાજીનું પ્રતીફળ કરવામાં કંઇ ઊણું રાખ્યું નથી.

[ યૌગં૦ ]

હાહુહા હા ! આ શું કહો છો ? મને હસવું આવે છે.

---

**त्रि** દ્રષ્ટાંત અલંકાર.

---

૨૮૨ મૂળમાં **न ह्यनारुह्य नागेन्द्रं वैजयन्ती निपात्यते ॥** છે. અહીં હાથી ઉપર ચડ્યા વગર વાવટો પડાય કે ચડીને, એ સવાલ નથી: પરંતુ હાથી ઉપર ચડેલાએ વાવટો પાડી શકાય કે નહિ, તે વિશે પ્રશ્ન છે. આથી મેં **न समारुह्य नागेन्द्रं वैजयन्ती न पात्यते ॥** એવો પાઠ યોજ્યો છે. અક્ષર ખવાઈ ગયે ભ્રષ્ટ પાઠ ગોઠવાયો છે.

( અનુષ્ટુપ. )

તમારા દેખતાં સ્વામી ગયા–વીણો ન વેવલાં–
ઊપાડયૂં ઝાડ જડ શૂં ; પૂછો છો શૂં પછીભલા?(**ભિ**)૧૬

એવે સોનાની ઝારી સાથે કંચુકી બાદરાયણ પ્રવેશ કરે છે.

[ બાદ૦ ]

( વનવેલી. )

જય, જય, પ્રધાનજી. [ કાનમાં કંઇ કહે છે. ]

[ ભરત૦ ]

કંચુકીજી ! મોટેથી એઓને કહો,

[ મહા૦ ]

પ્રધાનજી![૨૮૩] મહાસેન શ્રીમુખથી કહે છે, કે

( અનુષ્ટુપ. )

ઘાણુ[૨૮૪] વાળ્યો તમે જોકે દાવે અદ્દભુત, હૂં ગુણે

---

**ભિ** દૃષ્ટાંત. રાજા અને મંત્રીમાં વૃક્ષ અને શાખાનો ઉપચાર કર્યો છે, તેથી સ્હેજે મંત્રીના વિમોક્ષનો ધ્વનિ પ્રગટે છે. તેને જ પગલે યૌગંધરાયણના સત્કાર અર્થે કંચુકી બાદરાયણનો પ્રવેશ છે.

૨૮૩ મૂળમાં આ ગદ્યભાગ છે નહિ. તે જરૂરનો હોવાથી **भो महासेनः समाज्ञापयति ।** એ ખૂટતા બોલો મેં ઊમેર્યા છે. શાસ્ત્રીજી પણ ' **महासेन आह** ' **इत्यपेक्षितम् ।** એમ લખે છે.

૨૮૪ મૂળ **नापकृतं**, કલ્પિત **नोऽपकृतं**. ત્રીજા ચરણનો ભાવ આ ફેરફાર માગી લે છે.

બીજું; ખોજું ન. આ તેની પૂજા ગ્રહણ કીજિયે. (मि)૧૭

[ યૌગં૦ સ્વગત ] અહા !

( વંશસ્થવિલ. )

ન લાક્ષ ઓલાય અમાત્યનાં ઉરે
અને લગાડેલ પુરે, તદંતરે
વિનાશ સાટે મમ માનપાન શાં ?
ઘટે ગુન્હાને વધનાં વધામણાં. (यि) ૧૮

[ પડદા પાછળ ] ઓ બા ! ઓ બા ! અરેરે, ઓ બાસાહેબ[૨૮૫] !

[ ભરત૦ ] અરે !

( અનુષ્ટુપ. )

સહસા મ્હેલની ટોચે, બાજની પાંખ લાગતાં
ટીટોડી ટટળતીના નાદ શું કલપાંત કાં ? (यि) ૧૮

( વનવેલી. )

આર્ય ! જુઓ, જુઓ, શું છે ?

[ બાદ૦ ]

જોઉં:

---

मि કાવ્યલિંગ અલંકાર. યૌગંધરાયણના સત્કારમાં જમાઇ તરીકે વત્સરાજના સ્વીકારનો ધ્વનિ સમાયો છે.

यि વિષમ અલંકારનો ધ્વનિ છે. તેનું પૂર્વાર્ધની ઉપમાપોષિત અતિશયોક્તિ અંગ છે.

रि ત્રાસ સંચારી ભાવનું નિરૂપણ છે. ઉપમા અલંકાર

---

૨૮૫ મૂળ **नेपथ्ये हाहाकारः क्रियते ।**, કલ્પિત **नेपथ्ये । हा हा भट्टिणी ।**

[ જઈ પાછો આવી ]

એ તો મહા સંતાપનાં માર્યાં મહા-
રાણીશ્રી અંગારવતી મ્હેલની અ-
ગાસીએથી ઝંપપાત કરતાં 'તાં,
તેને લીધે રણવાસે કાગારોળ
મચ્યો હતો. પણ મહારાજે આવી
રાણીજીને વાર્યાં અને સાંતવન
કરી સમજાવી કહ્યું:–'અરે! તમે
ઝંપાપાત શાને માટે કરો છો?
ક્ષાત્ર ધર્મ પ્રમાણે જ આ વિવાહ
થયેલો છે. એમાં રાજી થવાનું છે.
ચાલો, ત્યારે, આપણે આ વાસુબાને
વત્સરાજનાં લગન ચિત્રપટે
ઊજવિયે.' આર્ય! ચિત્રપટના એ
લગનનો મહોત્સવ મચવા એ
માંડચો. જુઓ.

( અનુષ્ટુપ. )

લાજા લેઈ વધાવંતી ગાવંતી રણવાસની
હરખે નિરખે અશ્રુભીને નેને સુવાસિની. (लि) ૨૦

लि સ્વભાવોક્તિ.

૨૮૬ મૂળ **मोक्तुकामा महासेनेनाभिहिता ।**, કલ્પિત **मोक्तुकामासीत् । ततः स्त्रीजनेन हाहाकारोऽक्रियत । परं देवी महासेनेनाभिहिता ।**.

૨૮૭ મૂળ **संतप्यसे**, કલ્પિત **संपत्यते**. રાણી માત્ર સંતાપ જ નથી કરતી, મહેલની ટોચથી પડતૂ મૂકી આપઘાત કરે છે.

૨૮૮ મૂળ **उद्दिष्टः**, કલ્પિત **दिष्टः** ( fixed settlid ).

[ યૌગં૦ ]

( વનવેલી. )

અહો ! આ વિવાહ ત્યારે
રાજાજીને અભિમત છે !
લાવો, ત્યારે, એ સત્કાર
મારે પણ શિરોમાન્ય છે.

[ બાદ૦ ]

લીજિયે, પ્રધાનજી !

બાદરાયણ યૌગંધરાયણને સોનાની ઝારી આપે છે.

[ ભરત૦ ]

યૌગંધરાયણજી,
મહાસેન શું વિશેષ
પ્રિય કરે ?

[ યૌગં૦ ]

બસ, મહા-
સેન જે પ્રસન્ન તે જ
પ્રિયમાં એ પ્રિય. એથી
શું વિશેષ હોઈ શકે ?
આપણે એ ચાલો ત્યારે
વિવાહમહોત્સવમાં.

સર્વે જાય છે.

---

ત્રિ સમાપનાની સરળતા સારૂ છેલ્લૂં વાક્ય ઊમેર્યું છે.

---

૨૮૦ મૂળ उपहरति, કલ્પિત उपहरतु.

# પ્રધાનની પ્રતિજ્ઞા.

## સમાપના.

સ્થળ પાટલિપુત્રના રાજમહેલની નાટકશાળા.

નાટક થઈ રહ્યા પછી સૂત્રધાર પ્રવેશ કરે છે.

[ ૨૯૧**સૂત્ર૦** ] જય હો દેવનો ! શ્રીમાન નરદેવનો જય હો !

(અનુષ્ટુપ.)

અરિના અશ્વદળની આંધી આભે છવાય છે,
રજે જે મલિને ધેનુ મૈયા અવ ધ્રુવાય છે. ૧
ધૂળકોટ ટળો તે; તે પરચક્ર શમો; અને
રાજાજી સિંહ શા શૂરા વર્તાવો આણ ભૂતળે !(**શિ**) ૪

જાય છે.

---

**શિ** પહેલી ત્રણ પંક્તિમાં પરચક્રની અનિષ્ટ સંપત્તિ વર્ણવી છે, તેથી ઉદાત્ત અલંકાર બને છે; અને ચોથી પંક્તિમાં ઉપમાપોષિત પરિકર છે.

---

૨૯૧ મૂળમાં વક્તાના વિશિષ્ટ નિર્દેશને બદલે સામાન્ય **भरतवाक्यम्** । બોલ છે. પરંતુ **दूतघटोत्कच** નાટકના મંગળાચરણના શ્લોકમાં સૃષ્ટિ વિસ્તારનાર અને સમેટનાર નારાયણ ભગવાનમાં નાટકના પ્રસ્તાવક અને પ્રતિસમાપક સૂત્રધારનો આરોપ કર્યો છે, તે ઉપરથી સમજાય છે કે ભાસના સમયમાં પ્રસ્તાવનાની પેઠે સમાપના પણ સૂત્રધાર કરતો હતો. આથી મેં સમાપના છૂટી પાડી આશીર્વચન સૂત્રધારના મુખમાં મૂક્યું છે.